અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૩ મે ૨૦૨૫, શનિવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ સુદ ૬ | અંક : ૩૦૦ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


**રાફેલ અને મિરાજનું શક્તિપ્રદર્શન** | ૩.૫ કિમી લાંબી એરસ્ટ્રિપ પર ફાઈટર વિમાનોની લેન્ડિંગ અને ટેકઓફ પ્રેક્ટિસ

# રનવે નહીં એક્સપ્રેસવે પર ઉતર્યા ભારતના લડાકૂ વિમાન

| (એજન્સી) શાહજહાંપુર, તા.૨ |

ભારત-પાકિસ્તાન સરહદપર તણાવ વચ્ચે બધાની નજર ઉત્તર પ્રદેશના શાહજહાંપુર પર છે. જ્યાં ગંગા એક્સપ્રેસ વે પર બનલી એરસ્ટ્રિપ પર ઈન્ડિયન એરફોર્સના ફાઈટર વિમાનોએ લેન્ડિંગનો અભ્યાસ શરૂ કર્યો. આકાશમાં મિરાજ, રાફેલ, સુખોઈ અને જગુઆર જેવા ફાઈટર વિમાનોની ગર્જનાથી દુશ્મન દેશ ધ્રુજી ઉઠ્યા છે.

હાલ એરફોર્સ ગંગા એક્સપ્રેસ વે પર પોતાનો દમ દેખાડી રહી છે. ૩.૫ કિમી લાંબી એરસ્ટ્રિપ પર ફાઈટર વિમાનો લેન્ડિંગ અને ટેકઓફની પ્રેક્ટિસ કરી રહ્યા છે. જો યુદ્ધ જેવી ઈમરજન્સી સ્થિતિ બને તો આ એક્સપ્રેસ વેની પટ્ટીને વૈકલ્પિક એરપોર્ટ તરીકે ઉપયોગમાં લઈ શકાય છે.

અત્રે જણાવવાનું કે ગંગા એક્સપ્રેસ વે યુપીનો ચોથો એવો એક્સપ્રેસ વે છે જેમાં એરસ્ટ્રિપ છે. જો કે તે રાતે લેન્ડિંગની ક્ષમતાવાળો દેશો દેશનો સર્વપ્રથમ એક્સપ્રેસ વે છે. દેશમાં પહેલીવાર કોઈ હાઈવે પર દિવસની સાથે નાઈટ લેન્ડિંગ ટ્રાયલ પણ થશે. આ એક્સપ્રેસ વે ૩૬,૨૩૦ કરોડ રૂપિયાના ખર્ચે બની રહ્યો છે. તે ૫૯૪ કિલોમીટર લાંબો છે. જે મેરઠથી પ્રયાગરાજ સુધી બની રહ્યો છે. તાજેતરમાં સીએમ યોગીએ તેનું નિરીક્ષણ કર્યું હતું. તેનું ૮૦ ટકા કામ પૂરું થઈ ચૂક્યું છે.

એરફોર્સ ગંગા એક્સપ્રેસ વે પર રાફેલ, સુખોઈ, જગુઆર ફાઈટર વિમાનોની સાથે ઉડાણ અને લેન્ડિંગનો અભ્યાસ કરીને દુશ્મનોને કડક સંદેશો આપી રહી છે. બીજી બાજુ નેવી પણ અરબ સાગરમાં



જહાજો સાથે અભ્યાસ કરી રહી છે. જ્યારે આર્મી આતંકીઓને વીણી વીણીને ખાતમો કરવામાં લાગી છે. આ દેશની પહેલી એવી એરસ્ટ્રિપ છે જ્યાં વાયુસેનાના ફાઈટર વિમાનો દિવસે અને રાતે લેન્ડિંગ કરી શકશે. અધિકારીઓના જણાવ્યાં મુજબ ફાઈટર વિમાનો અહીં પૂર્વાભ્યાસ પણ કરી શકશે. સુરક્ષાના દ્રષ્ટિકોણથી હવાઈ પટ્ટીની બંને બાજુએ લગભગ ૨૫૦ સીસીટીવી કેમેરા લગાવવામાં આવ્યા છે.

તેમણે જણાવ્યું કે અભ્યાસને જોતા ભારતીય વાયુસેનાએ એરસ્ટ્રિપને પોતાના અધિકાર ક્ષેત્રમાં લીધુ છે. જિલ્લા પ્રશાસન પાસેથી મળતી માહિતી મુજબ આ અભ્યાસનું આયોજન દિવસ અને રાત બંને સમયે કરાશે. જેથી કરીને એરસ્ટ્રિપ પર રાતે વિમાન ઉતારવાની ક્ષમતાનું પણ પરીક્ષણ થઈ શકે. શો દરમિયાન ફાઈટર વિમાન પરીક્ષણ તરીકે એરસ્ટ્રિપ પર એક મીટરની ઊંચાઈથી ઉડાણ ભરશે અને ત્યારબાદ આ વિમાન એરસ્ટ્રિપ પર ઉતરશે અને ફરીથી ઉડાણ ભરશે. તેમના જણાવ્યાં મુજબ ત્યારબાદ સાંજે ૭ વાગ્યાથી રાતે ૧૦ વાગ્યા સુધી ફરીથી આ અભ્યાસ કરાશે અને બધા ફાઈટર વિમાનો બરેલી સ્થિત વાયુસેના સ્ટેશન પાછા આવશે.

**અભ્યાસમાં ભાગ લેનારા ટોચના ફાઈટર જેટ**

૧. રાફેલઃ આધુનિક ઈલેક્ટ્રોનિક યુદ્ધ પ્રણાલીઓ અને લાંબા અંતરની મિસાઈલથી સજ્જ, આ વિમાન દરેક હવામાનમાં કામગીરી કરવા સક્ષમ.

૨. SU-30 MKI: ભારત અને રશિયા દ્વારા સંયુક્ત રીતે વિકસિત, આ ટ્વીન-સીટર ફાઈટર લાંબા અંતરના પ્રહાર કરવા સક્ષમ છે અને બ્રહ્મોસ જેવી મિસાઈલો ઉડાડી શકે છે.

૩. મિરાજ-૨૦૦૦: આ ફ્રેન્ચ મૂળનું વિમાન હાઈ-સ્પીડ ડીપ સ્ટ્રાઈક કરવા અને પરમાણુ સક્ષમ છે.

૪. મિગ-૨૯: તે એક ફાઈટર એરક્રાફ્ટ છે જેમાં હાઈ સ્પીડ, હાઈ ફ્લાઈટ અને રડારથી બચવાની ક્ષમતા છે.

૫. જેગુઆરઃ તે એક ચોકસાઈથી હુમલો કરતું લડાકૂ વિમાન છે જેનો ઉપયોગ જમીન પર હુમલો અને જહાજ વિરોધી મિશનમાં થાય છે.

૬. C-130J સુપર હર્ક્યુલસઃ આ ભારે ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ વિશેષ દળોની તૈનાતી, આપત્તિ રાહત અને બચાવ મિશનમાં મુખ્ય ભૂમિકા ભજવે છે.

૭. AN-32: ઊંચાઈવાળા વિસ્તારોમાં માલસામાન અને સૈનિકોના પરિવહન માટે યોગ્ય ટ્રાન્સપોર્ટ જેટ.

૮. MI-17 V5 હેલિકોપ્ટરઃ શોધ અને બચાવ, તબીબી સ્થળાંતર અને સહાય કામગીરી માટે જરૂરી બહુહેતુક હેલિકોપ્ટર.

## આજથી ખૂલ્યા બાબા કેદારનાથ ધામના કપાટ



| કેદારનાથ, તા.૨ |

ઉત્તરાખંડમાં આજથી બાબા કેદારનાથ ધામના કપાટ ખૂલી ગયા છે. કપાટ સવારે ૭ વાગ્યાથી સંપૂર્ણ વિધિ વિધાનથી ખોલવામાં આવ્યા છે. તે દરમિયાન મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી પણ હાજર રહ્યા. આ અવસર પર ભારતીય સેનાની ગઢવાલ રાઈફલ્સના બેંડે ભક્તિ ધૂન વગાડવામાં આવી. સાથે ભક્તો પર હેલિકોપ્ટરથી ફૂલોનો વરસાદ (પુષ્પ વર્ષા) પણ કરવામાં આવ્યો. કેદારનાથ ધામના કપાટ ખુલ્યા બાદ ત્યાં સાંસ્કૃતિક કાર્યક્રમ ચાલી રહ્યા છે, જેમાં પુષ્કર સિંહ ધામી પણ હાજર છે.

## પાકિસ્તાનના આર્મી ચીફે જેલમાં બંધ ઇમરાન ખાન પાસે માંગી મદદ

| ઈસ્લામાબાદ, તા.૨ |

પાકિસ્તાનની હાલની પરિસ્થિતિ રાજકીય સમીકરણોમાં નાટકીય પરિવર્તન તરફ ઈશારો કરી રહી છે. પહેલગામ આતંકવાદી હુમલા અને સંભવિત લશ્કરી પ્રતિક્રિયા બાદ ભારત સાથે વધતા તણાવ વચ્ચે, પાકિસ્તાની સેના પ્રમુખ અસીમ મુનીર અને વડા પ્રધાન શાહબાઝ શરીફે જેલમાં બંધ ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાન પાસે મદદ માંગી છે.

## પાકિસ્તાને જમ્મુ-કાશ્મીરના ૩ વિસ્તારોમાં કર્યું આડેધડ ફાયરિંગ

| (એજન્સી) જમ્મુ, તા.૨ |

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ નિયંત્રણ રેખા (LoC) પર તણાવ વધી ગયો છે. પાકિસ્તાન વારંવાર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કરી રહ્યું છે. પાકિસ્તાને સતત આઠમા દિવસે નિયંત્રણ રેખા (LoC) પર યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું છે. ૦૧ અને ૦૨ મેની રાત્રે પાકિસ્તાની સેનાએ જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશના કુપવાડા, બારામુલ્લા, પૂંછ, નૌશેરા અને અખનૂર વિસ્તારોમાં નિયંત્રણ રેખા પારની ચોકીઓ પરથી નાના હથિયારોથી કોઈ ઉશ્કેરણી વિના ગોળીબાર શરૂ કર્યો.

**૮૮૦૦ કરોડના ખર્ચે તૈયાર થયું વિઝિંજમ પોર્ટ**

# કેરળના વિઝિંજમ આંતરરાષ્ટ્રીય પોર્ટનું નરેન્દ્ર મોદીએ ઉદ્ઘાટન કર્યું

**મંચ પર વિજયન અને થરૂર બંને બેઠા છે, આજે ઘણાંને ઊંઘ નહીં આવે : વડાપ્રધાન મોદીનું નિવેદન**




| (એજન્સી) થિરૂવનંતપૂરમ્, તા.૨ |

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ બીજી મેના રોજ કેરળના વિઝિંજમ આંતરરાષ્ટ્રીય પોર્ટનું ઉદ્ઘાટન કર્યું છે. આ કાર્યક્રમમાં મંચ પર શશી થરૂર અને કેરળના મુખ્યમંત્રી પિનારાઈ વિજયન પણ હાજર હતા. આ મુદ્દે પણ વડાપ્રધાને વિપક્ષ પર કટાક્ષ કર્યો હતો. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, અહીં મુખ્યમંત્રી વિજયન પણ બેઠા છે, તે તો INDIA ગઠબંધનનો મજબૂત સ્તંભ છે. શશી થરૂર પણ બેઠા છે. આજનો આ કાર્યક્રમ અનેક લોકોની ઊંઘ ઉડાડી દેશે. જ્યાં આ મેસેજ જવાનો હતો, ત્યાં પહોંચી ગયો છે.

આ દરમિયાન વડાપ્રધાન મોદીએ આદિ શંકરાચાર્ય વિશે વાત કરતાં કહ્યું કે, આજે ભગવાન આદિ શંકરાચાર્યજીની જયંતિ છે. ત્રણ વર્ષ પૂર્વે સપ્ટેમ્બરમાં મને તેમની જન્મભૂમિમાં જવાનું સૌભાગ્ય મળ્યું હતું. કેરળથી નીકળી દેશના ચારે ખૂણામાં મઠની સ્થાપના કરી આદિ શંકરાચાર્યે જ રાષ્ટ્રની ચેતનાને જાગૃત કરી છે. હું તેમને નમન કરું છું. વિઝિંજમ પોર્ટ આશરે રૂ. ૮૮૦૦ કરોડના ખર્ચે તૈયાર થયું છે. તેની ટ્રાન્સશિપમેન્ટ હબ ક્ષમતા આગામી સમયમાં ત્રણ ગણી વધશે. તેને મોટા કાર્ગો જહાજને ધ્યાનમાં લઈને બનાવવામાં આવ્યું છે. અત્યારસુધી ભારતની ૭૫ ટકા ટ્રાન્સશિપમેન્ટ ગતિવિધિઓ પોર્ટ પરથી થતી હતી. જેના પરિણામરૂપે દેશને મોટું નુકસાન થતુ હતું. પરંતુ હવે સ્થિતિ બદલાઈ છે. પહેલાં વિદેશોમાં ખર્ચાતું ધન હવે સ્થાનિક વિકાસમાં ઉપયોગમાં લેવાશે. જેનાથી વિઝિંજમ અને કેરળના લોકો માટે નવી આર્થિક તકોનું સર્જન થશે.

**નેશનલ હેરાલ્ડ કેસ મામલે કોર્ટમાં હાજર રહેવા નોટિસ**

# રાહુલ અને સોનિયા ગાંધીને કોર્ટમાં હાજર રહેવા નોટિસ

**રાઉઝ એવન્યુ કોર્ટે ED ચાર્જશીટ પર ધ્યાન આપ્યું અને સુનાવણી માટે નોટિસ જાહેર કરી છે**

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨ |

નેશનલ હેરાલ્ડ કેસમાં રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીની મુશ્કેલીઓ વધી ગઈ છે. રાઉઝ એવન્યુ કોર્ટે નેશનલ હેરાલ્ડ કેસ સંબંધિત PMLA કેસમાં ઈડીની ચાર્જશીટ પર ધ્યાન આપ્યું છે. કોર્ટે EDની ચાર્જશીટ સંબંધિત કેસની સુનાવણી માટે આરોપી સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્ય લોકોને નોટિસ જાહેર કરી છે. આ કેસમાં આગામી સુનાવણીની તારીખે, સોનિયા ગાંધી, રાહુલ ગાંધી અને અન્ય આરોપીઓએ કોર્ટમાં હાજર રહેવું પડશે. રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને જે કેસમાં કોર્ટમાં હાજર રહેવાની નોટિસ



મળી છે, તે નેશનલ હેરાલ્ડ અખબાર અને તેની મૂળ કંપની AJL એટલે કે એસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ સાથે સંબંધિત નાણાકીય ગેરરીતિઓ પર કેન્દ્રિત છે. આમાં રાહુલ ગાંધી અને સોનિયા ગાંધીને આરોપી બનાવવામાં આવ્યા છે. આ અગાઉ, રાઉઝ એવન્યુ કોર્ટે ૨૫ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ ED ચાર્જશીટની સુનાવણી કરી હતી, પરંતુ દસ્તાવેજોના અભાવે નોટિસ જાહેર કરી ન હતી. ઈડી એટલે કે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટે ૯ એપ્રિલ ૨૦૨૫ ના રોજ નેશનલ હેરાલ્ડ કેસમાં પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટ (PMLA) ની કલમ ૩ અને ૪ હેઠળ ચાર્જશીટ દાખલ કરી હતી. આમાં સોનિયા ગાંધીને આરોપી નંબર ૧ અને રાહુલ ગાંધીને આરોપી નંબર ૨ બનાવવામાં આવ્યા છે. અન્ય આરોપીઓમાં કોંગ્રેસના નેતાઓ સેમ પિત્રોડા અને સુમન દુબેનો સમાવેશ થાય છે. કોર્ટે EDને વધુ દસ્તાવેજો રજૂ કરવા કહ્યું હતું. આ પછી આ નોટિસ જાહેર કરવામાં આવી હતી. ચાલો જાણીએ કે, આ આખો મામલો શું છે.

**મહત્ત્વપૂર્ણ ખનિજોના બદલામાં અમેરિકા યુક્રેનના પુનઃનિર્માણ, સુરક્ષામાં મદદ કરશે**

# યુક્રેન અને અમેરિકાએ આખરે ખનીજ કરાર પર હસ્તાક્ષર કર્યા

| (એજન્સી) કીવ, તા.૨ |

ઘણા મહિનાઓ સુધી તંગ વાટાઘાટો પછી અમેરિકા અને યુક્રેન વચ્ચે ખનીજ કરાર પર હસ્તાક્ષર થયા છે. આ સમજૂતી હેઠળ વોશિંગ્ટનને મહત્વપૂર્ણ ખનિજો અને અન્ય કુદરતી સંસાધનોનો ખજાનો મળશે. બીજી તરફ કિવને રશિયા સામે તેના રક્ષણ માટે લાંબા ગાળા સુધી અમેરિકાનું સમર્થન મળશે. આ કરારની વિગતો હજુ જાહેર કરાઈ નથી, પરંતુ આર્થિક મંત્રાલય અને વડાપ્રધાન કાર્યાલયે કેટલીક વિગતો આપી હતી. આ કરાર માટે યુક્રેનની સંસદની મંજૂરી જરૂરી છે. કરાર હેઠળ યુક્રેન માટે રિકન્સ્ટ્રક્શન



ફંડની રચના કરશે. તેનાથી યુક્રેને ભવિષ્યમાં લશ્કરી મદદ મળવાની પણ આશા છે. અગાઉ વ્હાઈટ હાઉસમાં એક બેઠક દરમિયાન અમેરિકાના પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પ અને યુક્રેનના પ્રેસિડન્ટ વોલોડીમીર ઝેલેન્સ્કી વચ્ચે ઉગ્ર ચર્ચાને કારણ આ કરારમાં વિલંબ થયો હતો. યુક્રેનના અર્થતંત્ર પ્રધાન યુલિયા સ્વિરીડેન્કોએ ફેસબૂક પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે આ કરાર બંને દેશો માટે પરસ્પર ફાયદાકારક છે. આ કરારમાં અમેરિકાએ યુક્રેનમાં લાંબા ગાળાની શાંતિને પ્રોત્સાહન આપવાની તેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. તેમાં પરમાણુ શસ્ત્રાગારનો ત્યાગ કરીને વૈશ્વિક સુરક્ષામાં યુક્રેને જે યોગદાન આપ્યું છે તેની પણ નોંધ લેવાઈ છે. અમેરિકાના નાણાપ્રધાન સ્કોટ બેસેન્ટે જણાવ્યું હતું કે આ કરાર રશિયાને સ્પષ્ટ પણે સંકેત આપે છે કે ટ્રમ્પ વહીવટીતંત્ર લાંબા ગાળ માટે મુક્ત, સાર્વભૌમ અને સમૃદ્ધ યુક્રેન પર કેન્દ્રિત શાંતિ પ્રક્રિયા માટે પ્રતિબદ્ધ છે.

## અમે જ આતંકવાદીઓને ઉછેર્યા, આ કોઈ સીક્રેટ નથી : બિલાવલ ભુટ્ટો

| ઈસ્લામાબાદ, તા.૨ |

દુનિયા સામે પાકિસ્તાન ભલે પોતાને પાક બતાવવાનો પ્રયાસ કરે, પરંતુ પહેલગામ હુમલા પછી તેનું સત્ય ખુલ્લેઆમ બહાર આવી ગયું છે. પાકિસ્તાનના રાજકારણના બે મોટા ચહેરાઓએ આ વાત સ્વીકારી છે. બિલાવલ ભુટ્ટો અને રક્ષા મંત્રી ખ્વાજા આસિફે પોતે આતંકવાદ અંગે દેશના કાળા સત્યનો પર્દાફાશ કર્યો છે. બિલાવલે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, આ કોઈ રહસ્ય નથી કે પાકિસ્તાનનો ભૂતકાળ આતંકવાદી સંગઠનો સાથે સંકળાયેલો રહ્યો છે.

**SOGની ટીમે આરોપીનો મોબાઈલ કબજે કરીને વધુની કાર્યવાહી હાથ ધરી**

# અમરેલીના મદરેસામાં મૌલાનાનું પાકિસ્તાન કનેક્શન ખુલ્યું

| (એજન્સી) અમરેલી, તા.૨ |

પહલગામ હુમલા પછી ભારત અને પાકીસ્તાન વચ્ચે ઘણો તણાવ ચાલી રહ્યો છે. તો એવામાં પાકિસ્તાની નાગરિકો ને ભારતમાંથી પાકિસ્તાન ડિપોર્ટ કરાઈ રહ્યા છે. આતંકી ગતિવિધિઓમાં શામેલ લોકોની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. ત્યારે અમરેલીના એક મદરેસામાં એક મૌલાનાનું પાકિસ્તાન કનેક્શન મળ્યું છે. જે મામલે ધારી પોલીસ સ્ટેશનમાં જાણવાજોગ નોંધ કરવામાં આવી છે. અમરેલીમાં આવેલી મદરેસાના મૌલાનાની શંકાસ્પદ ગતિવિધિઓની પોલીસ દ્વારા હાલ તપાસ હાથ ધરવામાં



આવી રહી છે. ધારીના હિમખીમડાપરામાં આવેલ મદરેસામાં મૌલાનાના પાકિસ્તાન કનેક્શન અંગે પોલીસે કાર્યવાહી આદરી છે. તો પોલીસ તપાસમાં મૌલાના મોહમદફઝલ શેખના મૂળ રહેઠાણના પુરાવાઓ મળ્યા નથી. પોલીસે તપાસમાં જાણ્યું કે, આરોપી મૌલાનાના મોબાઈલમાંથી ૨ સોશિયલ મીડિયા ગ્રુપ મળી આવ્યા છે.

**IMF સામે હાથ ફેલાવ્યા, ભારતનો વિરોધ**

# યુદ્ધના ભણકારા વચ્ચે પાક.ને નાણાંની જરૂર પડી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨ |

પહલગામ હુમલા બાદ આતંકીઓને છાવરનાર પાકિસ્તાન ચારેકોરથી ફસાઈ ગયું છે. એકતરફ તેને ભારત સામે યુદ્ધનો ડર સતાવી રહ્યો છે, તો બીજીતરફ તે આર્થિક તંગી સામે પણ જજુમી રહ્યો છે. યુદ્ધના ભણકારા વચ્ચે પાકિસ્તાનને નાણાંની જરૂર પડી છે, જેના કારણે તે લોન માટે તુરંત આંતરરાષ્ટ્રીય નાણાકીય ભંડોળ (IMF) પાસે પહોંચી ગયું છે. આતંકી હુમલા બાદ ભારતે પાકિસ્તાન પર અનેક કડક પ્રતિબંધો લાદી તેને મુશ્કેલીમાં તો મુકી જ દીધું છે. આ સાથે ભારતે તેને લોનનો ફટકો આપવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે. વાસ્તવમાં ૯ મેના રોજ આઈએમએફના કાર્યકારી બોર્ડની બેઠક યોજાવાની છે. આ દરમિયાન જળવાયુ પરિવર્તનને અટકાવવાના મુદ્દા પર ચર્ચા વિચારણા થવાની સાથે પાકિસ્તાનને ૧.૩ અબજ ડૉલરની લોન આપવાના કરાર અંગે સમીક્ષા થવાની છે. જો પાકિસ્તાન આઈએમએફને મનાવી લેશે તો ૭ બિલિયન ડૉલરના બેલઆઉટ પેકેજ પર મહોર વાગી શકે છે, પરંતુ પાકિસ્તાન માટે વધુ એક મુશ્કેલી ભારતે ઉભી છે. ભારતે આઈએમએફને ખાસ અપીલ કરીને પાકિસ્તાન માટેની લોનની સમીક્ષા કરવા કહ્યું છે.

**વીજળી ગુલ, સાત લોકોના મોત થયા**

# ઉત્તર ભારતમાં મેઘરાજાનો કહેર, દિલ્હી-NCRમાં વૃક્ષો ધરાશાયી

| (એજન્સી) નવી દિલ્હી, તા.૨૨ |

ઉત્તર ભારતના અનેક ભાગોમાં શુક્રવારે સવારે ભારે વાવાઝોડા સાથે ભારે વરસાદ પડ્યો છે, જેના કારણે સાત લોકોના મોત થયા હતા. દિલ્હી અને એનસીઆરમાં વાવાઝોડા અને વરસાદને કારણે ઘણી જગ્યાએ વૃક્ષો પડી ગયા હતા. અનેક સ્થળે ટ્રાફિક પણ જામ થઈ ગયો હતો અને ઘણા વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ ગયો હતો. આ ઉપરાંત રાજધાનીમાં અનેક ફ્લાઈટો મોડી પડી રહી છે. શુક્રવારે સવારે દિલ્હીમાં ધૂળ અને ભારે પવન સાથે ત્રણ કલાક સુધી વરસાદ પડ્યો હતો, જેમાં અનેક ઠેકાણે ટ્રાફિક જામની સ્થિતિ અને ફ્લાઈટો મોડી પડી રહી છે. દિલ્હી, ગુરુગ્રામ, ફરીદાબાદ અને મથુરામાં વ્યસ્ત રહેતા રસ્તાઓ જળમગ્ન થઈ ગયા છે. તો અનેક જગ્યાઓ પર વૃક્ષો પણ ધરાશાયીની ઘટનાઓ બની છે. નફજગઢ વિસ્તારમાં એક મકાન ધરાશાયી થતા ૨૮ વર્ષિય મહિલા અને ત્રણ બાળકોના મોત થયા છે. મૂશળધાર વરસાદ અને ભારે પવનના કારણે રાજધાની દિલ્હીના ઈન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય વિમાની મથક પર ૨૦૦થી વધુ ફ્લાઈટોના સંચાલનમાં વિલંબ થયો છે. મેઘરાજાએ ઉત્તર પ્રદેશમાં પણ ધડબડાટી બોલાવી અનેક રસ્તાઓ જળમગ્ન કરી દીધા છે. રાજ્યમાં વીજળી પડવાની જુદી જુદી ઘટનાઓમાં ઓછામાં ઓછા ત્રણ લોકોના મોત થયા હતા અને અનેક લોકો ઘાયલ થયા છે. મૃતકોમાં ફિરોઝાબાદમાં મનરેગા હેઠળ કામ કરતા બે મજૂરોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત એટા જિલ્લામાં વીજળી પડવાથી ૧૭ વર્ષની દિક્ષાનું મોત થયું છે, જ્યારે તેની નાની બહેન, પિતા અને ભાઈ પણ ઈજાગ્રસ્ત થયા છે. હવામાન વિભાગે ૩ અને ૪ મેના રોજ પશ્ચિમ ઉત્તર પ્રદેશમાં કેટલાક સ્થળોએ ભારે વરસાદ અને વાવાઝોડાની આગાહી કરી છે.

## ગાંધીનગરમાં GOLD ATM પણ આવી ચૂક્યું

। (એજન્સી) ગાંધીનગર, તા.૨ ।

અત્યાર સુધી તમે રોકડ નાણાં કે મિનરલ વોટરના ATM મશીન અંગે સાંભળ્યું હશે, પરંતુ હવે ગુજરાતમાં અને એ પણ ગાંધીનગરમાં GOLD ATM પણ આવી ચૂક્યું છે. શહેરના સેક્ટર-૨માં બગીચા સામે ચાર્વેદ કોમ્પ્લેક્સમાં GOLD ATM ખુલ્લું મૂકવામાં આવ્યું, જેમાંથી ૨૪ કલાકમાં ગમે ત્યારે સોનું અને ચાંદી ખરીદી શકાશે. ATM કાર્ડ તેમજ અન્ય ડિજિટલ કાર્ડ કે યુપીઆઈ થકી આ ખરીદી સરળતાથી કરી શકાશે. આ ગોલ્ડ ATMની મદદથી લોકો ૧ ગ્રામથી લઈ ૨૫ ગ્રામ સુધીના સોના-ચાંદીના સિક્કાની ખરીદી કરી શકશે. ગુજરાતમાં આ પ્રકારનું આ બીજું GOLD ATM છે. થોડા દિવસ અગાઉ સુરતમાં ગોલ્ડ ATM શરુ કરાયું છે અને હવે ગાંધીનગરમાં પણ ગોલ્ડ ATM શરુ કરાયું છે, જેના થકી પાટનગરના નાગરિકો ગમે તે સમયે સરળતાથી અને ઝડપથી સોના-ચાંદીના સિક્કાની પારદર્શી રીતે ખરીદી કરી શકશે. મહત્વનું છે કે વિવિધ પ્રસંગોમાં સોના અને ચાંદીના સિક્કાની ભેટ આપવામાં આવતી હોય છે. જોકે રાતના સમયે કે વહેલી સવારે સોનીની દુકાનો બંધ હોય તો તેની ખરીદી કરી શકાતી નથી.

## વિદ્યાર્થીઓને LC પકડાવનાર રાજસ્થાન સ્કૂલને DEOએ નોટિસ ફટકારી

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદમાં શાહિબાગ સ્થિત રાજસ્થાન સ્કૂલ સામે શિક્ષણ અધિકારીએ કાર્યવાહી કરી છે. વિદ્યાર્થીને એલસી પકડાવનાર રાજસ્થાન સ્કૂલને નોટીસ પાઠવવામાં આવી છે. જિલ્લા શિક્ષણ અધિકારીએ સ્કૂલના સંચાલકોને કારણ દર્શક નોટીસ ફટકારી છે. સ્કૂલ દ્વારા વિદ્યાર્થીઓને એલસી પકડાવી દેતા વાલીઓએ હોબાળો મચાવ્યો હતો. ત્યારબાદ શિક્ષણ અધિકારીને રજૂઆત કરાઈ હતી. સ્કૂલના સંચાલકોને કારણ દર્શક નોટીસ ફટકારી. પ્રાપ્ત વિગતો પ્રમાણે અમદાવાદના શાહિબાગ સ્થિત રાજસ્થાન સ્કૂલ દ્વારા કેટલાક વિદ્યાર્થીઓને એલસી પકડાવી દીધી હતી. ત્યાર બાદ વાલીઓએ સ્કૂલ પાસે હોબાળો મચાવ્યો હતો. આ ઘટના અંગે શહેરના શિક્ષણ અધિકારીને રજૂઆત કરવામાં આવી હતી. જેથી શિક્ષણ અધિકારીએ વાલીઓની રજૂઆતને પગલે રાજસ્થાન સ્કૂલના સંચાલકોને કારણ દર્શક નોટીસ ફટકારી હતી.

## અમદાવાદ અને દાનાપુર વચ્ચે ઉનાળુ સ્પેશિયલ ટ્રેન દોડાવશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

પશ્ચિમ રેલવેએ મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને, અમદાવાદ અને દાનાપુર વચ્ચે ખાસ ભાડા પર સાપ્તાહિક ઉનાળુ સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. પશ્ચિમ રેલવેએ મુસાફરોની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને, અમદાવાદ અને દાનાપુર વચ્ચે ખાસ ભાડા પર સાપ્તાહિક ઉનાળુ સ્પેશિયલ ટ્રેન ચલાવવાનો નિર્ણય લીધો છે. ૦૨-માર્ગમાં બંને દિશામાં આ ટ્રેન નડિયાદ, છાયાપુરી, રતલામ, ઉજ્જૈન, સંત હિરદારામ નગર, બીના, સાગર, દમોહ, કટની મુડવારા, સતના, માણિકપુર, પ્રયાગરાજ છિવકી, પંડિત દીન દયાલ ઉપાધ્યાય, બક્સર અને આરા સ્ટેશનો પર રોકાશે. આ ટ્રેનમાં એસી ૨-ટાયર, એસી ૩-ટાયર, સ્લીપર અને જનરલ ક્લાસ ના કોચ હશે. ૦૩-ટ્રેન નંબર ૦૯૪૦૭ માટે બુકિંગ ૦૨ મે ૨૦૨૫ થી પેસેન્જર રિઝર્વેશન સેન્ટરો અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના સંચાલન સમય, સ્ટોપેજ અને સંરચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

## ગુજરાતમાં ઉત્તરવાહિની પંચકોશી નર્મદા પરિક્રમા સંપન્ન, ૯,૦૯,૯૦૦ શ્રદ્ધાળુઓએ કરી મા નર્મદાની પરિક્રમા




ગુજરાત સરકાર, યાત્રાધામ બોર્ડ અને નર્મદા જિલ્લા વહીવટી તંત્રની સગવડોથી પરિક્રમાર્થીઓની સંખ્યા વધી, ગત વર્ષની સરખામણીએ અંદાજે ૪ ગણા વધુ પરિક્રમાર્થીઓ ઉમટ્યા.

## વડોદરામાં બોગસ બર્થ સર્ટિફિકેટથી આધાર કાર્ડ કઢાવવાનો પ્રયાસ

। (એજન્સી) વડોદરા, તા.૨ ।

ગુજરાતમાં નકલી વસ્તુઓ, અધિકારીઓ અને દસ્તાવેજોમાં વધુ એક નકલીનો ઉમેરો થયો છે. વડોદરામાંથી નકલી બર્થ સર્ટિફિકેટ મળી આવતા અધિકારીઓ ચોંકી ગયા છે અને શહેરમાં નકલી બર્થ સર્ટિફિકેટ બનાવવાનું કૌભાંડ ચાલતું હોવાની આશંકા સેવાઈ રહી છે. સમગ્ર મામલે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી છે. મૂળ યુપીનો વતની અને હાલ શહેરના મકરપુરા જીઆઈડીસીમાં રહેતો કાશિદ સિદ્દિકી નવું આધાર કાર્ડ કઢાવવા માટે કોર્પોરેશનના રાવપુરા ખાતેના કેન્દ્ર પર પહોંચ્યો હતો. જ્યાં તેણે જમનાબાઈ હોસ્પિટલના નામનો જન્મ દાખલો રજૂ કર્યો હતો. પરંતુ હોસ્પિટલને જન્મનો દાખલો આપવાની સત્તા ન હોવાથી પ્રાથમિક દ્રષ્ટિએ જ જન્મ દાખલો બોગસ હોવાનું સામે આવ્યું હતું.

### ગુજરાત હાઈકોર્ટનો મહત્ત્વનો ચુકાદો

## ક્રિમિનલ કેસ પેન્ડિંગ હોય તો પણ ૧૦ વર્ષ માટે પાસપોર્ટ રિન્યુ થશે

### ટ્રાયલ કોર્ટ દ્વારા વિદેશ જવા અંગેની શરતો લાદી શકાય છે પરંતુ, પાસપોર્ટ વિભાગ પાસે આવી કોઈ સત્તા નથી

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

પાસપોર્ટને લઈને ગુજરાત હાઈકોર્ટ દ્વારા મહત્ત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. જેમાં આદેશ કરાયો કે, ક્રિમિનલ કેસ પેન્ડિંગ હોય તો પણ દસ વર્ષ માટે પાસપોર્ટ રિન્યૂ થઈ શકે છે. ટ્રાયલ કોર્ટ દ્વારા વિદેશ જવા અંગેની શરતો લાદી શકાય છે. પરંતુ, પાસપોર્ટ વિભાગ પાસે આવી કોઈ સત્તા નથી.

ગુજરાત હાઈકોર્ટે બંધારણના અનુચ્છેદ ૨૧નું અવલોકન કરતા કહ્યું કે, વિશ્વમાં ક્યાંય પણ મુસાફરી કરવી એ બંધારણનો મૂળભૂત અધિકાર છે. આરોપીને ટ્રાયલ દરમિયાન કોર્ટ સમક્ષ હાજર કરવાની જવાબદારી આરોપી અને ટ્રાયલ કોર્ટ બંનેની છે. આરોપી સામે કેવા પ્રકારનો ક્રિમિનલ કેસ પેન્ડિંગ છે, તેના આધારે પાસપોર્ટ રિન્યુ કરવો કે નહીં તે અંગેનો નિર્ણય કરવાનો અધિકાર પાસપોર્ટ ઓફિસનો નથી. આ સિવાય હાઈકોર્ટે નોંધ્યું કે, કેન્દ્ર દ્વારા લાગુ કરવામાં આવેલા પાસપોર્ટ એક્ટ હેઠળના નિયમોનું અર્થઘટન કરવામાં આવે.

નોંધનીય છે કે, અત્યાર સુધી કેન્દ્ર સરકારના જાહેરનામાંનું અર્થઘટન કરીને પાસપોર્ટ વિભાગ દ્વારા ક્રિમિનલ કેસ પેન્ડિંગ હોય તેવા સંજોગોમાં માત્ર એક વર્ષ માટે જ પાસપોર્ટ રિન્યુ કરવામાં આવતો હતો. અરજદાર અદાલતમાં જાય તો ત્રણથી પાંચ વર્ષ માટે પાસપોર્ટ રિન્યુ થતા હતાં. જોકે, હવે પહેલીવાર ગુજરાત હાઈકોર્ટે નોંધ્યું કે, પાસપોર્ટ રિન્યુ દસ વર્ષ માટે થવો જોઈએ.

## ગુજરાતમાં આકરી ગરમી વચ્ચે વરસાદની આગાહી

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

ગુજરાત સહિત દેશભરમાં હાલ ગરમી પોતાનો કહેર વર્તાવી રહી છે. લોકો ભારે ગરમીના કારણે પરેશાન થઈ ગયા છે. એવામાં હવામાન વિભાગે મે મહિનામાં ગરમીમાંથી રાહત મળે તેવી આગાહી કરી છે. જોકે, આ આગાહીના કારણે ખેડૂતોમાં ચિંતા ઊભી થઈ છે. હવામાન વિભાગના અમદાવાદ કેન્દ્રના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું છે કે, દક્ષિણ પશ્ચિમ રાજસ્થાન તરફ સાયક્લોન સર્ક્યુલેશન અને વેસ્ટર્ન ડિસ્ટર્બન્સના કારણે ગુજરાતના કેટલાંક ભાગોમાં વરસાદ વરસી શકે છે. શનિવારે (૩ મે) કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠામાં ગાજવીજ સાથે છૂટોછવાયો વરસાદ વરસી શકે છે. રવિવારે (૪ મે) કચ્છ, બનાસકાંઠા, સાબરકાંઠા, પાટણ, મહેસાણા, અરવલ્લી, મહીસાગર, દાહોદ, પંચમહાલ, વડોદરા, છોટા ઉદેપુર, દીવ, ગીર-સોમનાથ, અમરેલી, ભાવનગરમાં ગાજવીજ સાથે વરસાદ વરસવાની આશંકા છે.

## કચ્છમાં શાકભાજીના ભાવો વધવાને બદલે ઘટયા!

। (એજન્સી) કચ્છ, તા.૨ ।

હાલમાં ઉનાળામાં કાળઝાળ ગરમી પડી રહી છે, ત્યારે ધોમધખતા તાપ વચ્ચે પણ લીલા શાકભાજીની આવકમાં સારા એવા પ્રમાણમાં વધારો થવા પામ્યો છે. જેના લીધી હોલસેલ શાકમાર્કેટમાં લીલા શાકભાજીના ભાવમાં રૂ. ૫થી લઈને રૂ. ૫૦ સુધીનો ઘટાડો જોવા મળી રહ્યો છે. જોકે, આ ભાવ ઘટાડાનો લાભ રિટેઈલમાં ખરીદી કરતાં ગ્રાહકોને પણ થોડા ઘણે અંશે મળી રહ્યો છે. અમુક શાકભાજી માર્કેટમાં હાલ સસ્તા થઈ ગયા છે, જે શાકભાજીનાં શિયાળામાં પણ વધુ ભાવો બોલાતા હતા. તમામ શાકભાજીના ભાવમાં થયો ઘટાડો હાલ ડુંગળી હોલસેલમાં રૂ. ૫ની કિલો, બટાકા રૂ. ૧૨ના કિલો, ટામેટા રૂ. ૫ના કિલો અને મરચા રૂ. ૧૦ના કિલો લેખે ભાવ બોલાઈ રહ્યા છે. જ્યારે રિટેઈલમાં મરચાના ૪૦, બટાકાના ૨૫, ડુંગળીના ૨૦થી ૩૦ના ભાવે વેચાણ થઈ રહ્યું છે. ભુજ એપીએમસીની હોલસેલ શાકમાર્કેટમાં બોલાયેલા ભાવો ઉપર નજર કરવામાં આવે તો મુખ્યત્વે ડુંગળીના રૂ. ૫, બટેકાના રૂ. ૧૨, ટામેટાના રૂ. ૫, લીલી ડુંગળીના રૂ. ૩, મરચાના રૂ. ૧૦, મરચીના રૂ. ૧૫, રિંગણા-કારાનાં રૂ. ૪, રિંગણા-બાજરિયાના રૂ. ૩, કોબી દેશીના રૂ. ૪, કોબીના રૂ. ૪, ફુલાવરના રૂ. ૨૦, ફુલાવર દેશીના રૂ. ૨૦, વટાણાનાં રૂ. ૬૦, ધાણાના રૂ. ૧૫, ભીંડાના રૂ. ૧૦, કાકડી કાળીના રૂ. ૧૦, કાકડી સફેદના રૂ. ૧૦, કાકડી ખીરાનાં રૂ. ૨૦ પ્રતિ કિલોના ભાવે વેચાણ થયુ હતું. આ સિવાય પાલકના રૂ. ૧૦ સૂકા લસણના રૂ. ૫૦ લીંબુના રૂ. ૩૦, પિતાઈ ગાજર-કેશરીના રૂ. ૧૦, દૂધીના રૂ. ૨, આદુના રૂ. ૩૦, કારેલાના રૂ. ૩૦ સકરિયાના રૂ. ૨૫ ચોળા ડોલરના રૂ. ૩૫, ટીંડોળાનાં રૂ. ૨૦, મરચા સીમલાના રૂ. ૨૦, ગુવાર દેશીના રૂ. ૮૦, ગુવાર રૂ. ૩૦, ગીસોડા રૂ. ૧૦ પરવળના રૂ. ૩૦, સરગવાનાં રૂ. ૧૫ ણસીનાં રૂ. ૫૦, બીટનાં રૂ. ૫, કેળા કાચાનાં રૂ. ૧૦ના પ્રતિ કિલોના ભાવ બોલાયા હતા. જોકે, હોલેસેલમાં શાકભાજીના ભાવોમાં ઘટાડાને પગલે રિટેઈલનાં વેચાણ ઉપર પણ તેની અસર જોવા મળે તે સ્વાભાવિક છે. પરિણામે હાલે રિટેઈલમાં ટમેટા, કાકડી, કોબી, ભીંડા, ગુવાર સહિતનાં શાકભાજી સસ્તા થઈ ગયા છે. ભુજની હોલેસેલ શાકમાર્કેટમાં હાલે ફ્રુટનાં ભાવોમાં પણ ઘટાડો નોંધાઈ રહ્યો છે. અહીં કેળા પાકાનું રૂ. ૨૦ કિલોના ભાવે વેચાણ થઈ રહ્યું છે. જ્યારે કાચા પપૈયાનાં રૂ. ૪ અને પાકા પપૈયાનાં રૂ. ૧૦, જામફળનાં રૂ. ૧૦, ચીકુનાં રૂ. ૧૦, સકરટેટીનાં રૂ. ૧૦, કાચી કેરીનાં રૂ. ૧૦ અને પાકી કેરીનાં રૂ. ૪૦, ગલકાનાં રૂ. ૨૦, કેસર કેરીનાં રૂ. ૮૦, રાજાપુરી કેરીનાં રૂ. ૪૦, દાડમનું રૂ. ૨૦ના ભાવે વેચાણ થઈ રહ્યું છે. જેના હાલે રિટેઈલ માર્કેટમાં રૂ. ૪૦થી લઈને રૂ. ૧૨૦ જેટલા ભાવો વસૂલવામાં આવી રહ્યા છે.

### કેમિકલના નામે લાખોનું ઝડપાયું બલ્ક ડ્રગ

## અમદાવાદ અને અંકલેશ્વરમાં સૌથી મોટા રેકેટનો પર્દાફાશ

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદ અને અંકલેશ્વર ખાતે કેમીકલના (IUPAC) નામે કોઈપણ પરવાના વગર બલ્ક ડ્રગ Pregabalin APIનું ઉત્પાદન અને વેચાણના રેકેટનો પર્દાફાશ કરતું ખોરાક અને ઔષધ નિયમન તંત્ર. Pregabalin API નું કેમીકલ ફેક્ટરીમાં ટેસ્ટીંગ કર્યા વગર વેચાણ કરતી કંપનીઓમાં દરોડા

ગાંધીનગરઃ રાજ્યના નાગરિકોને જીવન જરૂરી દવાઓ શુદ્ધ અને ગુણવત્તાયુક્ત મળી રહે તે માટે રાજ્ય સરકાર સતત કટિબદ્ધ છે. રાજ્યમાં દવાના નમુનાનું પરીક્ષણ કરી ભેળસેળ કરતાં તત્વો સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે છે અને ગેરકાયદેસર-બનાવટી દવાના વેચાણમા સંકળાયેલ ઈસમો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા તંત્ર કટિબદ્ધ છે. જેના ભાગરૂપે તાજેતરમાં માન્ય પરવાના વગર દવાના ટ્રેડીંગ કરતી મે. એસ્ટીમ એન્ટરપ્રાઈઝ, અમદાવાદ તથા તેની સાથે સંડોવાયેલ અન્ય કંપનીઓમાં દરોડા પાડી Pregabalin નામના અંદાજીત રૂ. ૨૧.૫૦ લાખની કિંમતનો બલ્ક ડ્રગનો ૧૦૦૦ કિ.ગ્રા. જથ્થો જપ્ત કરાયો છે. આ સંદર્ભે ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડૉ. એચ. જી. કોશિયાએ જણાવ્યું કે, તંત્રને મળેલ બાતમી મુજબ એ.પી.આઈ.નું ટ્રેડીંગ કરતી મે. એસ્ટીમ એન્ટરપ્રાઈઝ, અમદાવાદને ત્યાં દરોડો પાડતાં અંદાજીત રૂ.૮૫ લાખની કિંમતનું ૪,૩૦૦ કિ.ગ્રા. Pregabalin Pregabalin નું વેચાણ કર્યાના પુરાવા મળ્યા હતા. અંકલેશ્વર ખાતે મે. એક્ષીસ ફાર્માકેમ કે જેના માલીક પ્રવીણભાઈ પટેલ અને આઈકોનીક ફાર્માકેમના ભાગીદારો ભાવેશભાઈ તથા અન્યની સંડોવણીથી આઈકોનીક ફાર્માકેમ, પાનોલી દ્વારા તેઓની કેમીકલ ફેકરીમાં દવા બનાવવાના કોઈપણ જાતના પરવાના ન હોવા છતાં Pregabalin દવા બનાવતાં પકડી પાડેલ છે. આ જગ્યાથી રૂ. ૨૧.૫૦ લાખની કિંમતનો ૧૦૦૦ કિ.ગ્રા. Pregabalin દવાનો જથ્થો નમુના લઈ કાયદેસરની કાર્યવાહી હેઠળ જપ્ત કરાયો છે.

પાકિસ્તાનને એક નવો ઝટકો આપવાની તૈયારીમાં કેન્દ્ર સરકાર, ત્રણ બાજુથી PAKની ઘેરાબંધી તેમણે ઉમેર્યું હતું કે, મે. એક્ષીસ ફાર્માકેમ પેઢી પોતાના લાયસન્સનો ઉપયોગ કરીને કોઈપણ જાતના ડોક્યુમેન્ટ બનાવ્યા વગર મે. આઈકોનીક ફાર્માકેમ, પાનોલી, ભરૂચ માંથી Pregabalin IP મેળવી ૧ કિ.ગ્રા.ના રૂ. ૨૦૦નું કમીશન લઈ લેબલ લગાવી વેચાણ બીલો બનાવી તેમના લાયસન્સ નંબરનો પણ ઉપયોગ કરી આ કેસમાં સીધીરીતે પણ સંડોવણી હોવાની જાણ થઈ છે. આ બનાવટનું ટેસ્ટીંગ મે. બાયોક્રોમ એનાલિટીકલ લેબ, અંકલેશ્વર, ભરૂચ દ્વારા PTL નાં કોઈપણ જાતના લાયસન્સ ન હોવા છતાં, કાયદેસરનાં કોઈપણ જાતનાં ડોક્યુમેન્ટ રાખ્યાં વગર તેઓને વ્હોટ્સપ દ્વારા ટેસ્ટ રીપોર્ટ બનાવી આપતા હોવાનું આ કેસમાં ખુલાસો થયો છે.


### અમદાવાદમાં લુખ્ખા તત્ત્વો બન્યા બેફામ

## ખાનગી ટ્રાવેલર્સના સંચાલક પાસે પેસેન્જર દીઠ રૂપીયા ની માંગણી કરીને ચાર લુખ્ખા તત્વોએ મારામારી કરી

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદ શહેરમાં બેફામ બનેલા લુખ્ખા તત્વોને જાણે કે પોલીસનો કોઈ ડર જ ના હોય તેમ લાગી રહ્યું છે. ખાનગી ટ્રાવેલર્સના સંચાલક પાસે પેસેન્જર દીઠ રૂપીયાની માંગણી કરીને ચાર લુખ્ખા તત્વોએ મારામારી કરી અને ધમકી આપી કે જો રોજનું ભરણ નહીં આપે તો ગાડી પસાર નહીં થવા દઈશું નહીં. જો કે ટ્રાવેલર્સના સંચાલકએ પોલીસને જાણ કરતા પોલીસએ બે આરોપીની ધરપકડ કરીને વધુ તપાસ શરૂ કરી છે. પોલીસ સકંજામાં રહેલાઆબંન્નેઆરોપીઓનાનામફૈઝાનપઠાણઅનેમંજુરછે.આબંન્ને આરોપીઓની ગાયકવાડ હવેલી પોલીસએ ધરપકડ કરી છે. આરોપીઓ અન્ય બે આરોપીઓ સાથે મળીને ગીતામંદીર બસ સ્ટેન્ડ પાસેથી પસાર થતી ખાનગી બસચાલકના સંચાલક પાસે ખંડણી માંગી હતી અને ખંડણી આપવાની ના પાડતા તેને માર મારીને સોનાની ચેઈન તેમજ રોકડ રૂપીયા ૯ હજાર પડાવી લીધા હતાં. આ ગેંગનો મુખ્ય આરોપી શરીફખાન પઠાણ છે. જેની સામે અગાઉ પણ અનેક ગુના દાખલ થઈ ચુક્યા છે. હાલમાં તે ગુજસીટોકના ગુનામાં જામીન પર છુટ્યો છે. જ્યારે ફૈઝાન શરીફખાનનો પુત્ર છે.

# સ્વ. ચંદુભાઈ સંઘાણીના સ્મરણાર્થે આયોજિત ભાગવત સપ્તાહ માત્ર શ્રદ્ધાંજલિ જ નહીં પણ સમાજને આધ્યાત્મિક માર્ગ પ્રદાન કરવાનું એક માધ્યમ છેઃ દિલીપ સંઘાણી





। ગાંધીનગર ।

શ્રીમદ્ ભાગવત કથા માત્ર ધાર્મિક ગ્રંથ નથી, પરંતુ તે માનવ જીવનના આધ્યાત્મિક, નૈતિક અને સામાજિક મૂલ્યોનો સાર પણ રજૂ કરે છે. આ કથા ભગવાન શ્રી કૃષ્ણના કાર્યો દ્વારા ભક્તિ અને જ્ઞાનનો માર્ગ દર્શાવે છે. આપણને જીવનમાં ધર્મ, ભક્તિ, સેવા, બલિદાન અને સાચા જ્ઞાનનો અનુભવ કરાવે છે. ભાગવત સાંભળવાથી, માનવ આત્માની શુદ્ધતા, વિચારોમાં સ્થિરતા અને કાર્યોમાં સત્વ પ્રાપ્ત કરે છે. આ કથા તમામ વર્ગો અને ઉંમરના લોકો માટે આધ્યાત્મિક માર્ગદર્શક તરીકે કામ કરે છે, જે વ્યક્તિને આત્માના સાચા સ્વભાવ સાથે જોડે છે અને જીવનના ઊંડા રહસ્યોને સમજવા માટે પ્રેરણા આપે છે. જ્યારે સમાજમાં આવી કથાઓનું આયોજન કરવામાં આવે છે, ત્યારે માત્ર શ્રોતાઓ જ આધ્યાત્મિક ઉર્જાથી ભરાઈ જતા નથી, પરંતુ સમગ્ર વાતાવરણમાં પણ સકારાત્મક પરિવર્તન આવે છે. કથામાં સતાધાર થી પૂજ્ય વિજયબાપુ, દાનમહારાજની જગ્યા, ચલાલા થી પૂજ્ય વલકુ બાપૂ, માનવ મંદિરનાં પૂજ્ય ભક્તિરામ બાપુ, પાળીયાદથી પુ. વિસામણબાપુની જગ્યાના પ્રતિનિધિ તરીકે મણિરામ મહારાજ સહિતના પૂજ્ય સંતો તથા પૂર્વ કેન્દ્રીય મંત્રી અને રાજકોટ લોકસભાના સાંસદ શ્રી પરષોત્તમભાઈ રૂપાલા, અમર ડેરીનાં અધ્યક્ષ શ્રી અશ્વિનભાઈ સાવલીયા, જીતુભાઈ ડેર, બેચરભાઈ ભાદાણી, ઝીણાભાઈ વઘાસીયા, કાળુભાઈ સંઘાણી, જયંતિભાઈ સંઘાણી, જયસુખભાઈ સંઘાણી, અમર ડેરીનાં ઉપાધ્યક્ષ શ્રી મુકેશભાઈ સંઘાણી, અમરેલી જીલ્લા સહકારી સંઘનાં અધ્યક્ષ શ્રી મનીષભાઈ સંઘાણી સહિત રાજદ્વારાએ થી વિવિધ મહાનુભાવો ઉપસ્થિત રહેલ.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કેરળના તિરુવનંતપુરમમાં વિઝિંજમ આંતરરાષ્ટ્રીય બંદરનું સત્તાવાર ઉદ્‌ઘાટન કર્યું. આ બંદર ૮,૮૬૭ કરોડ રૂપિયાના અંદાજિત ખર્ચે પૂર્ણ થયું હતું. આ પ્રસંગે કેરળના મુખ્યમંત્રી પિનરાઈ વિજયન, અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અંદાણી ઉપસ્થિત રહ્યા હતાં.

### ઇમ્પેક્ટ ફીના કાયદા સામે સુપ્રીમ કોર્ટે નારાજગી વ્યક્ત કરી

# ગેરકાયદે બાંધકામના કેસોમાં અદાલતોએ કડક વલણ અપનાવવું જોઈએ : સુપ્રીમ કોર્ટ

### કાયદાનું અનાદર કરતાં લોકોનું રક્ષણ કરવા કાયદો ઘડવામાં આવે તો કાયદાનો કોઇ અર્થ રહેશે નહીં

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

ગેરકાયદે બાંધકામના કેસોમાં કડક અભિગમ અપનાવવાની અદાલતોને તાકીદ કરતાં સુપ્રીમ કોર્ટે જણાવ્યું છે કે ગેરકાયદેસર બાંધકામના કેસોમાં કાર્યવાહી કરતી વખતે અદાલતોએ કડક વલણ અપનાવવું જોઈએ અને સક્ષમ અધિકારીની જરૂરી પરવાનગી વગર બાંધવામાં આવેલી ઈમારતોને ન્યાયિક રીતે નિયમિત કરવી જોઈએ નહીં. ન્યાયાધીશ જે બી પારડીવાલા અને આર મહાદેવનની બનેલી ખંડપીઠે જણાવ્યું હતું કે કાયદાએ એવા લોકોના બચાવમાં આવવું જોઈએ નહીં, જેઓ તેનો ભંગ કરે છે, કારણ કે તેનાથી સજામુક્તિનું કલ્ચર વિકસી શકે છે. તેથી ગેરકાયદેસર બાંધકામના કેસોમાં કાર્યવાહી કરતી વખતે અદાલતોએ કડક વલણ અપનાવવું જોઈએ. કાયદાના શાસનને જાળવી રાખવાની કોર્ટની પવિત્ર ફરજમાંથી મક્કમ વલણ જાળવવાની જરૂરિયાત ઉદભવે છે. સર્વોચ્ચ અદાલતે કલકત્તા હાઈકોર્ટના આદેશને પડકારતી અરજીને ફગાવી દીધી હતી. હાઈકોર્ટે ગેરકાયદે બાંધકામ થયા છે તેવા કેટલાંક માળ તોડી પાડવા કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશનને આદેશ આપ્યો હતો. ૩૦ એપ્રિલે આપેલા આદેશમાં સર્વોચ્ચ અદાલતે જાહેર હિતમાં પોતાના અધિકારક્ષેત્રનો ઉપયોગ કરીને અનધિકૃત બાંધકામો સામે કાર્યવાહી કરવા માટે હાઈકોર્ટે જે હિંમત અને દ્રઢતા સાથે કાર્યવાહી કરી તેની પ્રશંસા કરી હતી. અરજદારો તરફથી હાજર રહેલા વકીલે સુપ્રીમ કોર્ટને વિનંતી કરી હતી કે તેમના ક્લાયન્ટને અનધિકૃત બાંધકામને નિયમિત કરવા માટે અરજી કરવાની તક આપવી જોઈએ. જોકે સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે અમને આવી રજૂઆતમાં કોઈ યોગ્યતા દેખાતી નથી. જે વ્યક્તિને કાયદા પ્રત્યે કોઈ માન નથી તે વ્યક્તિને બે માળનું અનધિકૃત બાંધકામ નિયમિત કરવાની મંજૂરી આપી શકાય નહીં.

## લખનૌ કોર્ટે શાઇન સિટીના માલિકને ભાગેડુ જાહેર કર્યા



। (એજન્સી) લખનૌ, તા.૨ ।

રોકાણકારોને છેતરીને દુબઈ ભાગી ગયેલા છેતરપિંડી કરનાર શાઈન સિટી ઓપરેટર રશીદ નસીમને ભાગેડુ આર્થિક ગુનેગાર જાહેર કરવામાં આવ્યો છે. લખનૌની સ્પેશિયલ કોર્ટ (PMLA)ના ન્યાયાધીશ રાહુલ પ્રકાશે ભાગેડુ આર્થિક અપરાધી અધિનિયમ-૨૦૧૮ હેઠળ આ આદેશ જારી કર્યો. રાશિદ નસીમ શાઈન સિટી નામની કંપનીના માલિક છે. તેણે લોકોને તેમના મહેનતના પૈસા રિયલ એસ્ટેટમાં રોકાણ કરવા કહ્યું અને પછી તેમના કરોડો રૂપિયા લઈને દુબઈ ભાગી ગયો. આ કાયદા હેઠળ અગાઉ ઉદ્યોગપતિ વિજય માલ્યા અને હીરા ઉદ્યોગપતિ નીરવ મોદી સહિત લગભગ દસ આરોપીઓને ભાગેડુ આર્થિક ગુનેગાર જાહેર કરવામાં આવ્યા છે. ED અધિકારીઓનો દાવો છે કે ઉત્તર પ્રદેશમાં આવું પહેલી વાર બન્યું છે. ઉત્તર પ્રદેશમાં ભાગેડુ આર્થિક અપરાધી અધિનિયમ (FEOA) હેઠળ લખનૌમાં નોંધાયેલો આ પહેલો કેસ છે. શાઈન સિટી ઈન્ફ્રા પ્રોજેક્ટ પ્રાઈવેટ લિમિટેડના ચીફ ડિરેક્ટર રશીદ નસીમે આકર્ષક રિયલ એસ્ટેટ સ્કીમ્સની લાલચ આપીને રોકાણકારો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરી હતી. EDની તપાસમાં રોકાણકારોના ૧૦૦૦ કરોડ રૂપિયાની છેતરપિંડીના તથ્યો બહાર આવ્યા હતા. આરોપી રાશિદ નસીમ જૂન ૨૦૧૯ માં દેશ છોડીને નેપાળ થઈને દુબઈ ભાગી ગયો હતો. આ માટે તેણે છેતરપિંડી દ્વારા બનાવેલા બીજા પાસપોર્ટનો ઉપયોગ કર્યો હતો.

## અમેરિકાના તાજેતરના નિવેદનથી પાકિસ્તાનમાં ગભરાટ ફેલાયો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨ ।

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં પ્રવાસીઓ પર થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી ગયો છે. દરમિયાન, યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા ટેમી બ્રુસે કહ્યું છે કે યુએસ પીએમ મોદીને સંપૂર્ણ સમર્થન આપી રહ્યું છે. અમેરિકા દ્વારા જારી કરાયેલા આ નિવેદન બાદ પાકિસ્તાનમાં હોબાળો મચી ગયો છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તા ટેમી બ્રુસે જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને ટ્રમ્પ વહીવટીતંત્ર તરફથી સંપૂર્ણ સમર્થન મળ્યું છે. તેમણે કહ્યું કે પહેલગામ આતંકવાદી હુમલા પછી તેઓ ભારત અને પાકિસ્તાનની સરકારો સાથે સતત સંપર્કમાં છે. યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટના પ્રવક્તાએ કહ્યું, “અમે નજીકથી નજર રાખી રહ્યા છીએ. ગઈકાલે, યુએસ સ્ટેટ સેક્રેટરી માર્કો રુબિયોએ ભારતીય વિદેશ મંત્રી એસ જયશંકર અને પાકિસ્તાની વડાપ્રધાન શાહબાઝ શરીફ સાથે વાત કરી હતી. જેમ કે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગયા અઠવાડિયે પીએમ મોદીને કહ્યું હતું કે, આતંકવાદ સામેની લડાઈમાં યુનાઈટેડ સ્ટેટ્સ ભારતની સાથે મજબૂત રીતે ઉભું છે અને વડાપ્રધાન મોદીને અમારું સંપૂર્ણ સમર્થન છે.” ટેમી બ્રુસે વધુમાં જણાવ્યું હતું કે, “સેક્રેટરીએ બંને દેશોને એક જવાબદાર ઉકેલ તરફ કામ કરવા પ્રોત્સાહિત કર્યા જે દક્ષિણ એશિયામાં લાંબા ગાળાની શાંતિ અને પ્રાદેશિક સ્થિરતાનું નિર્માણ કરશે. જેમ મેં ઉલ્લેખ કર્યો છે, અમે ઘણા સ્તરે બંને સરકારો સાથે સંપર્કમાં છીએ.” જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું બંને દેશો વચ્ચે તણાવ ઓછો કરવાના આહ્વાન પર ધ્યાન આપવામાં આવી રહ્યું છે?

# દેશમાં વસતા ૬ પાકિસ્તાની નાગરિકો પરત નહીં જાય

### આ બધા સભ્યો દાવો કરે છે કે તેઓ ભારતીય નાગરિક છે અને તેમની પાસે ભારતીય પાસપોર્ટ-આધાર કાર્ડ છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

સુપ્રીમ કોર્ટે બેંગલુરુના એક વ્યક્તિની અરજી પર સુનાવણી કરી, જેમાં તેણે પોતાને અને તેના પરિવારના સભ્યોને પાકિસ્તાન મોકલવા પર પ્રતિબંધ મૂકવાની માંગ કરી છે. આ બધા સભ્યો દાવો કરે છે કે તેઓ ભારતીય નાગરિક છે અને તેમની પાસે ભારતીય પાસપોર્ટ અને આધાર કાર્ડ છે. વકીલ અને અરજદારની દલીલો સાંભળ્યા પછી, ન્યાયાધીશ સૂર્યકાંતની આગેવાની હેઠળની બેન્ચે સરકારી અધિકારીઓને પરિવારના સભ્યોના ભારતીય નાગરિકત્વની માન્યતા અંગેના દસ્તાવેજોની તપાસ કરવાનો નિર્દેશ આપ્યો હતો. કોર્ટે નિર્દેશ આપ્યો કે સરકારી અધિકારીઓ દ્વારા યોગ્ય નિર્ણય ન લેવાય ત્યાં સુધી પરિવાર સામે કોઈ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે નહીં. બેન્ચે અરજદારોને સરકારના નિર્ણયથી અસંતુષ્ટ હોય તો



જમ્મુ, કાશ્મીર અને લદ્દાખ હાઈકોર્ટમાં અરજી કરવાની સ્વતંત્રતા પણ આપી હતી. સુપ્રીમ કોર્ટે પોતાના આદેશમાં કહ્યું કે હાલની અરજીમાં અરજદારો ૨ અને ૩ પતિ-પત્ની છે. અરજદારો ૧, ૪, ૫ અને ૬ તેમના બાળકો છે. તે હાલમાં શ્રીનગરનો રહેવાસી છે. સરકારી સૂચનાઓ મુજબ, જે લોકો સુરક્ષિત છે તે સિવાયના વિઝા રદ કરવામાં આવ્યા છે, તેથી અરજદારોને દેશનિકાલ કરવા માટે પગલાં લેવામાં આવ્યા છે. કેટલાક લોકોને દેશનિકાલ માટે અટકાયતમાં લેવામાં આવ્યા છે. અરજદારો તેમના પક્ષમાં જારી કરાયેલા સત્તાવાર દસ્તાવેજોનો હવાલો આપીને દાવો કરી રહ્યા છે કે તેઓ ભારતીય નાગરિક છે. હકીકતલક્ષી રજૂઆતોને ચકાસણીની જરૂર હોવાથી, અમે અરજીના ગુણદોષ વિશે કંઈપણ કહ્યા વિના અરજીનો નિકાલ કરીએ છીએ અને અધિકારીઓને આ દસ્તાવેજો અને તેમના ધ્યાન પર લાવી શકાય તેવી અન્ય કોઈપણ હકીકતોની ચકાસણી કરવા નિર્દેશ આપીએ છીએ. સુપ્રીમ કોર્ટે કહ્યું કે આ મામલે શક્ય તેટલી વહેલી તકે નિર્ણય લેવો જોઈએ. અમે કોઈ સમયમર્યાદા નક્કી કરી રહ્યા નથી. આ કેસના ચોક્કસ તથ્યોને ધ્યાનમાં રાખીને યોગ્ય નિર્ણય લેવામાં ન આવે ત્યાં સુધી અધિકારીઓએ અરજદારો સામે કોઈ કડક પગલાં લેવા જોઈએ નહીં. જો અરજદાર અંતિમ નિર્ણયથી અસંતુષ્ટ હોય, તો તે જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટ સમક્ષ અરજી દાખલ કરી શકે છે. આ આદેશને પૂર્વવર્તી ગણવામાં આવશે નહીં કારણ કે તે આ કેસના ચોક્કસ તથ્યો અને સંજોગો પર આધારિત છે. એડવોકેટ નંદ કિશોરે સર્વોચ્ચ અદાલતને જણાવ્યું હતું કે ૬ અરજદારો છે. પહેલો વ્યક્તિ બેંગલુરુમાં કામ કરે છે, બાકીનો પરિવાર શ્રીનગરમાં છે. આપણા બધા પાસે માન્ય પાસપોર્ટ, આધાર, મતદાર ઓળખ કાર્ડ, પાન કાર્ડ છે. જસ્ટિસ સૂર્યકાંતે પૂછ્યું કે અરજદાર ભારત કેવી રીતે આવ્યો, વકીલે કહ્યું કે તે ૧૯૮૭માં આવ્યો હતો. અરજદારે કોર્ટને જણાવ્યું કે મારા પિતા પાકિસ્તાની પાસપોર્ટ પર આવ્યા હતા.

તેમનો જન્મ મુઝફ્ફરાબાદમાં થયો હતો. વિઝા બીજી બાજુથી આપવામાં આવ્યો હતો. તેમણે જમ્મુ અને કાશ્મીર હાઈકોર્ટમાં પોતાનો પાસપોર્ટ સરેન્ડર કર્યો હતો. જસ્ટિસ કાંતે કહ્યું કે તમે હાઈકોર્ટ કેમ ન ગયા, તે એકમાત્ર ઓથોરિટી છે જે સાચી હકીકતો શોધી શકે છે. બધા મુદ્દાઓ ત્યાં જ ઉદ્ભવે છે.

### NIAએ આપી જાણકારી

## આતંકવાદી હાફિઝ સઈદનું નેટવર્ક ભારત વિરુદ્ધ સક્રિય

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ, ભારતમાં આતંકવાદી નેટવર્કની તપાસ અને તેને તોડી પાડવા માટે કાર્યવાહી કરવામાં આવી રહી છે. દરમિયાન, NIA એ કહ્યું કે હાફિઝ સઈદનું નેટવર્ક હજુ પણ ભારત વિરુદ્ધ કામ કરી રહ્યું છે. પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલા બાદ ભારત સરકાર એક્શન મોડમાં છે. આવી સ્થિતિમાં, આતંકવાદીઓ વિશેની દરેક માહિતીની તપાસ કરવામાં આવી રહી છે. આ અંગે, રાષ્ટ્રીય તપાસ એજન્સી (NIA) એ કોર્ટને માહિતી આપી હતી કે હાફિઝ સઈદ સાથે જોડાયેલ આતંકવાદી સંગઠન ભારત વિરુદ્ધ પોતાની પ્રવૃત્તિઓ ચાલુ રાખી રહ્યું છે. એજન્સીએ તહવ્વુર રાણાના રિમાન્ડની માંગણી કરી ત્યારે આ નિવેદન આપવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે હાફિઝ સઈદ ૨૬/૧૧ મુંબઈ



આતંકવાદી હુમલાનો માસ્ટરમાઈન્ડ છે. NIA એ વધુમાં દલીલ કરી હતી કે રાણા પાસેથી ઘણી માહિતી મળી છે. આમ છતાં, મોટી સંખ્યામાં દસ્તાવેજો અને પુરાવાઓની તપાસ કરવી જરૂરી છે. આરોપીના સ્વાસ્થ્યની સ્થિતિને ધ્યાનમાં રાખીને, એજન્સીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે પૂછપરછ માપદંડ મુજબ કરવામાં આવી રહી છે અને બચાવ પક્ષ દ્વારા દાવો કરવામાં આવ્યો છે તેમ દિવસમાં ૨૦ કલાક માટે નહીં. ફરિયાદ પક્ષે તપાસમાં રાણાના સહકારના અભાવ અંગે પણ ચિંતા વ્યક્ત કરી હતી.

### એનઆઈએએ કરેલો દાવો

## પહલગામમાં હુમલો કરતાં પહેલા આતંકીઓએ ISIનો કોન્ટેક્ટ કર્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

પહલગામ હત્યાકાંડનું ષડયંત્ર અને તેમાં પાકિસ્તાનની ભૂમિકાનો સંપૂર્ણ પર્દાફાશ કરવા માટે સુરક્ષા અને તપાસ એજન્સીઓ શક્ય હોય ત્યાં સુધી હુમલામાં સામેલ આતંકવાદીઓને જીવતા પકડવા પર ભાર મૂકી રહી છે. આ દરમિયાન NIA(NIA Investigating Pahalgam Terror Attack)ને અત્યાર સુધી મળેલા પુરાવાઓ અને હત્યાકાંડના પ્રત્યક્ષદર્શીઓ દ્વારા નોંધાયેલા નિવેદનો તેમજ શંકાસ્પદ અને ધરપકડ કરાયેલા ઓવરગ્રાઉન્ડ કાર્યકરોની પૂછપરછમાંથી મળેલી જાણકારીનું મૂલ્યાંકન કરવાનું શરુ કરવામાં આવ્યું હતું. જે અતંર્ગત અત્યાર સુધી મળેલી માહિતીના આધારે એવું કહેવામાં આવી રહ્યું છે કે, હત્યાકાંડ પહેલા અને પછી આતંકવાદીઓએ પાકિસ્તાનમાં બેઠેલા તેમના હેન્ડલરોનો સંપર્ક કર્યો હતો. આતંકવાદીઓ દ્વારા



ઉપયોગમાં લેવાતા સેટેલાઈટ ફોનની વિગતો એકત્રિત કરવા માટે વિદેશી નિષ્ણાતોની પણ મદદ લેવામાં આવી રહી છે. સુરક્ષા એજન્સીઓનું માનવું છે કે, આ હુમલો લશ્કર-એ-તૈયબા દ્વારા પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISIના ઈશારે કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે, ૨૨ એપ્રિલે આતંકવાદીઓએ બેસરન પહલગામ પર કરેલા હુમલામાં ૨૬ નિર્દોષ લોકો માર્યા ગયા હતા. મૃતકોમાં ૨૫ પ્રવાસીઓ અને એક સ્થાનિક ઘોડેસવારનો સમાવેશ થાય છે.

### ચૂસ્ત બંદોબસ્ત ગોઠવાયો

## દક્ષિણ ભારતમાં હિન્દુ એક્ટિવિસ્ટની હત્યાથી ભારે તંગદિલીનો માહોલ

। (એજન્સી) મેંગલુરુ, તા.૨ ।

દક્ષિણ કન્નડ જિલ્લાના મેંગલુરુ શહેરમાં ગુરુવારે સાંજે એક હિન્દુ કાર્યકર્તાની હત્યા કરવામાં આવી હતી. પોલીસે મૃતકની ઓળખ સુહાસ શેટ્ટી તરીકે કરી છે. સુહાસ ફાઝિલ હત્યા કેસમાં મુખ્ય આરોપી હતો અને તેની સામે અન્ય ઘણા ગુનાહિત કેસ પણ ચાલી રહ્યા હતા. ફાઝિલ હિન્દુ કાર્યકર્તા પ્રવીણ નેટ્ટારુની હત્યાનો મુખ્ય આરોપી હતો. પ્રવીણની ક્રૂર હત્યા પછી, ૨૮ જુલાઈ ૨૦૨૨ ના રોજ સુરતકલમાં ફાઝિલની હત્યા કરવામાં આવી હતી અને સુહાસ શેટ્ટી આ કેસમાં મુખ્ય આરોપી હતો. પોલીસના જણાવ્યા અનુસાર, ગુરુવારે રાત્રે ૮:૨૭ વાગ્યાની આસપાસ, મેંગલુરુ શહેર પોલીસના અધિકારક્ષેત્ર હેઠળના કિન્નીપાડવુ ક્રોસ નજીક હુમલો અને હત્યાની ઘટના નોંધાઈ હતી. તે સમયે સુહાશ શેટ્ટી સંજય, પ્રજ્વલ, અન્વિત, લતીશ અને શશાંક સાથે વાહન (KA-12-MB-3731) માં મુસાફરી કરી રહ્યા હતા, જેને સ્વિફ્ટ કાર અને પિકઅપ વાહનમાં મુસાફરી કરી રહેલા હુમલાખોરોના જૂથે અટકાવ્યો. સુહાશ શેટ્ટી પર ૫ થી ૬ હુમલાખોરોએ ઘાતક હથિયારોથી હુમલો કર્યો હતો, જેમાં તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. તેમને તાત્કાલિક એ.જે. હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા, જ્યાં તેમનું મૃત્યુ થયું હતું. પોલીસ સ્ટેશનમાં કેસ નોંધવામાં આવ્યો છે અને આરોપીઓને વહેલી તકે પકડવા માટે ઘણી ટીમો બનાવવામાં આવી છે. મેંગલુરુ શહેર પોલીસે કહ્યું છે કે ઝડપી ન્યાય સુનિશ્ચિત કરવા અને કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે શક્ય તમામ પગલાં લેવામાં આવશે અને તપાસ આગળ વધતાં આ કેસમાં વધુ માહિતી શેર કરવામાં આવશે. પોલીસે હુમલાખોરોની ઓળખ કરી લીધી હોવાનો દાવો કર્યો હતો અને કહ્યું હતું કે આરોપ ીઓની ટૂંક સમયમાં ધરપકડ કરવામાં આવશે. મેંગલુરુ સુહાસ શેટ્ટી હત્યા કેસના સંદર્ભમાં મેંગલુરુમાં ૬ મે સુધી પ્રતિબંધિત આદેશો લાગુ કરવામાં આવ્યા છે. સુહાસના અંતિમ સંસ્કાર આજે કરવામાં આવશે જેના માટે કડક સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે. નજીકના ૫ જિલ્લાઓમાંથી એસપીની ખાસ પોસ્ટિંગ કરવામાં આવી છે અને ભારે પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું છે. ૧,૦૦૦ પોલીસ કર્મચારીઓ સાથે KSRPની ૨૨ ટુકડીઓ તૈનાત કરવામાં આવી છે. સુહાસની અંતિમ યાત્રા પર શોભાયાત્રા કાઢવાની પરવાનગી આપવામાં આવી નથી.

### ટ્રમ્પ સરકારમાં મોટી ઉથલપાથલ

# ટ્રમ્પ સરકારમાંથી રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર વોલ્ટ્ઝ આપશે રાજીનામું

### સૂત્રોના જણાવ્યા અનુસાર, રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર માઈક વોલ્ટ્ઝને રાષ્ટ્રીય સુરક્ષા માહિતી લીક કરવાના દોષી ઠેરવવામાં આવ્યા છે

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨ ।

ટ્રમ્પ વહીવટીતંત્રમાં ઘણી ઉથલપાથલ ચાલી રહી છે. અમેરિકાના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર (NSA) માઈક વોલ્ટ્ઝનું વ્હાઈટ હાઉસ છોડવાનું નિશ્ચિત છે. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર માઈક વોલ્ટ્ઝને રાષ્ટ્રીય સુરક્ષા માહિતી લીક કરવાના દોષી ઠેરવવામાં આવ્યા છે. તેથી, તેમણે પોતાના પદ પરથી રાજીનામું આપવું પડશે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના બીજા કાર્યકાળ દરમિયાન સ્ટાફમાં આ પહેલો



મોટો ફેરફાર છે. તમને જણાવી દઈએ કે માઈક વોલ્ટ્ઝ માર્ચમાં ત્યારે કડક તપાસના ઘેરામાં આવી ગયા જ્યારે એવું બહાર આવ્યું કે તેમણે પત્રકાર જેફરી ગોલ્ડબર્ગને એક્રિપ્ટેડ મેસેજિંગ એપ સિગ્નલ પર એક ખાનગી ‘ટેક્સ્ટ ચેઈન’માં ઉમેર્યા હતા. એપ પરની આ ‘ટેક્સ્ટ ચેઈન’નો ઉપયોગ યમનમાં હુથી આતંકવાદીઓ સામે ૧૫ માર્ચે યોજાનારી સંવેદનશીલ લશ્કરી કાર્યવાહીના આયોજનની ચર્ચા કરવા માટે કરવામાં આવ્યો હતો. માઈક વોલ્ટ્ઝ ટ્રમ્પના વહીવટ છોડનારા પહેલા સાથીદાર હશે. ટ્રમ્પ બીજી વખત યુનાઈટેડ સ્ટેટ્સના પ્રમુખ બન્યા પછી, ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૫ના રોજ વોલ્ટ્ઝને NSA તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. પ્રમુખના અતિ-જમણેરી સાથી લૌરા લૂમરે પણ વોલ્ટ્ઝ પર નિશાન સાધ્યું છે.

## ૨૧ વર્ષની ઉંમરમાં કર્યા ૧૨ લગ્ન, લૂંટીને થઈ જતી ફરાર

। (એજન્સી) લખનૌ, તા.૨ ।

લૂંટેરી દુલ્હન વિશે તો તમે સાંભળ્યું હશે. પરંતુ આજે અમે તમને વાત કરી રહ્યાં છીએ યુપીની ડાકુ દુલ્હન વિશે. આ દુલ્હન કોઈ સામાન્ય દુલ્હન નથી. ગુજરાતમાં કાજલ, હરિયાણામાં સીમા, બિહારમાં નેહા અને ઉત્તરપ્રદેશમાં સ્વીટી. ૨૧ વર્ષની ઉંમરમાં તે ઓછામાં ઓછા એક ડઝન લગ્ન કરી ચુકી છે, પરંતુ માત્ર થોડી કલાકો માટે. ડાકુ દુલ્હન જેમ લોકો તેને બોલાવે છે, અસલ જિંદગીમાં ગુલશાના રિયાઝ ખાન છે, જેણે યુપીના જૌનપુરમાં એક દરજી રિયાઝ ખાન સાથે લગ્ન કર્યા છે.

## મુંબઈના શિરે ટોપરનો તાજ, રાજસ્થાન રોયલ્સ પ્લેઓફની રેસમાંથી બહાર

। (એજન્સી) જયપુર, તા.૨ ।

મુંબઈ ઈન્ડિયન્સે આઈપીએલમાં શાનદાર કમબેક રાજસ્થાન સામે ૧૦૦ રનથી દબદબા સાથે વિજય મેળવતા ૧૧ મેચમાં સાતમી જીત સાથે પોઈન્ટ ટેબલમાં ટોપરનો તાજ ધારણ કર્યો છે. જયપુરમાં આઈપીએલની આ સિઝનની ૫૦મી મેચમાં મુંબઈએ રોહિત અને રિકલટનની ફિફ્ટી ઉપરાંત પ્રથમ વિકેટની સદીની ભાગીદારી સાથે બે વિકેટે ૨૧૭ રનનો વિશાળ સ્કોર રજૂ કર્યો હતો. જવાબમાં રાજસ્થાન રોયલ્સ ૧૬.૧ ઓવરમાં ૧૧૭ રનમાં ખખડ્યું હતું. આ પરાજય સાથે રાજસ્થાન પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગયું છે. ચેન્નાઈ બાદ રોયલ્સ નોકઆઉટમાંથી બહાર થનાર બીજી ટીમ બની છે. મુંબઈએ સળંગ છઠ્ઠી મેચમાં વિજય મેળવ્યો હતો. રાજસ્થાનનો બેટિંગમાં ફિયાસ્કો થયો હતો. ગત મેચમાં ગુજરાત સામે ૩૫ બોલમાં સદી ફટકારીને ચર્ચામાં આવેલા બેટ્સમેન વૈભવ સુર્યવંશીનો જાદુ આજે ચાલ્યો નહતો. દીપક ચાહરની પ્રથમ ઓવરમાં બે બોલમાં તે શૂન્ય પર જેક્સના હાથે કેચઆઉટ થયો હતો. ત્યારબાદની બીજી ઓવરમાં ડાબોડી ઓપનર જયસ્વાલ (૧૩) પણ બોલ્ડ થયો હતો. મુંબઈએ બેટિંગ બાદ બોલિંગમાં પણ આક્રમકતા દર્શાવી હતી અને રાજસ્થાન રોયલ્સે ૯૧ રનમાં નવ વિકેટ ગુમાવતા તેમનો પરાજય નિશ્ચિત હતો. જોળા આર્ચરે ૨૭ બોલમાં બે ચોગ્ગા અને બે છગ્ગા સાથે સર્વાધિક ૩૦ રન કર્યા હતા.

## તંત્રી લેખ...

# પંજાબ અને હરિયાણા વચ્ચે પાણીને લઈને વધ્યો વિવાદ

દેશમાં જેમ જેમ તાપમાન વધી રહ્યું છે તેમ તેમ પાણીની માંગ પણ વધી રહી છે અને આવી ઋતુમાં પાણીએ બે રાજ્યોના રાજકીય તાપમાનમાં પણ વધારો કર્યો છે. ચંડીગઢથી દિલ્હી સુધી બેઠકોની શ્રેણી ચાલી રહી છે. પંજાબના મુખ્યમંત્રી ભગવંત માને ચંડીગઢમાં પંજાબ ભવન ખાતે સર્વપક્ષીય બેઠક યોજી હતી. આ ઉપરાંત કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહને પણ દિલ્હીમાં પંજાબ, હરિયાણા, રાજસ્થાન અને હિમાચલ પ્રદેશના મુખ્ય સચિવોની એક બેઠક બોલાવી છે. ગૃહ સચિવની બેઠકમાં ભાખરા બિયાસ મેનેજમેન્ટ બોર્ડ (BBMB)ના વડા મનોજ ત્રિપાઠી અને જળ શક્તિ મંત્રાલયના પ્રતિનિધિઓ પણ હાજર છે. હરિયાણાને વધારાનું પાણી આપવા અને ભાખરા ડેમમાંથી પાણી ન છોડવાના ભાખરા બિયાસ મેનેજમેન્ટ બોર્ડ (BBMB)ના નિર્ણય અંગે ગૃહ મંત્રાલયની બેઠક શરુ થઈ ગઈ છે. પંજાબના મુખ્ય સચિવ રજા પર છે, જેના કારણે રાજ્યના અધિક મુખ્ય સચિવ આલોક શેખર અને જળ સંસાધન વિભાગના મુખ્ય સચિવ કૃષ્ણ કુમાર બેઠકમાં હાજરી આપી રહ્યા છે. આ બેઠકમાં હરિયાણાના મુખ્ય સચિવ અનુરાગ રસ્તોગી પણ હાજર છે.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેરળમાં ૮,૮૦૦ કરોડ રૂપિયાના મૂલ્યના વિઝિંજામ આંતરરાષ્ટ્રીય બંદરને રાષ્ટ્રને સમર્પિત કર્યું

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કેરળના તિરુવનંતપુરમમાં ૮,૮૦૦ કરોડ રૂપિયાના વિઝિંજામ આંતરરાષ્ટ્રીય ડીપવોટર બહુહેતુક દરિયાઈ બંદરને રાષ્ટ્રને સમર્પિત કર્યું. ભગવાન આદિ શંકરાચાર્યની જન્મજયંતીના શુભ પ્રસંગે સભાને સંબોધતા, પ્રધાનમંત્રીએ ભાર મૂક્યો કે ત્રણ વર્ષ પહેલાં, સપ્ટેમ્બરમાં, તેમને આદિ શંકરાચાર્યના પૂજનીય જન્મસ્થળની મુલાકાત લેવાનો લહાવો મળ્યો હતો. તેમણે આનંદ વ્યક્ત કર્યો કે તેમના સંસદીય મતવિસ્તાર, કાશીમાં વિશ્વનાથ ધામ સંકુલમાં આદિ શંકરાચાર્યની ભવ્ય પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે. તેમણે ભાર મૂક્યો કે આ સ્થાપના આદિ શંકરાચાર્યના અપાર આધ્યાત્મિક જ્ઞાન અને ઉપદેશોને શ્રદ્ધાંજલિ તરીકે છે. તેમણે વધુમાં ભાર મૂક્યો કે તેમને ઉત્તરાખંડના પવિત્ર કેદારનાથ ધામમાં આદિ શંકરાચાર્યની દિવ્ય પ્રતિમાનું અનાવરણ કરવાનું પણ સન્માન મળ્યું છે. પ્રધાનમંત્રીએ નોંધ્યું કે આજે વધુ એક ખાસ પ્રસંગ છે કારણ કે કેદારનાથ મંદિરના દરવાજા ભક્તો માટે ખોલવામાં આવ્યા છે. પ્રધાનમંત્રી મોદીએ ભાર મૂક્યો કે કેરળથી ઉદભવેલા આદિ શંકરાચાર્યે દેશના વિવિધ ખૂણામાં મઠો સ્થાપ્યા હતા અને રાષ્ટ્રની ચેતનાને જાગૃત કરી હતી.

**કથા દ્વારા સુમતિની ભૂખ જાગે છે, અને જડ પરંપરાઓ પ્રવાહી થઈ જાય છે, ત્યારે સમજવું કે તાવ ઉતરી ગયો છે**

# નિયતિ રુપે કોઈ સમસ્યા આવે એ પહેલાં જ સદગુરુ આવી એનું સમાધાન કરી જાય છે



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

**ભગવાન રામ અને લક્ષ્મણ ઋષિમુનિઓ સાથે મિથિલામાં આવે છે અને વિશ્વામિત્રને કહે છે હે ગુરુદેવ લક્ષ્મણ નગર દર્શનની ઈચ્છા વ્યક્ત કરે છે તો હું તેને નગર બતાવી આવું? આમ તે મિથિલાના નગર દર્શન માટે નીકળે છે, બંને ભાઈઓ પુષ્પ વાટિકામાં આવે છે અને રાણી સુનયના પણ જાનકીને મા ભવાનીની પૂજા કરવા માટે મોકલે છે.**

આઠમા દિવસની માનસ ગોદાવરીની કથામાં પ્રવેશ કરતા બાપુએ કહ્યું કે, રામ તીર્થમ્ રામ કૃતમ્ એટલે કે અહીંનાં તપોવનમાં રામતીર્થ છે, ત્રંબકેશ્વરને બ્રહ્મતીર્થ માનવામાં આવે છે, ત્યાં આગળ બ્રહ્મકુંડ પણ છે. એટલે ત્યાં શિવ અને અહીં રામ, તેથી જ આ ક્ષેત્રને હરિહર ક્ષેત્ર પણ કહેવામાં આવે છે. ભગવાન રામે આ ક્ષેત્રનું સર્જન કર્યું, અને એમાં નિત્ય રામ લક્ષ્મણ અને જાનકી સ્નાન કરતાં હતાં. ગોદાવરીનાં પ્રવાહની પરંપરા જડતા નહીં પણ જીવંતતા આપનાર છે, ગોદાવરીના તાત્વિક દર્શનમાં ગોદાવરી ધર્મની પ્રવાહી સરલ તરલ ધારા છે. સભ્યતા અને સંસ્કૃતિ પ્રવાહ જેવી હોવી જોઈએ, જે કટ્ટર અને જડ થઈ જાય એ સંસ્કૃતિ નબળી પડે. હાલ એવી અનેક ધર્મ પરંપરાઓ વધતી જાય છે, જે પોતાની જડતા અને કટ્ટરતા છોડી શકતા નથી, અને ઉપરથી આપણી સભ્યતા વૈશ્વિક ધારા છે, એટલે એને પાડી દેવાની કોશિશ કરે છે. તુલસીદાસજી રામચરિત માનસમાં કલી પ્રભાવનું વર્ણન કરતાં કહ્યું છે

**કલીમન ગ્રસે ધર્મ સબ લુભ**
**ગયે સદગ્રંથ,**
**દભિન્હ નિજ મતિ કલિ કરી**
**પ્રગટ કિયે બહુપંથ.**

ઘણાએ મનમાની કરી આ રીતે ઘણાં પંથ ઉભા કરી દીધા છે. તુલસીદાસજી ઉદાર છે એટલે પંથ શબ્દનો પ્રયોગ કર્યો છે, બાકી આમાં ન તો ધર્મ છે, કે ના કોઈ સંપ્રદાય કહેવા જેવું તથ્ય છે. બિલકુલ બીજાના ખેતરમાં પાડેલી કેડીઓ, જેમ ધર્મને નામે મનમાની કરી ફાટાઓ પાડી દીધા છે! અને પોતાનો ધર્મ! પોતાનો ધર્મ! કરી જડ અને કટ્ટર બની સમાજને અશાંત કરે છે. ઘરની દીવાલો નબળી હોવા છતાં તે ઘર છે, જ્યારે જેલની દીવાલો મજબૂત હોવા છતાં એ જેલ છે! એટલો ફર્ક આપણા પોતિકા ધર્મનો છે. એટલે ધર્મ એવો હોવો જોઈએ, કે જે આપણને સ્વતંત્રતા આપે!: અને ગોદાવરી આવી પ્રવાહમાન પરંપરા છે.

**સદગુરુ વેદ વચન વિશ્વાસા,**
**સંજમ યહન વિષય કે આસા.**

કથા દ્વારા સુમતિની ભૂખ જાગે છે, અને જડ પરંપરાઓ પ્રવાહી થઈ જાય છે, ત્યારે સમજવું કે તાવ ઉતરી ગયો છે અને કથા રુપી ઔષધિ કામ કરી રહી છે.

**સુમતિ છુધા બાઢઈ નિત નંઈ,**
**વિષય આસ દુર્બલતા ગઈ.**

સુમતિની વૃદ્ધિ થતા જ ખોટા રસોની એટલે કે ઈચ્છાઓની દુર્બળતા ઓછી થવા લાગે છે. વિમલ વૈરાગ્ય અને પવિત્ર જ્ઞાન રૂપી જળમાં સ્નાન કરવાની નિત ઈચ્છા થાય, ત્યારે સાચું સ્વાસ્થ્ય મળ્યું કહેવાય. તો આ પ્રવાહમય ચેતનાને શાસ્ત્રો દ્વારા સત્સંગ દ્વારા કે પોતાની સાધના દ્વારા કોઈ ટચ કરે તો એમાંથી આપણો પ્રવાહ તૈલધારા વત અખંડ રીતે વહે છે. યોગી તેને સહસ્ત્ર ધારા કહે છે.

**જબ દ્રવે દિન દયાલુ રાઘવ**
**સાધુ સંગતિ પાઈયે,**
**જેહી દરસ પરસ સમાગમાદિક**
**પાપ રાશિ નસાઈએ.**

કોઈ બુદ્ધ પુરુષ મળે તો સમજવું કે ઠાકુરે આપણી પર કૃપા કરી, તેઓ દ્રવ્ય ભૂત થઈ ચૂક્યાં, જેમના દર્શનથી જેમના સ્પર્શથી કે જેમનાં દર્શનથી પાપ રાશીનો નાશ થાય, અને એને કારણે આપણી અંદરની ગોદાવરી પ્રવાહમાન થાય, અને એ ચેતના ઘૂમતી ઘૂમતી આપણા કેન્દ્રને સક્રિય કરતી રહે. પ્રભુને પ્રાર્થના કરવી કે આવી કોઈ ચેતના આપણને ટચ કરે. પરંતુ હૃદય પારદર્શિત ત્યારે જ થાય, જ્યારે ઓલરેડી આપણામાં કંઈક હોય. ઓશો કહે છે કે સંપૂર્ણ ખાલી થઈ જાઓ અને ભગવાન બુદ્ધ પણ કહે છે કે શૂન્ય બાદ, પરંતુ આપણી સનાતની પરંપરામાં આપણામાં કંઈક હોવું જોઈએ. શિવધારા રામધારા કૃષ્ણધારા આ બધી જ ધારા એવું શીખવે છે કે, ભક્તિને નામે આપણી અંદર એવું કંઈક હોવું જોઈએ કે જે ઈશ્વરને પણ આપણી તરફ કરે. રવીન્દ્રનાથ ટાગોર ભીખારીની વાત યાદ કરતાં કહ્યું કે, એક ભિખારી પોતાની જોળીમાં એક મુઠ્ઠી ચોખા નાખી ભીખ માંગવા નીકળે છે. હજી તો બહાર પહોંચ્યો નથી, ત્યાં રાજાની સવારી નીકળે છે, અને સૌથી પહેલો એને ભિખારી દેખાયો માટે નીચે ઉતરી તેને પ્રણામ કરે છે, અને કહે છે કે એ ભિક્ષુક તારી પાસે જે કંઈ હોય એમાંથી મને થોડુંક આપ! કારણ કે રાજ્ય દુષ્કાળની પરિસ્થિતિનો સામનો કરી રહ્યો છે. મને સાધુ એ કહ્યું છે કે તમે કોઈ પાસે ભીખ માંગશો તો જ વરસાદ થશે. ભિખારીની વૃત્તિ તો માંગવાની હોય, આપવાની થોડી હોય, એટલે એને સંકીર્ણતાથી એક દાણો રાજાને આપ્યો અને રાજાનું કામ થઈ ગયું વરસાદ વરસાદ!; પણ ભિખારીને સારું લાગતું નહોતું, કારણ કે તેને આપવું પડ્યું હતું. એટલે તેણે પોતાની જોળી ઠલવી તો એમાંથી એક દાણો સોનાનો નીકળ્યો. વાર્તા તો આટલી જ છે. પરંતુ જે આપીએ છીએ એ જ સોનાનું છે, સંગ્રહ કરીએ છીએ તો અંતે ધૂળધાણી થઈ જવાનું છે. આપણી પાસે એક મુઠ્ઠી શ્રદ્ધા હોવી જોઈએ એક ચપટી વિશ્વાસ હોવો જોઈએ અને ભાગવત ગીતામાં લખ્યું છે આપણી પાસે કંઈક હશે તો ત્રાયતે મહતો ભયાત! એ સૂત્ર મુજબ આપણે ઘણી બધી સમસ્યાઓથી બચી જઈશું. સ્વલ્પ ધર્મનું આચરણ કર્યું હશે, તો એ પણ આપણને તારી દેશે. કોઈ પરમ ચેતના જ્યારે આપણને સ્પર્શે છે, ત્યારે આપણું હૃદય વિશેષ પવિત્ર થાય છે, આપણને વિશેષ પ્રફુલ્લિતતાનો અનુભવ થાય છે, અંદરને અંદર કંઈક શુભ પડ્યું હોય એવી અનુભૂતિ થાય છે. આમ સદગુરુના એક મુઠ્ઠી ચોખા જ આપણી ઝોળીને અનહદ અઢળક ભરી દે છે! માનસ એક એવી રસીનું કામ કરે છે, જે આપણી ભીતરી ખુબસુરતીને બરકરાર રાખે છે. જમાનો ખરાબ છે માટે ધ્યાન રાખજો, કોઈ આપણી ભીતરી સંપદાને બદસુરત કરી ન દે! ક્યારેક કોઈ એવી ઘટનાનો શિકાર થઈ જઈએ, તો સમજવું કે પરમાત્મા આપણને એડવાન્સમાં રસી પીવડાવી રહ્યો છે. અશોક વાટિકામાં જાનકીજી પાસે રાવણ આવે છે, અને એ પહેલા જ હનુમાન જાનકીજી મળી લે છે, એટલે કે ભગવાન કોઈ સમસ્યા આપે એ પહેલા જ બુદ્ધ પુરુષ કે સદગુરુ આવી એનું સમાધાન આપી જાય છે. રાવણ વિશ્વની સૌથી મોટી સમસ્યા હતી, પરંતુ ત્યાં આગળ હનુમાન બેઠા હતાં, એટલે સમસ્યા કંઈ કરી શકી નહીં. ભગવાન રામ અને લક્ષ્મણ ઋષિમુનિઓ સાથે મિથિલામાં આવે છે અને વિશ્વામિત્રને કહે છે હે ગુરુદેવ લક્ષ્મણ નગર દર્શનની ઈચ્છા વ્યક્ત કરે છે તો હું તેને નગર બતાવી આવું? આમ તે મિથિલાના નગર દર્શન માટે નીકળે છે, બંને ભાઈઓ પુષ્પવાટિકામાં આવે છે અને રાણી સુનયના પણ જાનકીને મા ભવાનીની પૂજા કરવામાટે મોકલે છે. જાનકી સ્નાન કરીને મા ગૌરીની પૂજા કરે છે અને યોગ્ય વર માંગે છે. માનસમાં કેટલીક વાતો પરોક્ષ ને કેટલીક વાતો અપરોક્ષ રીતે રજૂ થઈ છે. પહેલી ચકિત દ્રષ્ટિ, બીજી ચિંતિત દ્રષ્ટિ, ત્રીજી સૌમ્ય દ્રષ્ટિ, ચોથી લોભની દ્રષ્ટિ, પાંચમી દૃષ્ટિ અંતરમુખ થઈ જવું, જાનકી મંત્રમુગ્ધ થઈને રામમાં ડૂબી જાય છે. તુલસીદાસજી આ પાંચ દ્રષ્ટિને પોતાની ચોપાઈમાં કંડારી લે છે.

**ચિતવત ચકીત ચહું દિસી સીતા,**
**કહ ગયે નૃપ કીશોર મનુ ચિંતા.**
**જબ બિલોક મૃગ સાવક નૈની.**
**જનુ તહં વરસી કમલ સિત શ્રેની,**
**દેખી રૂપ લોચન લલચાને!**
**હરષે જનુ નીજ નિધિ પહિચાને.**
**લોચન મગ રામ હી ઉર આની.**

આમ કહી જાનકીજી રામની છબીને પોતાના હૃદયમાં અંકિત કરે છે, રામ સીતાનો સ્વયંવર રચાય છે. રાજા જનક દશરથને તેડું મોકલે છે, અયોધ્યાથી રામની જાન આવે છે, પછી બંનેના વિવાહ થાય છે, બાકીના ભાઈઓના પણ વિવાદ થાય છે, અને આમ ચાર ચાર કુંવરનો લગ્ન પ્રસંગ પતાવી રાજા દશરથ અયોધ્યા પાછા આવે છે વિશ્વામિત્ર તેમની રજા લે છે અને ત્યારે રાજા દશરથ કહે છે.

**નાથ સકલ સંપદા તુમ્હારી,**
**મેં સેવકુ સમેત સુત નારી.**

હે મહર્ષિ આપને જ્યારે પણ સાધનામાંથી સમય મળે ત્યારે અમને દર્શન આપતા રહેજો અને આમ કહી બાલકાંડની સમાપ્તિ કરી આજની કથાને વિરામ આપ્યો.

**બૌદ્ધનો ઉપદેશ સાંભળી અનેક દુષ્ટ તથા અત્યાચારી લોકોએમના વીતેલ જીવનનો પશ્ચાતાપ કરતાં એમના શિષ્યો તથા ભિક્ષુક બની સંઘની સેવા માટે પોતાને સમર્પિત કરી**

# આ બધો સમયનો ખેલ છે, ગમે તેટલું આયોજન કરો ''પણ'' ફક્ત એ જ થાય છે જે સમય ઇચ્છે છે !!



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

**૨૭ નિર્દોષોની હત્યાનો બદલો લઈશું, સિંધુ નદી કરાર રદ કરવાથી પાકિસ્તાનની હાલત કાફોડી બની ત્યાં આ નેતાઓ વધુ કડક બનતા હવે પાકિસ્તાનનું બિહાર ચૂંટણી સુધી નામોનિશાન રહેશે નહીં, આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઇએ તો ભગવાનની સમીપ જવાથી વ્યક્તિનું મન બદલાઈ જાય છે, તેનામાં સ્થિરતા આવે છે, શાંતિ આવે છે, પણબાહ્ય જગત કંઈ બદલાતું નથી, બહારની પરિસ્થિતિ તો એવીને એવી જ હોય છે.**

પહેલગામ પર્યટકો પર આતંક વાદીઓએ જે રીતે હુમલો કરી ૨૭ જેટલા નિર્દોષ પર્યટકોની હત્યા કર્યા પછી આપણા વડા પ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સેનાને છૂટો દોર આપતાં કહ્યું કે હવે શું કરવું ક્યારે કરવું એટલે કે સમય સ્થળ તારીખ સેના નક્કી કરશે તો ગૃહ મંત્રી અમિત શાહ તો બહુ કડક બન્યા છે અને આતંકવાદી ઓને વીણી વીણીને મરીશું..૨૭ નિર્દોષોની હત્યાનો બદલો લઈશું. સિંધુ નદી કરાર રદ કરવાથી પાકિસ્તાનની હાલત કાફોડી બની ત્યાં આ નેતાઓ વધુ કડક બનતા હવે પાકિસ્તાનનું બિહાર ચૂંટણી સુધી નામોનિશાન રહેશે નહીં. આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ભગવાનની સમીપ જવાથી વ્યક્તિનું મન બદલાઈ જાય છે.તેનામાં સ્થિરતા આવે છે.શાંતિ આવે છે.પણબાહ્ય જગત કંઈ બદલાતુંનથી. બહારની પરિસ્થિતિ તો એવીને એવી જ હોય છે. કદાચ વધારે મુશ્કેલ પણ બનવા સંભવ છે.કેમકે ભક્તનો ભગવાન સાથેનો સંબંધ બહારના લોકો તો સમજી શકતા નથી. એની આસ પાસ રહેલા લોકો પણ સમજી શકતા નથી.એમની તો એ ભૂમિકા નથી. દૃષ્ટિ નથી. આથી તેઓ તેને મૂરખ કે પાગલ માની હાંસી પણ ઉડાવે.શ્રી રામ કૃષ્ણ ની સાધનાવસ્થાની સ્થિતિને કોઈ સમજી શકયું ન હતું અને લોકો તેમને પાગલ બ્રાહ્મણ કહેતા હતા. પરંતુ જેમનો એકવાર પ્રભુ સાથે સંબંધ બંધાઈ ગયો, તેને પછી દુનિયાના લોકોના શબ્દોની શી અસર થાય ? એ શબ્દો તેની આંતર ચેતના સુધી પહોંચતા જ ન હોય. અને પછી તો તેના માટે દુનિયાના લોકોનું અસ્તિત્વ જ કયાં રહ્યું હોય ? એ તો એના જ પ્રભુના જુદાં જુદાં રૂપો હોય છે. બધાં પ્રભુની માયાને આધીનપ્રકૃતિ પ્રમાણે વર્તન કરી રહ્યાં હોય છે. આથી લોકોના વર્તનનું એમને કોઈ દુઃખ થતું નથી.વળી સુખ- દુઃખ માન-અપમાન, નિંદા- સ્તુતિ, હાંસી-પ્રશંસાનું મનની જે સ્થિતિ માં મહત્ત્વ રહેલું છે, એ સ્થિતિથી તેઓ કયાંય આગળ નીકળી ગયા હોય છે. એમનું ચિત્ત તો એમના ભગવાન માં લીન હોય છે.તેથી કોઈપણ પરિસ્થિતિ માં તેમને તો સહજ આનંદ જ હોય છે.આજે વિષ્ણુ પુરાણમાં ભગવાન બુદ્ધની એક વાત કરીએ. કપિલવસ્તુ નગર બુદ્ધના સ્વાગત માટે શોભાયમાન થઈ ઉઠયું. નગરવાસીઓના મનમાં અપૂર્વ આનંદ ઉમટી રહ્યો હતો. કારણ કે વિશ્વ માટે જ્યોતિ બનેલ ભગવાન બુદ્ધ એમના નગરના નિવાસી હતા રાજકુમાર સિદ્ધાર્થ એમના શાસક બનીને રહેત પરંતુ તેઓ સમસ્ત વિશ્વની માનવતાના સમ્રાટ બન્યા. આ વાતનો ગર્વ કરતાં નગરવાસી સૌએ એમના સ્વાગત માટે પથ પર પુષ્પો બિછાવ્યાં. પોતાના પ્રિય પુત્રને વાત્સલ્યપૂર્ણ હૃદયે આલિંગન દેવા માટે વૃદ્ધ મહારાજા શુદ્ધોધનનું હૃદય પુલિકત થયું. નગરમાં બુદ્ધ પ્રવેશ કરી રહ્યા હતા. કરૂણાસભર નયનો અને ગંભીર મુખમુદ્રાએ પધારનાર બુદ્ધની પાછળ અપાર જનસમૂહ બુદ્ધમ શરણમ ગચ્છામી, ધર્મમ શરણમ ગચ્છામી સંઘ શરણમ ગચ્છામીના ઘોષ કરતો હતો. આ બાજુ રાજમહેલમાં યશોધરા, રાહુલ તથા મહારાજ શુદ્ધોદન મહેલની સીડીઓ ઉતરી બુદ્ધની પ્રતીક્ષા કરી રહ્યા હતાં. સારથિ ચેન્ન મહેલના પ્રાંગણમાં ઊભા રહી આનંદાશ્રુ વહેવરાવતાં તે પોતાના પ્રિય કુમાર સિદ્ધાર્થની રાહ જોઈ રહ્યા હતા. બુદ્ધ ભિક્ષા પાત્ર લઈ મહેલની સામે આવ્યા. રાહુલે દોડી પિતાજી ના ચરણોમાં પ્રણામ કર્યા. અનેક વર્ષો બાદ દર્શન દેનાર એના પતિ દેવને પ્રસન્નવદને એકીટશે જોતી યશોધરા ઘડીભર સ્તબ્ધ થઈ પછી એના ચરણોમાં મસ્તક નમાવ્યું.એના નેત્રોનાં અશ્રુબિંદુએ બુદ્ધના ચરણોને પખાળ્યા. બુદ્ધનું આલિંગન કરવા માટે હાથ લંબાવી ઊભા રહેલ મહારાજા શુદ્ધોદન એમના પરિવ્રાજક રૂપ તથા ભિક્ષાપાત્રને જોઈ અવાક્ થઈ ગયા. એ વૃદ્ધ મહારાજનું મન ભિક્ષુ રૂપમાં પાછા ફરેલ પુત્રને જોઈ વ્યાકુળ થઈ ઉઠયું. એમના નયનોમાંથી અશ્રુ ધારાઓ વહેવા લાગી. 'બેટા, સિદ્ધાર્થ, ગૌતમ, આ શું? તું આ શું કરી બેઠો?'' આમ કહી મતિભ્રષ્ટ વ્યક્તિની જેમ બૂમ પાડતા વૃદ્ધ મહારાજા થોડી જ ક્ષણોમાં બેભાન થઈ ગયા. બુદ્ધે પિતાનું મસ્તક ગોદમાં લીધુંને પોતાના ગેરુવર્ણી વસ્ત્રથી પંખો નાખવા માંડયો. પુત્રના સ્પર્શથી શુદ્ધોદનને સહેજ કળ વળી. બુદ્ધે કહ્યું, ''પિતાજી,હું આપના ચરણો માં પ્રણામ કરું છું. હું સિદ્ધિનો સંપૂર્ણ અર્થપ્રાપ્ત વ્યક્તિરૂપ બની પાછો ફર્યો છું.'' આ વાત શુદ્ધોદનના કાનમાં અમૃતતુલ્ય પ્રતીત થઈ. બુદ્ધના નેત્રોમાંથી જ્યોત્સનાના કિરણો ફૂટી રહ્યા હતાં. બુદ્ધના મુખ મંડળ પર દિવ્ય ઓજસ ટપકી રહ્યું હતું. કોઈ અપરિચિત પ્રભાવે શુદ્ધોદનને ઉત્તેજિત કર્યો. અશાંતિથી શાંતિ તરફ અંધકાર થી પ્રકાશ તરફ તથા ભ્રમથી સત્ય તરફ એ પ્રભાવ લઈ ગયો બુધ્ધમ શરણમ ગચ્છામી શબ્દો એમના કાનોમાં પ્રતિધ્વનિત થઈ રહ્યા હતા.શુદ્ધોદનના મુખમાંથી પણ આ શબ્દો નીકળી રહ્યા હતા. રાહુલ આ શબ્દો વારંવાર બોલી રહ્યો હતો.ત્યાં એકત્ર થયેલ લોકો માં પણ આ શબ્દ ઘોષિત થઈ રહ્યા હતા. યશોધરા પોતાના નેત્રો મીંચી વક્ષ પર હાથ મૂકી ધ્યાન મુદ્રામાં બુધ્ધમ શરણમ ગચ્છામી નો જપ કરી રહી હતી. આ સ્થિતિમાં બુદ્ધે રાહુલના મસ્તક પર હાથ ફેરવતાં કહ્યું, ''હું તને આશીર્વાદ દઉં છું કે તું પણ બુદ્ધ બની ધર્મ તથા સંઘનું અનુસરણ કરતાં માનવતા માટે સાર્થકતા પ્રદાન કરીશ. જાણે છે બુદ્ધનો અર્થ શું છે? તારી ધારણા મુજબ કેવળ હું જ બુદ્ધ નથી. ઉત્તમ ધર્મ તથા અહિંસાનું આચરણ કરનાર સર્વે લોકો બુદ્ધ જ છે. બુદ્ધત્વ જ માનવતા છે. બુદ્ધત્વ પ્રાપ્ત કરનાર માનવ જ બુદ્ધ હોય છે.આવા માનવ જન્મ ને સાર્થક બનાવનાર જ બુદ્ધ જ આ જગત માટે આવશ્યક છે. પ્રાણી જગત માટે શરણ્ય છે. બુદ્ધોદ્વારા ઉપદેશેલ ધર્મ જ માનવ જગતને સાચી શાંતિ પ્રદાન કરે છે. ધર્મજ આ જગત માટે શરણ્ય છે. બુદ્ધો નો સંઘ જ આ વિશ્વ માટે શરણ્ય છે.''ત્યાર બાદ યશોધરા પોતાના નેત્રો ખોલી બુદ્ધ તરફ નિશ્ચલ દૃષ્ટિ પ્રસારિત કરતાં બોલી,સ્વામી હું મારી જાતને આપના હાથમાં ભિક્ષાના રૂપમાં સમર્પિત કરું છું. આજ સુધી હું એક ગૃહિણી બની રહી. હવે હું માનવ માત્રની સૈવા ધર્મને માટે અર્પણ કરી રહી છું.તેથી પરિવ્રાજિકા છું. આપના ચરણ ચિહ્નો પર ચાલતાં જીવન વ્યાપન કરવું એ જ મારો ધર્મ છે. તેથી કૃપા કરી નારી સમાજને માટે પણ બૌદ્ધ સંઘમાં યોગ્ય સ્થાન પ્રદાન કરો.'' આમ નિવેદન કરી ભક્તિ પૂર્વક યશોધરાએ ભગવાન બુદ્ધ ના ચરણોમાં પ્રણામ કર્યા. આમ યશોધરા બૌદ્ધ ધર્મનો સ્વીકાર કરનાર પ્રથમ મહિલા હતી. ત્યાર બાદ હર્ષનાં આંસુ વહેવરાવ નાર અને બુદ્ધની ભગવાનના રૂપમાં આરાધના કરનાર બે હાથ જોડી ઊભા રહેલ સારથિ ચેન્નને બુદ્ધે જોયો એને વાત્સલ્યપૂર્ણ આલિંગન દેવા તેઓ આગળ વધ્યા. એટલે ચેન્ન બુદ્ધને પ્રણામ કરવા લાગ્યો. એને અટકાવતાં બુદ્ધ બોલ્યો, ચેન્ન, મનુષ્ય ગમે તેટલો મહાન બને પણ નાનાએ મોટેરાંનો આદર કરવો જોઈએ. અત્યારે મારે માટે તમે પૂજનિય છો. મને આ કપિલવસ્તુ નગરથી વિશાળ વિશ્વમાં પ્રવેશ કરાવનાર પુણ્યાત્મા તમે જ છો.મેં જે સત્યો અને ધર્મોનું કજ્ઞાન પ્રાપ્ત કર્યું એ આધાર કોઈ મને ભગવાન માને યા ભગવાન માની મારીઆરાધના કરે મે હું કદાપિ પસંદ નહિ કરું. કોઈ માનવીની રાધના કરવી અનુચિત છે. એજ પ્રમાણે કનવાન મનાવવાની ભાવના પણ એટલી જ યોગ્ય છે. સહુથી મુખ્ય વાત તો માનવ નું આચરણ કરવું એ જ છે.બુદ્ધ ભગવાનનાં વચન સાંભળી અભ્યથનાના સ્વરમાં ચેન્ન બોલ્યો, ''બુદ્ધને ભગવાન માનવામાં જ અમને એક પ્રકારનો સંતોષ થાય છે. આ ભાવનાને કારણે જ ધર્મા ચરણ તથા સંઘ સેવા પ્રત્યે અમારા હૃદયમાં જ અવિચળ ભક્તિ અને શ્રદ્ધા જન્મશે. અને એક શક્તિશાળી સંબંધ જોડાશે. તેથી કૃપા કરી આપને ભગવાન માની આપની આરાધના કરવાની ભાવનાની સ્વેચ્છાને રોકશો નહિ.''એ સમય થી બુદ્ધભગવાન યા ભગવાન બુદ્ધ નામથી ઓળખાયા. તેઓ બુદ્ધદેવ કહેવાયા. ઉત્તમ માનવ જ દેવ છે. શાક્ય વંશના મુઠ્ઠીભર લોકો સિવાય અન્ય સહુએ બૌદ્ધ ધર્મનો સ્વીકાર કર્યો.સાથે બુદ્ધની આજ્ઞા ઓ અને ઉપદેશોને પ્રસાર કર્યો. તેઓ સહુ ભિક્ષુ બન્યા. પોતાની સમસ્ત સંપત્તિને સંઘને અર્પણ કરી દીધી ને સેવા કરવા તૈયાર થયા.દેવદત્ત પ્રારંભથી જ બુદ્ધનો વિરોધી બની રહ્યો. તેણે ઈર્ષ્યાથી પ્રેરિત થઈ બૌદ્ધ ધર્મનો વિરોધ કર્યો અને બુદ્ધથી વિરુદ્ધ પોતાનું સંગઠન શરૂ કર્યું.બુદ્ધ કપિલવસ્તુ નગરમાંથી ચાલ્યા.તે સમયે એમની સાથે એમના અનુયાયી ઓ તથા શિષ્યો સાથે યશોધરા અને રાહુલ પણ હતાં.પાછાં ફરતાં બુદ્ધ સુજાતાને ઘેર ભિક્ષુ બની આવ્યા. ભગવાને સુજાતાના પુત્રને આશીર્વાદ દીધાને રાહુલને કહ્યું, ''રાહુલ, સુજાતા નો પુત્ર તારો મિત્ર છે. તમે બન્ને મિત્ર બની ભ્રાતૃભાવ- પૂર્વક રહોને જાતિ-વર્ણથી અલિપ્ત રહેતાં વિશ્વ માં માનવતા અને વસુદેવ કુટુંબની ભાવનાનો પ્રસાર કરો.'' સુજાતા બુધની શિષ્ય તરીકે યશોધરા સાથે રહી. બુદ્ધે એને આદેશ દીધો કે ગૃહણીઓનો ધર્મ નિર્વાહ કરતાં નારીઓ બૌદ્ધ ધર્મ અવલંબન કરી બાળકોને ઉત્તમ મનુષ્ય બનાવનાર વાળી માતા બને.આ સંદેશનોનારી જગતમાં પ્રચાર કરતાં ''ધર્મ સંચાલન બુદ્ધે એમના અનુયાયી ઓ શિષ્યોને ધર્મ ચક્રનું સંચાલન કરવા માટે ચારે દિશા ઓમાં મોકલી આપ્યા. ઉપરાંત યશોધરા તથા રાહુલને સમજાવ્યું કે તેઓ બન્ને કપિલ વસ્તુ પાછા ફરી વૃદ્ધ શુદ્ધો દનની સંભાળ રાખે અને શાક્ય વંશને ધર્મમાર્ગ પર ચલાવે.ત્યારબાદ બુદ્ધ એકલા જ માર્ગમાં નીકળી પડયા. એક ભયંકર જંગલમાં અત્યાચારો માટે પ્રસિદ્ધ અંગુલિ માલ નામનો લૂંટારુ રહેતો હતો. તે મનુષ્યોના હાથની આંગળીઓ કાપી એમની માળાગૂંથી પોતાના કંઠમાં પહેરતો હતો.એ આંગળી ઓ એ લોકોની હતી જે લોકો એનાથી ડરી એને આધીન થઈ ગયા હતા યા પોતાનો પ્રાણ બચાવવાના પ્રયત્નમાં એના હાથે માર્યા ગયા હતા. અંગુલિમાલ માનતો હતો કે તે એવો પ્રભાવ શાળી બનેકે એનું નામ સાંભળતાં જ લોકો થર થર ધ્રૂજવા માંડે. માર્ગની વચ્ચે કેટલાક ભરવાડોએ બુદ્ધને ત્યાં નહિ જવાની ચેતવણી આપી,'સ્વામી, શું તમે એ માર્ગે જાઓ છો જ્યાં કોઈ એકલા જવાની હિંમત કરતું નથી. ત્યાં ભયંકર ડાકુ રહે છે. એકલ-દોકલ કોઈ માનવી એને મળશે તો પ્રાણ અવશ્ય જ ગુમાવવાનો. પણ બુદ્ધએ ભરવાડોની ચેતવણીની લેશ માત્ર દરકાર કર્યા.વિના એ અરણ્ય માર્ગથી આગળ વધ્યા. એકલા આવતા બુદ્ધને દૂરથી અંગુલિમાલે જોયા. ગેરુઆ વર્ષમાં બુદ્ધ કંઈક સંતાડી રહ્યા હતા. અંગુલિમાલ ચમકતા રક્ત રંજિત ભાલાને ઉપાડી ગર્જી ઉઠયો,''તમે કોઈ વસ્તુ સંતાડી રહ્યા છો એને મારા હાથમાં આપી દો.બુદ્ધેસ્મિત કરતાં વસ્ત્રમાં છૂપાવેલ ભિક્ષા પાત્રને કાઢી અંગુલિમાલના હાથ માં આપી દીધું.તેને ઉલટાવી ઉલટાવી જોઈ એ લૂંટારુ બોલ્યો, 'ઓહ, આ તો ભિક્ષાપાત્ર છે. ''તેણે ક્રોધિત થઈ બુદ્ધ સામેજોયું ''તમે ભલે ભિક્ષુક હો પણ મારી શોધમાં આવ્યા હો એમ લાગે છો અને મારી સામે ઊભા રહી હસતાં હસતાં મારા હાથમાં ભિક્ષા પાત્ર આપવાની તમારી આટલી હિંમત? શું તમને મારો ડર લાગતો નથી? જાણો છો હું કોણ છું?'' ''તમે મનુષ્ય છો. હું પણ મનુષ્ય છું. પછી આપણે એક બીજાથી શા માટે ડરીએ?'' બુદ્ધે કહ્યું.'તમે મારાથી ડરી અંગૂઠો દઈ તમારો જીવ બચાવી લો નહિ તો હું તમને મારી નાખીશ પછી તમારા અંગુઠા ને માળામાં ગૂંથી લઈશ.'' ડાકુએ કહ્યું.''તમે મને મારી નાખશો.બસ એટલુંજ ને? મૃત્યુ તો ગમે ત્યારે નિશ્ચિત જ છે. મને મારી નાખો. હું આનંદપૂર્વક મરવા તૈયાર છું. આજે તમે મને મારી નાખશો પછી આવતી કાલે તમે મરી જશો પણ શું તમે મારી જેમ નિશ્ચિંત પ્રસન્નતા પૂર્વક મોતનું સ્વાગત કરશો? મેં કોઈ પ્રાણીને કષ્ટ પહોંચાડયું નથી. તેથી સંતોષ અને આનંદપૂર્વક તમારા ભાલા સામે મસ્તક ઝુકાવી શકું છું પરંતુ શું જ્યારે તમારું મોત સામે આવશે ત્યારે તમે મારી જેમ પ્રસન્ન રહી શકશો.'' બુદ્ધે પૂછયું.આ વાક્ય સાંભળવાથી અંગુલિમાલનું મસ્તક ઘુમવા લાગ્યું. તે વિચારમાં ડૂબી ગયો. પોતાનાં ભયંકર કૃત્યોનું સ્મરણ કરતાં ભયથી ધ્રૂજવા લાગ્યો. તેના પાપોનું કોઈ પ્રાયશ્ચિત નહોતું. મહાન પાપી બનેલ એ માનવીને ક્ષમા કરી શકનાર કોણ દયાળુ હતું? એ વ્યથામાં અંગુલિમાલની સ્મૃતિમાં બુદ્ધજ આવ્યા. તેણે બુદ્ધ વિષે ઘણીવાર સાંભળ્યું હતું. તેણે એ પણ સાંભળ્યું હતું કે એ ભગવાન ની દૃષ્ટિમાં વાઘ,હરણસાપ અને દેડકો સહુ સમાન હતા.તેઓએવા કરુણા અવતાર હતા. તે જ તેના ઉદ્ધારક હતા. આમ વિચાર કરતાં તે એવી રીતે પોકારી ઉઠયો જાણે તે ગણગણી રહ્યો હોય, ''યુદ્ધમ્ શરણમ ગચ્છામી. 'અંગુલિમાલ, એ બુદ્ધ હું જ છું. તમારા માટે જ અહીં આવ્યો છું. તેથી તમારા હાથમાં ભિક્ષાપાત્ર આપ્યું છે તમારા ભૂતકાળના જીવનને તમે ભૂલી જાઓ. હવે એક બુદ્ધ ભિક્ષુકના રૂપમાં મારા શિષ્ય બની મારી સાથે ચાલ્યા આવો.' બુદ્ધે સમજાવ્યું.'બુદ્ધ ભગવાન'' આમ કહી અંગુલિ માલ બુદ્ધના ચરણે પડયો અને ગદગદ થઈ તેમને નિવેદન કર્યું, ''ભગવાન, કેવળ હું મારો જ ઉદ્ધાર જ નથી માગતો. મારા સહુ સાથીઓ આપના શિષ્યો છેભિક્ષુ છે.''આમ કહી અંગુલિમાલે એના સર્વે સાથીઓને બોલાવ્યા અને બુદ્ધને પ્રાર્થના કરી કે તેમના પર અનુગ્રહ કરે.ત્યારબાદ અંગુલિ માલ અને તેના સાથીદારી બૌદ્ધ ભિક્ષુ બની એમની પાછળ ચાલ્યા. બૌદ્ધનો ઉપદેશ સાંભળી અનેક દુષ્ટ તથા અત્યાચારી લોકોએમના વીતેલ જીવનનો પશ્ચાતાપ કરતાં એમના શિષ્યો તથા ભિક્ષુક બની સંઘની સેવા માટે પોતાને સમર્પિત કરી પોતાના શેષ જીવનને એ લોકોએ પુનિત બનાવ્યું. આજના ચિંતન મનન લેખમાં અહીં અટકીએ અસ્તુ.

# કપલ દીપવીરએ ઇન્સ્ટાગ્રામ બોસ સાથે વિતાવી સાંજ

## વર્કફ્રન્ટની વાત કરીએ તો, રણવીર સિંહ અને દીપિકા પાદુકોણ છેલ્લે ફિલ્મ સિંઘમ અગેનમાં સાથે જોવા મળ્યા હતા



રણવીર-દીપિકા બોલિવૂડના પાવરફુલ કપલ છે

રણવીર સિંહ અને દીપિકા પાદુકોણ બોલિવૂડના પાવરફુલ કપલ છે. તેમનો એક ફોટો વાયરલ થઈ રહ્યો છે. જેમાં તે ઈન્સ્ટાગ્રામ બોસ એડમ મોઝેરીને મળ્યા છે.દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ તાજેતરમાં મુંબઈમાં ડિનર ડેટ પર જોવા મળ્યા હતા, અને એવું લાગે છે કે આ પ્રસંગ કંઈક ખાસ હતો. અહેવાલો અનુસાર, બોલિવૂડના પાવર કપલ દીપિકા પાદુકોણ અને રણવીર સિંહ ડિનર પછી પાપારાઝી દ્વારા ક્લિક થયા હતા જ્યારે તેઓ એડમ મોસેરીનું ભારતમાં સ્વાગત કર્યા પછી રેસ્ટોરન્ટમાંથી બહાર નીકળી રહ્યા હતા. રાત્રિભોજન પછી, ત્રણેય એકબીજાને મળતા અને ઉષ્માભર્યા વાતો કરતા જોવા મળ્યા. આ મુલાકાત ખાસ માનવામાં આવે છે કારણ કે સોશિયલ મીડિયા જાયન્ટ ઈન્સ્ટાગ્રામના વડા બોલિવૂડના પાવર કપલને મળ્યા હતા.ઈન્સ્ટાગ્રામ પર એક તસવીર શેર કરતા એડમ મોસેરીએ લખ્યું, 'આજે સાંજે મને મુંબઈમાં શાનદાર અને કરિશ્માઈ પાવર કપલ દીપિકા પાદુકોણ અને રણવીર સિંહને મળવાનો આનંદ મળ્યો અને સાથે જ મેં અદ્ભુત ભોજન પણ ખાધું.જો કે એડમ મોસેરીની ભારત યાત્રા અને દીપિકા -રણવીર સાથેની તેમની મુલાકાતની વિગતો જાહેર કરવામાં આવી નથી, પરંતુ એ ચોક્કસ છે કે ઈન્સ્ટાગ્રામ હેડની આ મુલાકાત લોકોમાં ઘણી રુચિ પેદા કરી રહી છે.આ કપલના ડિનર આઉટિંગને પાપાએ કેમેરામાં કેદ કર્યું હતું.

# રણવીરની ધૂરંધરનું આખરી શિડયૂલ અમૃતસરમાં યોજાશે




## ફિલ્મમાં રણવીર ઉપરાંત સજય દત્ત, યામી ગૌતમ, આર માધવન તથા અર્જુન રામપાલ સહિતના કલાકારો છે

રણવીર સિંહની આગામી ફિલ્મ 'ધુરંધર' પૂર્ણતાના આરે છે. તેનું બહુ લાંબુ શિડયૂલ મુંબઈના મઢ આઈલેન્ડ ખાતે એક સ્ટુડિયોમાં ચાલ્યું હતું. હવે તેનું છેલ્લું શિડયૂલ પંજાબના અમૃતસરમાં યોજાવાનું છે. ફિલ્મમાં રણવીર ઉપરાંત સજય દત્ત, યામી ગૌતમ, આર માધવન તથા અર્જુન રામપાલ સહિતના કલાકારો છે. રણવીર ફિલ્મમાં ભારતીય જાસૂસી સંસ્થા રોના એક ઉચ્ચ અધિકારીનો રોલ ભજવી રહ્યો છે. એક દાવા અનુસાર રણવીરનો રોલ ભારતના હાલના રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત દોભાલ પર આધારિત છે. આદિત્ય ધર આ ફિલ્મ બનાવી રહ્યો છે. રણવીરની છેલ્લી ફિલ્મ 'રોકી ઔર રાની કી પ્રેમ કહાની' ૨૦૨૩માં રીલિઝ થઈ હતી.

### છેલ્લા ઘણા વર્ષોથી મોટી ફિલ્મો હિટ થઈ રહી નથી

# ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ભાગલા પડી ગયા હોવાનું સંજય દત્તે સ્વીકાર્યું

## 'થોડા ભટકી ગયા છે, હું ઈન્ડસ્ટ્રીને ફરીથી એક પરિવાર તરીકે સાથે રહેવા વિનંતી કરું છું' : સંજય દત્ત



છેલ્લા ઘણા વર્ષોથી મોટી ફિલ્મો હિટ થઈ રહી નથી. મોટા સ્ટાર્સની ફિલ્મો પણ બોક્સ ઓફિસ પર ખાસ કમાલ કરી શકી નથી અને ઘણી ફિલ્મો થોડા દિવસોમાં જ થિયેટરમાંથી દૂર કરવામાં આવી રહી છે. હવે આ મુદ્દે સંજય દત્તે પણ સ્વીકાર્યું છે કે, ફિલ્મ ઈન્ડસ્ટ્રી હવે સાથે નથી, તેના ભાગલા પડી ગયા છે. હાલ સંજય દત્ત તેની લેટેસ્ટ એક્શન કોમેડી ફિલ્મ 'ધ ભૂતની'ના પ્રમોશનમાં વ્યસ્ત છે. 'ભૂતની'ના નવા ગીત 'આયે રે બાબા'ના લોન્ચ ઈવેન્ટનો એક વીડિયો સોશિયલ મીડિયા પર બધાનુ ધ્યાન ખેંચી રહ્યો છે. જેમાં સંજયે પ્રેક્ષકો સામે પોતાનું દુઃખ શેર કર્યું હતું. તેણે કહ્યું હતું કે 'દુઃખ થાય છે કે, ઈન્ડસ્ટ્રીના આવી રીતે ભાગલા પડી ગયા છે. જે મેં પહેલા ક્યારેય જોયું નહોતું. આપણે એક પરિવાર હતા અને હંમેશા રહીશું, થોડા ભટકી ગયા છીએ. હું આટલું જ કહેવા માંગુ છું કે, ઈન્ડસ્ટ્રી માટે દરેક ફિલ્મ મહત્વની હોય છે અને દરેક ફિલ્મને તે મોકો મળવો જોઈએ.'બાબાએ વધુમાં ઉમેર્યું કે, 'ભૂતની'એ કદાચ વધારે પ્રસિદ્ધિ ન મેળવી હોય, પણ મને લાગે છે કે ફિલ્મ સારી ચાલશે. હું ફિલ્મ ઈન્ડસ્ટ્રીને ફરીથી એક પરિવાર તરીકે સાથે રહેવા વિનંતી કરું છું. 'થોડા ભટકી ગયા છે, હું ઈન્ડસ્ટ્રીને ફરીથી એક પરિવાર તરીકે સાથે રહેવા વિનંતી કરું છું'. ચાલો એકબીજાને મદદ કરીએ જેથી ફિલ્મ ઈન્ડસ્ટ્રીનો વિકાસ થાય.' ફિલ્મ 'ધ ભૂતની' એક હોરર ડ્રામા ફિલ્મ છે, જેમાં સંજય દત્ત, પલક તિવારી, સની સિંહ, મૌની રોય અને આસિફ ખાન જેવા કલાકારો મુખ્ય ભૂમિકામાં છે. સિદ્ધાંત સચદેવ દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મ ૧ મેના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.

# દીપિકા અને કેટરીના જ નહીં, રણબીર કપૂર અમીષા પટેલને પણ ડેટ કરતો

## રણબીર કપૂર તેની પહેલી ફિલ્મથી જ તેની ચોકલેટી અને પ્લેબોય છબી માટે દર્શકોમાં પ્રખ્યાત હતો



રણબીર કપૂર પોતાની કારકિર્દીની શરૂઆતમાં પ્લેબોય તરીકે જાણીત થયો હતો. તે દિવસોમાં રણબીર જે એક્ટ્રેસ સાથે કામ કરતો હતો તેને ડેટ કરી રહ્યો હોવાના સમાચાર આવવા લાગતા. રણબીરના દીપિકા પાદુકોણ અને કેટરિના કૈફ સાથેનું રિલેશનશિપ જગજાહેર છે. આ એક્ટર ઘણા વર્ષોથી આ બંને એક્ટ્રેસ સાથે રિલેશનશિપમાં હતો.રણબીર કપૂર તેની પહેલી ફિલ્મથી જ તેની ચોકલેટી અને પ્લેબોય છબી માટે દર્શકોમાં પ્રખ્યાત હતો. દીપિકા અને કેટરિના ઉપરાંત, રણબીર કપૂરનું નામ નંદિતા મહતાની, નરગીસ ફખરી અને માહિરા ખાન સાથે પણ જોડાયું હતું. તે દરમિયાન બોલિવૂડમાં દરરોજ રણબીર કપૂરના સંબંધો વિશે ચર્ચા થતી હતી.આ બધી એક્ટ્રેસ ઉપરાંત, રણબીર કપૂરનું નામ બીજી એક હિરોઈન સાથે જોડાયું હતું જેની સાથે તેણે ક્યારેય કામ કર્યુ ન હતું, પરંતુ તે બંને ઘણીવાર પાર્ટીઓમાં સાથે જોવા મળતા હતા. તેમના સંબંધો વિશે ઘણી ચર્ચા થઈ હતી અને હાલમાં જ ૪૯ વર્ષીય એક્ટ્રેસે રણબીર સાથેના તેના અફેરની અફવાઓ પર રિએક્શન આપ્યું હતું અને તેને માત્ર અફવાઓ ગણાવી હતી.'કહો ના પ્યાર હૈ' ફિલ્મથી ઋતિક રોશન સાથે ડેબ્યૂ કરનારી અમીષા પટેલ પોતાની પહેલી ફિલ્મથી રાતોરાત સ્ટાર બની ગઈ. ત્યારબાદ સની દેઓલ સાથેની 'ગદર' ફિલ્મમાં પણ આ એક્ટ્રેસને ખૂબ પસંદ કરવામાં આવી હતી. આ બંને ફિલ્મો એક્ટ્રેસના કરિયરની બેસ્ટ ફિલ્મોમાં સામેલ છેઅમીષા પટેલ ઘણી વાર રણબીર કપૂર સાથે જોવા મળી હતી. બંને ઘણીવાર પાર્ટીઓમાં સાથે જોવા મળતા હતા, ત્યારબાદ તેમના અફેરના સમાચાર સામે આવવા લાગ્યા. હાલમાં એક્ટ્રેસે આ સમાચારો પર પોતાની પ્રતિક્રિયા આપી અને કહ્યું કે તે બંને ફક્ત ફેમિલી ફ્રેન્ડ્સ હતા.અમીષા પટેલ કહે છે, 'એક સમય હતો જ્યારે અમે સાથે ઘણા ફંક્શનમાં જતા હતા. અમારા ઘણા ફોટા વાયરલ થયા, ક્યારેક કપૂર પરિવારના કાર્યક્રમો દરમિયાન તો ક્યારેક વર્લ્ડ કપ મેચો દરમિયાન. મારા માતા-પિતા ઋષિ કપૂરના ખૂબ સારા મિત્રો હતા, પરંતુ અમારા ડેટિંગના સમાચાર સાચા નહોતા.સની દેઓલની કૉ-સ્ટાર અમીષા પટેલની પર્સનલ લાઈફ વિશે વાત કરીએ તો, એક્ટ્રેસનું નામ ઘણા પરિણીત પુરુષો સાથે જોડાયું છે. અમીષાના પરિણીત ડાયરેક્ટર વિક્રમ ભટ્ટ સાથેના સંબંધો, જે તેના કરતા ૮ વર્ષ મોટા હતા, તેમની પણ અફવા ઉડી હતી.વર્ષ ૨૦૦૮માં અમીષા પટેલનું નામ લંડન સ્થિત ઉદ્યોગપતિ કણવ પુરી સાથે જોડાયું હતું. બિઝનેસમેન સાથેના બ્રેકઅપ પછી, નેસ વાડિયાએ એક્ટ્રેસની લાઈફમાં એન્ટ્રી કરી અને તેમના સંબંધોએ ઘણી હેડલાઈન્સ બનાવી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, અમીષા પટેલ અને નેડ વાડિયા જીમમાં મળ્યા હતા.અમીષા પટેલનું અંગત જીવન ફરી એકવાર હેડલાઈન્સમાં આવ્યું જ્યારે તેનું નામ પરિણીત નિર્માતા અને ઉદ્યોગપતિ કુણાલ ઠુમર સાથે જોડાયું. મીડિયા રિપોર્ટ્સમાં એવો દાવો કરવામાં આવ્યો હતો કે એક્ટ્રેસ ફિલ્મ મેકર અને તેમની પત્ની સાથે તેમના ઘરમાં રહે છે. જોકે, અમીષા અને મેકરે આ સમાચાર પર ક્યારેય રિએક્શન આપ્યું નથી. અમીષા પટેલનું નામ ઘણા પરિણીત પુરુષો સાથે જોડાયું હોવા છતાં, તેને તેના જીવનમાં સાચો પ્રેમ મળ્યો નહીં.



### શહેનાઝે કારના ફોટો સોશિયલ મીડિયા પર પોસ્ટ કર્યા

# પંજાબની કેટરિનાથી ફેમસ થયેલી શહેનાઝ ગિલે ખરીદી મોંઘીદાટ કાર

## કારના ફોટો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા તેના ચાહકો-સેલિબ્રિટિ નવી લક્ઝરી કારની શુભકામના પાઠવી રહ્યા છે




પંજાબની કેટરિનાથી ફેમસ શહેનાઝ ગિલે કરોડો રુપિયાની નવી લક્ઝરી કાર ખરીદી છે. શહેનાઝ ગિલે સોશિયલ મીડિયા પર નવી લક્ઝરી મર્સિડીસ કારનો ફોટો શેર કર્યો છે આ સાથે એક ઈમોશનલ નોટ પણ લખી છે.શહેનાઝ ગિલે પોતાની ડ્રીમ કાર ખરીદી છે. તેમણે બ્લેક રંગની ઓડી જીએલએસ ખરીદી છે, જેની કિંમત ભારતમાં ૧.૩૪ કરોડ રૂપિયાથી વધુ છે. શહેનાઝે સુંદર ફોટો શેર કરી કેપ્શનમાં લખ્યું સપનાથી લઈ ડ્રાઈવવે સુધી, મારી મહેનતના હવે આ ૪ પૈંડા છે.આજે ખુબ ખુશ છું. વાહેગુરુ તેરા શુક્રશહેનાઝે કારના ફોટો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરતા તેના ચાહકો અને સેલિબ્રિટિ નવી લક્ઝરી કારની શુભકામના પાઠવી રહ્યા છે.

# વિક્કી અને કેટરીના ફ્લેટ માટે દર મહિને ૧૭ લાખ રૂપિયાનું ભાડું આપશે

વિક્કી કૌશલ અને કેટરીનાએ મુંબઈના જુહૂના તેમના ફ્લેટનો લીઝ કરાર રીન્યૂ કરાવ્યો છે. નવેસરથી નક્કી થયેલાં દર અનુસાર વિક્કી દર મહિને ૧૭.૦૧ લાખ રુપિયા ભાડું ચૂકવશે. દર વર્ષે ભાડાંમાં વધારો થતો રહેશે. ત્રીજાં વર્ષે તે મહિને ૧૭.૮૬ લાખ ભાડું ચૂકવશે. ત્રણ વરસમાં તે કુલ ૬. ૨ કરોડ રૂપિયા ભાડા પેટે ચુકવશે. વિક્કીનો આ ફલેટ ૮૪૬ ચોરસ ફૂટનો છે. તેની સાથે તેને ત્રણ કાર પાર્કિંગ એલોટ કરાયાં છે. લીઝ કરાર રીન્યૂ કરાવતી વખતે વિક્કીએ ૧.૬૯ લાખ રૂપિયા સ્ટેમ્પ ડયુટી ચૂકવી છે. આ ઉપરાંત તેણે સિક્યોરિટી ડિપોઝિટ તરીકે ૧.૭૫ કરોડ રૂપિયા જમા કરાવ્યા છે. ૧ જુલાઈ ૨૦૨૧થી વિક્કી કૌશલ આ જ એપાર્ટમેન્ટમાં રહે છે. તેણે આ ઘરની લીઝ પાંચ વરસ માટે સાઈન કરી હતી. ત્યારે મહિનાનું ભાડું આઠ લાખ રુપિયા હતું.

## વિક્કી કૌશલનો આ ફ્લેટ ૮૪૬ ચોરસ ફૂટનો છે, તેની સાથે તેને ત્રણ કાર પાર્કિંગ એલોટ પણ કરવામાં આવ્યા છે



### અભિનેત્રીને આવ્યો ભારે ગુસ્સો

# 'ટ્રોલ્સ' મને નાગણ-ભૂતની કહીને ખીજવે છે : મોની રોય

## હું તમામ વસ્તુ પૂરી શિદ્દત સાથે કરવાનું પ્રિફર કરું છું, તેથી ઓડિયન્સને હું એ રીતે નજર પણ આવું છું



એક્ટ્રેસ મોની રોય મોટાભાગે ટ્રોલ્સના નિશાના પર રહે છે. મોની ટૂંક સમયમાં 'ધ ભૂતની' ફિલ્મમાં નજર આવશે. એક્ટ્રેસ હાલમાં ફિલ્મના પ્રમોશનમાં વ્યસ્ત છે. મોનીને નાના પડદા પર 'નાગિન'ની ભૂમિકા ભજવતા જોઈ છે. હાલમાં તે પોતાના લુકને લઈને પણ ટ્રોલ થઈ રહી છે. એક ઈન્ટરવ્યુમાં મોનીએ આ ટ્રોલ્સને જડબાતોડ જવાબ આપ્યો છે, જે તેને નાગણ અને ભૂતની કહીને ખીજવે છે. મોનીએ કહ્યું કે, 'જ્યારે તમે સ્ક્રીન પર કોઈ જોનર ભજવી રહ્યા હોય અથવા કોઈ ફિક્શનલ પાત્ર ભજવી રહ્યા હોય ત્યારે તમારા માટે ખુદને તેમાં ઢાળવું ખૂબ જ જરૂરી હોય છે. જ્યાં સુધી તમે ખુદ એ પાત્રને જીવો નહીં, ત્યાં સુધી દર્શકો તમારા પર વિશ્વાસ નહીં કરશે. તમે દર્શકોને પાગલ ન બનાવી શકો છો. હું જ્યાં સુધી કોઈ પાત્રમાં પોતાને ઢાળી નથી દેતી, ત્યાં સુધી હું કોઈ પાત્ર નથી ભજવતી. હું તમામ વસ્તુ પૂરી શિદ્દત સાથે કરવાનું પ્રિફર કરું છું. તેથી ઓડિયન્સને હું એ રીતે નજર પણ આવું છું.' મોનીએ આગળ કહ્યું કે, 'રહી વાત મને નામ આપવાની તો મને આ બધી બાબતોથી કોઈ ફરક નથી પડતો. કારણ કે, મારા માટે હંમેશાથી જ આર્ટ અને ક્રાફ્ટ મહત્ત્વપૂર્ણ છે, લોકોની વાતો નહીં. જે લોકો મારા માટે ખરાબ બાબતો કોમેન્ટમાં લખે છે, એવી કોમેન્ટ હું વાંચતી પણ નથી અને જોતી પણ નથી. તેઓ તેમનું કામ કરે છે અને હું મારું કામ કરું છું.'

# ગુજરાતી સસ્પેન્સ-થ્રીલર ફિલ્મ 'ભ્રમ'નું ટ્રેલર રિલીઝ

## 'હું ઇકબાલ' જેવી સફળ અને વખણાયેલી ફિલ્મના નિર્માતાઓ દ્વારા તેમની નવી થ્રિલર ફિલ્મ 'ભ્રમ'નું એલાન કરવામાં આવ્યું




ગુજરાતી સિનેમાના ચાહકો માટે થ્રિલર ફિલ્મોની દુનિયામાં એક નવી લહેર આવી રહી છે. 'હું ઇકબાલ' જેવી સફળ અને વખણાયેલી ફિલ્મના નિર્માતાઓ દ્વારા તેમની નવી થ્રિલર ફિલ્મ 'ભ્રમ'નું એલાન કરવામાં આવ્યું, ત્યારથી દર્શકોમાં આ ફિલ્મ અંગે વધુ જાણવાની ઉત્સુક્તા જાગી હતી. આગામી ૧૬મી મેના રોજ રિલીઝ થઈ રહેલી આ ફિલ્મના પ્રમોશનલ વીડિયોઝ અને પોસ્ટર જોઈને જે સસ્પેન્સ ક્રિએટ થતું હતુ, તે આજે ટ્રેલર રિલીઝ થતાં વધુ ગાઢ બન્યું છે. આ સાઈકોલૉજીકલ થ્રિલર ફિલ્મનું દિગ્દર્શન અને લેખક પલ્લવ પરીખ છે. આ ફિલ્મમાં મિત્ર ગઢવી, સોનાલી લેલે દેસાઈ, અભિનય બેંકર અને નિશ્મા સોની જેવા અનુભવી કલાકારો મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. 'ભ્રમ' ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયા બાદ દર્શકોમાં ફિલ્મને લઈને કુતૂહલ સર્જાયું છે. જો ફિલ્મની કહાનીની વાત કરીએ તો, ૪૨ વર્ષીય માયા (સોનાલી લેલે દેસાઈ) ડિમેન્શિયા નામની બીમારીથી પીડાય છે. જેના કારણે તેને ભૂતકાળની ઘટનાઓ યાદ રહેતી નથી. જ્યારે માયા પોતાની જ દીકરી શ્રદ્ધા (નિશ્મા સોની)ની હત્યાની સાક્ષી બને છે, ત્યારે તેના જીવનમાં મોટી ઉથલપાથલ સર્જાય છે.આ ફિલ્મમાં મિત્ર ગઢવી માયાના કેરટેકર મેહુલની ભૂમિકામાં જ્યારે અભિનય બેંકર પોલીસમેનની ભૂમિકા ભજવતા જોવા મળશે. જેઓ આ મર્ડર મિસ્ટ્રી પર ઈન્વેસ્ટિગેશન કરી રહ્યાં છે.જણાવી દઈએ કે, દેશભરમાં અત્યાર સુધીમાં એક અંદાજ પ્રમાણે ૧૬ હજારથી વધુ મર્ડર મિસ્ટ્રી ફિલ્મો બની છે, પરંતુ 'ભ્રમ' કંઈક અલગ પ્રકારની છે. ગુજરાતી સિનેમામાં હજુ સુધી આ પ્રકારની થ્રીલર ફિલ્મો આવી નથી, પરંતુ 'ભ્રમ' એક બેન્ચમાર્ક સેટ કરશે.'હું ઈકબાલ' ફિલ્મના નિર્માતા સિટી શોર.ટીવી દ્વારા જ આ ફિલ્મ પ્રોડ્યુસ કરાઈ છે. ટ્રેલર જોતાં જ આ ફિલ્મ અંગે સસ્પેન્સ ક્રિએટ થાય છે. આખરે માયાની દીકરી શ્રદ્ધાનું મર્ડર થયું છે કે નહિ અને થયું છે તો કોણે કર્યુ છે? એ પ્રશ્નનો જવાબ તો ફિલ્મ જોયા બાદ જ મળશે.આ ફિલ્મની સ્ટોરી તો યુનિક છે, પરંતુ નિર્માતાઓની ફિલ્મનો પ્રચાર કરવાની રીત પણ અલગ છે. ગુજરાતી સિનેમાના ઈતિહાસમાં પ્રથમવાર કોઈ ફિલ્મ માટે ઈન્સ્ટાગ્રામ ગેમ લોન્ચ કરાઈ છે અને તાજેતરમાં જ વિકેન્ડ વિન્ડો ખાતે કેટલાક યુવાઓ બ્લડ-ફિલ્ડ ફેસ અને હાથમાં ફ્લેશ મોબ સાથે નજરે પડ્યા, જેમણે મોટી સંખ્યામાં અમદાવાદીઓનું ધ્યાન કેન્દ્રિત કર્યું.આ ફિલ્મના રિલીઝ પહેલા 'ભ્રમ'નો આ અનોખો પ્રચાર અભિગમ ગુજરાતી સિનેમા માટે એક નવી દિશા આપી રહ્યો છે. ઈન્ટરએક્ટિવ ટેક્નોલોજી અને સોશિયલ મીડિયા દ્વારા પ્રેક્ષકો સાથે ખાસ કનેક્શન ઊભું કરી, 'ભ્રમ' ગુજરાતી ફિલ્મ ઈન્ડસ્ટ્રી માટે એક નવું ધોરણ સ્થાપિત કરવાની તૈયારીમાં છે.

### મર્ડર મિસ્ટ્રી દર્શકોને રોમાંચિત કરશે

# દિલ્લી ખાતે સુરેશભાઈ સોનીને મહામહિમ રાષ્ટ્રપતિ હસ્તે પદ્મશ્રી એવોર્ડ મેળવી પરત આવતા સહિયોગ સંસ્થા તથા શુભેચ્છકોએ અભિનંદન પાઠવ્યા



। (માહિતી) સાબરકાંઠા, તા.૨ ।

સાબરકાંઠામાં હિંમતનગર-શામળાજી નેશનલ હાઈવે, રાજેન્દ્રનગર ચોકડી પાસે આવેલ સહયોગ કુષ્ઠયજ્ઞ ટ્રસ્ટના સ્થાપક અને મેનેજિંગ ટ્રસ્ટીશ્રી સુરેશ હરિલાલ સોનીને તા.૨૮/૦૪/૨૦૨૫ના રોજ દિલ્હી રાજભવનમાં મહામહિમ રાષ્ટ્રપતિ દ્રોપદી મુર્મૂના વરદ્ હસ્તે પદ્મશ્રી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. પદ્મશ્રી એવોર્ડ મેળવી ગત રાત્રીએ સુરેશભાઈ સોની પોતાની સંસ્થામાં પરત આવતા સહિયોગ સંસ્થા તથા શુભેચ્છકોએ સુરેશભાઈ સોનીનું ભવ્ય સ્વાગત કરીને અભિનંદન પાઠવ્યા હતા.

સેવા, સાદગી, સમર્પણનો ત્રિવેણી સંગમ સમા સુરેશભાઈ સોની છેલ્લા ૩૬ વર્ષથી સાબરકાંઠા ની ધરાને પોતાની કર્મભૂમિ બનાવી તડછોડાયેલા કુષ્ઠ રોગી, મંદબુદ્ધિના ૧૦૦૦ થી વધુ દર્દીઓની સેવા કરી રહ્યા છે. અમે સેવા નહિ પ્રેમ કરીએ છીએ ના જીવન મંત્ર થકી પ્રોફેસરની નોકરી છોડી છેલ્લા ૫૪ વર્ષથી કુષ્ઠરોગીઓની સેવા કાર્ય કરી રહ્યા છે. જે સેવા બદલ તાજેતરમાં મહામહિમ રાષ્ટ્રપતિ હસ્તે પદ્મશ્રી એવોર્ડ એનાયત થતા સમગ્ર જિલ્લામાં ગૌરવની લાગણી છવાઈ હતી. ઢીંચણ સુધીનો સફેદ ચડ્ડો ઉપર સફેદ શર્ટ પગમાં સ્લિપર ચહેરા પર સ્મિત, સાદગી, સેવા, સંયમ સમર્પણની મૂર્તિ સમા સુરેશભાઈ ખરેખર નોખી માટીના માનવી છે. જેમણે પોતાની સેવા થકી અનેક લોકોના જીવનમાં ઉજાશ પાથર્યો છે.

આ અવસરે સુરેશભાઈ સોનીએ પોતાના સેવા કાર્યોની વાત કરતા જણાવ્યુ હતુ કે ૧૯૬૬માં વડોદરામાં ઝુંપડપટ્ટીમાં કુષ્ટ રોગીઓની સેવા શરૂ કરી ૧૯૭૦માં શ્રમ મંદિરમાં જોડાયા. ત્યાર બાદ ૧૯૮૮માં વડોદરાથી સાબરકાંઠામાં આવી પોતાના સેવા કાર્યોની શરૂઆત કરી પોતાની કર્મભૂમિ બનાવી. સાબરકાંઠાના અલગ અલગ વિસ્તારમાંથી ૪૦૦ જેટલા આદિવાસી બાળકો આ સંસ્થામાં અભ્યાસ કરે છે. મંદબુદ્ધિના ૨૫૦ જેટલા ૧૮ વર્ષથી મોટી ઉમરના ભાઈઓને રાખવામાં આવે છે. તેમજ ૮ વરસથી મોટી ઉમરની ૧૮૬ દીકરીઓ અહી રહે છે.સત્કાર્યો માટે ક્યારે કોઈની સામે હાથ ફેલાવો પડ્યો નથી. દાનવીરો સામેથી દાન આપે છે અને આ સંસ્થા ચાલે છે. આ તબક્કે સંસ્થા માટે દાન આપનાર અને સેવામાં મદદ કરનાર શુભ ચિંતકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

ઉચ્ચ સન્માન બદલ સુરેશભાઈ સોનીએ પદ્મશ્રી એવૉર્ડની જાહેરાત બાદ પ્રત્યક્ષ-પરોક્ષ રીતે વિવિધ પ્રકારે સન્માન-અભિનંદનની શુભકામનાઓ પાઠવનાર તમામ મહાનુભાવો તેમજ સહુ કોઈનો ઋણસ્વીકાર કરી હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે આ સંસ્થા અને સુરેશભાઈને તેમની સેવા બદલ અત્યાર સુધીમાં રાજ્ય અને રાષ્ટ્ર કક્ષાના ૬૪ જેટલા એવોર્ડ મળ્યા છે.પૂર્વ રાષ્ટ્રપતિ સ્વશ્રી ડૉ.એ.પી.જે.અબ્દુલ કલામ અને વર્તમાન વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે સન્માન સ્વીકારવાનો અવસર શ્રી સુરેશભાઈને સાંપડ્યો છે.

### ૧લી મે ગુજરાત સ્થાપના દિને યોગ ક્લાસીસનો શુભારંભ કરાયો

# મોરબીમાં કેસર બાગ ખાતે દરરોજ સવારે ૦૭:30 થી ૦૮:30 દરમિયાન નિશુલ્ક યોગ ક્લાસીસ યોજાશે



। (માહિતી) અમદાવાદ, તા.૨ ।

મોરબીમાં મોરબી મહાનગરપાલિકા અને ગુજરાત રાજ્ય યોગ બોર્ડ દ્વારા મોરબીવાસીઓના સારા સ્વાસ્થ્ય અને સુખાકારી માટે દરરોજ સવારે ૦૭:૩૦ થી ૦૮:૩૦ દરમિયાન કેસરબાગ ખાતે યોગ ક્લાસીસનું આયોજન કરવામાં આવ્યું છે. આ યોગ ક્લાસીસનું ૧લી મે ગુજરાત સ્થાપના દિન નિમિત્તે શુભારંભ કરવામાં આવ્યો છે.

યોગ ક્લાસીસ મોરબીવાસીઓને વિનામૂલ્ય યોગનો અભ્યાસ થાય અને તેઓ યોગને પોતાના જીવનનો અભિન્ન અંગ બનાવે તેવા શુભ આશય સાથે ચાલુ કરવામાં આવ્યા છે. મોરબી શહેરના તમામ નગરજનોએ પોતાના શ્રેષ્ઠ શારીરિક અને માનસિક આરોગ્ય માટે બહોળા પ્રમાણમાં આ સુવિધાનો લાભ લેવા મોરબી મહાનગરપાલિકા દ્વારા અપીલ કરવામાં આવી છે.

# નવજીવન ચેરિટેબલ ટ્રસ્ટના કેમ્પસમાં મનોદિવ્યાંગજનો માટે નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો



। (માહિતી) અમદાવાદ, તા.૨ ।

ગુજરાત સ્થાપના દિવસ નિમિત્તે નવજીવન ચેરિટેબલ ટ્રસ્ટ તથા હેલ્થ એન્ડ કૅર ફાઉન્ડેશન તરફથી નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પ યોજાયો હતો. નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટ કેમ્પસમાં યોજાયેલ આ હેલ્થ ચેકઅપ કેમ્પમાં નિષ્ણાંત મેડિકલ ટીમ દ્વારા મનોદિવ્યાંગજનોના લોહી, બ્લડ પ્રેશર અને આંખો(મોતિયાની તેમજ પડદાની)ની તપાસ કરવામાં આવી હતી. આ તપાસ બાદ મનોદિવ્યાંગજનોને જરૂરી સલાહ સૂચન આપવામાં આવ્યા હતા. આ હેલ્થ ચેકઅપ કેમ્પમાં જે વ્યક્તિઓનું ડાયાબિટીસ પોઝીટીવ આવ્યું હતું તેવા વ્યક્તિઓને આગળના જરૂરી બોડી ચેકઅપ માત્ર રૂ.૫૦ના નજીવા દરે જીવરાજ પાર્ક ખાતે આવેલી હેલ્થ એન્ડ કૅર હોસ્પિટલમાં કરવા માટે મોકલવામાં આવ્યા હતા.૧૦૦થી વધુ મનોદિવ્યાંગજન લાભાર્થીઓએ આ હેલ્થ ચેકઅપ કેમ્પનો લાભ લીધો હતો.

# કુ. પ્રાચી પટેલે રાજ્ય કક્ષાએ કરાટે સ્પર્ધામાં ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી સુરતનું વધાર્યું



। (માહિતી) અમદાવાદ, તા.૨ ।

રમત ગમત યુવા અને સસ્કૃતિક પ્રવુતિઓ વિભાગ ગાંધીનગર અને સ્પોર્ટ્સ ઓર્થોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા આયોજીત ખેલ મહાકુંભ ૩.૦ અંતર્ગત સીધી રાજ્યકક્ષાની કરાટે સ્પર્ધા સુરત ખાતે યોજાઈ હતી. આ કરાટે સ્પર્ધામાં ઓપન એજ ગ્રુપ ૪૮ કિલોગ્રામ ગૃપમાં કુ.પ્રાચી જયેન્દ્રભાઈ પટેલે પ્રથમ ક્રમે ગોલ્ડ મેડલ પ્રાપ્ત કરી સમગ્ર ગુજરાત રાજ્ય તેમજ નવયુગ કોમર્સ કોલેજનું ગૌરવ વધાર્યું છે. આ ખેલડીઓને આચાયશ્રી ડો.વિનોદ એન. પટેલ તથા શારિરીક શિક્ષણના આશિ.પ્રો. શ્રી. છગનભાઈ અસારિયા, આશિ.પ્રો. ડૉ. બ્રિજેશભાઈ એસ. પટેલ તેમજ કોલેજ પરિવારે ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# મંત્રી કુંવરજીભાઈ બાવળીયા દ્વારા કમળાપુરમાં તળાવ ઊંડા કરવાના કાર્યનો પ્રારંભ

। (માહિતી) રાજકોટ, તા.૨ ।

રાજ્યના જળસંપત્તિ અને પાણી પુરવઠામંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ આજે જસદણ તાલુકાના કમળાપુર ગામમાં તળાવને ઊંડા કરવાના કાર્યનો પ્રારંભ કરાવ્યો હતો. કમળાપુરમાં અમૃત સરોવરમાં સમાવિષ્ટ કાળવાનું તળાવ સિંચાઈ વિભાગ દ્વારા મિકેનિકલ મશીનરીથી ઊંડું કરવામાં આવશે. જેના કારણે તળાવની જળસંગ્રહ ક્ષમતામાં વધારો થશે. આ સાથે આસપાસની આશરે ૫૦૦ વીઘા ખેતજમીનને ફાયદો થશે. ઉપરાંત, ભૂગર્ભ જળના તળ પણ સુધરશે. આ સાથે તળાવના પાળાનું મજબૂતીકરણ પણ કરવામાં આવશે. આ તકે મંત્રી શ્રી કુંવરજીભાઈએ આસપાસના ગામ લોકો સાથે સંવાદ કરીને લોકોના પ્રશ્નો જાણ્યા હતા. સ્થાનિક લોકોની રજૂઆતને પગલે, મંત્રીશ્રીએ પોરાણીયા તળાવ પર નાળુ બનાવવા સંબંધિત અધિકારીને સ્થળ પર જ સૂચના આપી હતી.

# અમદાવાદ જિલ્લાના આરોગ્ય કર્મચારીઓ દ્વારા અનોખી રીતે જનજાગૃતિનો પ્રયાસ કરાયો

### ગ્રામ્ય વિસ્તારોના જાહેર નોટિસ બોર્ડ પર હીટવેવ 'લુ' થી બચવાના ઉપાયો લખી લોકોમાં જાગૃતતા લાવવા પ્રયાસો કરાયા



। (માહિતી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદ જિલ્લાના આરોગ્ય વિભાગના અધિકારીઓ કર્મચારીઓ દ્વારા ગરમી/લૂથી બચવા જનજાગૃતિ ફેલાવવા માટે અનોખો પ્રયાસ કરવામાં આવ્યો છે. જિલ્લાના ગામોમાં જાહેર સ્થળોએ નોટિસ બોર્ડ પર હીટવેવથી બચવા માટેના ઉપાયો લખવામાં આવ્યા હતા.

હાલ રાજ્યમાં હીટ રિલેટેડ ઈલનેસ અને પરિસ્થિતિ હોય લોકોના આરોગ્ય પર થતી અસરો અને તેના ઉપાયો વિશે જાગૃત કરવા અમદાવાદ જિલ્લાના આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા અમદાવાદ જિલ્લાના ગામોમાં આ પ્રકારનો વિશેષ પ્રયાસ કરાયો છે. ગઈકાલે વિરમગામ તાલુકામાં આ પ્રકારનો પ્રયાસ કરાયો હતો ત્યારબાદ આજે બીજા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં કાર્યરત પંચાયત સ્થળ, શૈક્ષણિક સંસ્થાઓ, મંડળીઓ, ડેરીઓ અને અન્ય જાહેર સ્થળોએ નોટિસ બોર્ડ પર ગરમીથી બચવા માટેના ઉપાયો લખવામાં આવ્યા છે. અમદાવાદ જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડો.શૈલેષ પરમાર અને જિલ્લા રોગચાળા નિયંત્રણ અધિકારી ડો.ચિંતન દેસાઈના માર્ગદર્શન હેઠળ અમદાવાદ જિલ્લા તમામ તાલુકાના વિવિધ ગામોમાં આવેલા જાહેર નોટિસ બોર્ડ પર આરોગ્ય વિભાગના કર્મચારીઓ દ્વારા ગરમીથી બચવાના ઉપાયો લખી જનજાગૃતિ કરવામાં આવી હતી.

જાહેર નોટિસ બોર્ડ પર લુ અને ગરમીથી બચવા માટેના ઉપાયો લખવામાં આવ્યા છે કે, (૧) ગરમીમાં બને ત્યાં સુધી બહાર જવાનું ટાળવું. (૨) નાના બાળકો, સગર્ભા માતાઓ, વૃધ્ધો તથા અશક્ત વ્યક્તિઓએ તડકામાં ફરવું નહી. (૩) ઉનાળાની ઋતુ દરમિયાન ખુલ્લા, સફેદ, સુતરાઉ કપડાં પહેરવા જોઈએ. (૪) દિવસ દરમિયાન પુષ્કળ પ્રમાણમાં પ્રવાહી પીવું જોઈએ, શક્ય હોય તો તાજા લીંબુનું શરબત/તાજી છાશ પીવી જોઈએ. (૫) ભીના કપડાથી માથું ઢાંકી રાખવું અને જરૂર જણાયે અવાર નવાર ભીના કપડાથી શરીર લૂછવું. (૬) 'લુ' ની અસર જણાય તો નજીકના આરોગ્ય કેન્દ્રનો સંપર્ક કરવો જોઈએ.

### રિક્ષામાં બેઠેલી મહિલાના શંકાસ્પદ વર્તનને જોઈને રિક્ષાચાલકે માગી ૧૮૧ની મદદ

# અમદાવાદમાં અજાણી મહિલા માટે ૧૮૧ દ્વારા સખીવન સ્ટોપ સેન્ટરમાં રોકાણની વ્યવસ્થા કરવામાં આવી

। (માહિતી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદના સોલામાં એક રિક્ષાચાલકનો ૧૮૧ અભયમ હેલ્પલાઈનમાં ફોન આવ્યો હતો. રિક્ષાચાલકની રિક્ષામાં એક મહિલા બેઠાં હતાં. પરંતુ હવે તેઓ રિક્ષામાંથી નીચે ઉતરવા, કોઈ કારણ જણાવવા કે પોતાની ઓળખ આપવા માટે પણ તૈયાર ન હતા. ૧૮૧ અભયમની ટીમ તાત્કાલિક ઘટના સ્થળ પર પહોંચી હતી અને આ મહિલાનું કાઉન્સેલિંગ કર્યું હતું.

કાઉન્સેલિંગ બાદ જાણવા મળ્યું હતું કે, આ મહિલા પશ્ચિમ બંગાળનાં છે અને અમદાવાદમાં તેમની મિત્રના સંપર્કથી સ્પામાં કામ કરવા માટે આવ્યાં હતાં. પરંતુ, સ્પાના માલિકે આ મહિલાને કાઢી મૂક્યા હતા તેથી આ મહિલા તેમના મિત્રને સતત ફોન કરી રહ્યા હતા પરંતુ તેમના મિત્ર તેમના ફોનનો કોઈ જ જવાબ નહોતા આપી રહ્યા. આ મહિલા રિક્ષામાં બેસીને પોતાના મિત્રના ઘર તરફ જઈ રહ્યાં હતાં ત્યારે તેમને રિક્ષાવાળા ઉપર પણ શંકા ઉપજી હતી. મહિલાના કહેવા મુજબ રિક્ષાવાળા બીજા વ્યક્તિઓને ફોન કરી રહ્યા હતા અને તેમની વાતો કરી રહ્યા હતા તેથી તે રીક્ષામાંથી ઉતરવા તૈયાર ન હતા. મહિલાએ જણાવ્યું હતું કે, તેઓ રિક્ષાવાળા ઉપર ભરોસો કરતા નથી, તેથી તેઓએ રિક્ષાવાળા જોડે પણ રકઝક કરી હતી. આ મહિલાએ વધુમાં જણાવ્યું હતું કે, તેમના મિત્ર નરોડા વિસ્તારમાં રહે છે. મિત્રને ઘણા ફોન કર્યા હતા પરંતુ તેમણે ફોન રિસીવ ન કરતા મહિલા પાસે અડધી રાત્રે કઈ જગ્યાએ જવું તે એક મોટો પ્રશ્ન હતો. મહિલા અમદાવાદમાં નવા હોવાથી તેમને કઈ જગ્યાએ જવું અને કેવી રીતે જવું તેનો ખ્યાલ ન હતો. એક રિક્ષામાંથી બીજી રિક્ષામાં બેસવા દરમિયાન બધા રિક્ષાવાળા ભેગા થઈને મહિલાને તે સ્પામાં કામ કરે છે તેમ કહેતા હતા. મહિલાનું કામ તેમનો અંગત વિષય હોય કોઈ તેમના અંગત જીવનમાં દખલગીરી ન કરી શકે એમ મહિલાનું કહેવું હતું.

# ભારતના ચૂંટણી પંચ દ્વારા ત્રણ નવી પહેલ

। (માહિતી) ગાંધીનગર, તા.૨ ।

મુક્ત અને ન્યાયી ચૂંટણીઓ યોજવા માટે કટિબદ્ધ ભારતના ચૂંટણી પંચ સમગ્ર ચૂંટણી પ્રક્રિયાને વધુ સુલભ બનાવવા સતત પ્રયત્નશીલ છે. જેના ભાગરૂપે ભારતના ચૂંટણી પંચ દ્વારા ક્ષતિરહિત મતદાર યાદી તૈયાર કરવા, બુથ લેવલ ઑફિસર્સની ઓળખ પ્રસ્થાપિત કરવા અને મતદારોને અનુકુળ મતદાર કાપલી બનાવવા જેવી વિવિધ ત્રણ પહેલ શરૂ કરવામાં આવી છે. ભારતના ચૂંટણી પંચ દ્વારા મતદાર યાદીને અદ્યતન અને ક્ષતિરહિત બનાવવા સમયાંતરે મતદાર યાદી સુધારણા કાર્યક્રમો યોજવામાં આવે છે. આ પ્રક્રિયાને વધુ સરળ અને પારદર્શી બનાવવા મતદાર નોંધણી નિયમો, ૧૯૬૦ તથા મૃત્યુ નોંધણી અધિનિયમ, ૧૯૬૯ (૨૦૨૩માં સુધારેલો)ના આધારે રજિસ્ટ્રાર જનરલ ઓફ ઈન્ડિયા પાસેથી મૃત્યુ નોંધણીની માહિતી પ્રાપ્ત કરવામાં આવશે. મતદાર નોંધણી અધિકારીઓને સમયસર આ માહિતી ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેની બૂથ લેવલ ઑફિસર્સ દ્વારા સ્થળ મુલાકાત કરી પુષ્ટી કરવામાં આવશે. આ ઉપરાંત મતદારોને પોતાના મતદાન કેન્દ્રની માહિતી સરળતાથી મળી રહે તથા મતદાર યાદીમાં પોતાનું નામ શોધવામાં સરળતા રહે તે માટે મતદાર કાપલી (VOer Information Slip)ની ડિઝાઈનમાં ફેરફાર કરવામાં આવશે. આ નવી ડિઝાઈનની મતદાર કાપલીમાં મતદારનો સીરિયલ નંબર અને પાર્ટ નંબરને વધુ મોટા ફોન્ટ-માં સ્પષ્ટ રીતે દર્શાવવામાં આવશે. ચૂંટણી તંત્ર અને મતદારો વચ્ચેની કડીરૂપ બૂથ લેવલ ઑફિસર્સ મતદાર યાદીને લગતી કામગીરી માટે ડોર-ટુ-ડોર કેમ્પેઈન માટે મતદારોના ઘરે જતા હોય છે.

# 3 મે વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસઃ 'સ્વતંત્ર પ્રેસ' સામે એ.આઈ.નો નવો પડકાર

। (માહિતી) રાજકોટ, તા.૨ ।

લોકશાહી દેશમાં સ્વતંત્ર પ્રેસ-મીડિયાની ભૂમિકા ખૂબ મહત્વની હોય છે. પ્રેસ એ માહિતીના આદાન પ્રદાનની સાથે લોકોના પ્રશ્નોને વાચા આપે છે, તેમજ લોકમતનું ઘડતર કરવામાં મહત્વનો ભાગ ભજવે છે. પત્રકારો અનેક પડકારોનો સામનો કરીને માહિતીને સમાચાર સ્વરૂપે વિવિધ માધ્યમો થકી લોકો સુધી પહોંચાડે છે. પ્રેસની આ ભૂમિકાને ધ્યાનમાં રાખતા દુનિયામાં ૩ મેના રોજ "વિશ્વ પ્રેસ સ્વતંત્રતા દિવસ" મનાવવામાં આવે છે, જેની આ વર્ષની થીમ છેઃ "નવી દુનિયાઃ પ્રેસ સ્વાતંત્ર્ય અને મીડિયા પર આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ(AI)નોપ્રભાવ." AIપત્રકારત્વક્ષેત્ર-મીડિયા ઈન્ડસ્ટ્રીમાં મોટાપાયે પરિવર્તન લાવી રહ્યું છે. ઈન્વેસ્ટિ-ગેટિવ રિપોર્ટિંગ, કન્ટેન્ટ જનરેશન અને ફેક્ટ ચેકીંગ માટે AIનો ઉપયોગ વધી રહ્યો છે. AIથી કાર્યક્ષમતામાં વૃદ્ધિ થઈ રહી છે, બહુભાષી સુલભતા અને ડેટા વિશ્લેષણ સરળ બન્યા છે. જો કે, આ પ્રગતિથી અનેક જોખમો ઊભા થયા છે. કોઈ મલિન ઈરાદા કે સ્વાર્થી હિતો પાર પાડવા આજે AI-જનરેટેડ ખોટી માહિતી, ડીપફેક ટેક્નોલોજી, પક્ષપાતભર્યા અભિપ્રાયો-તારણોથી લોકો ગેરમાર્ગે દોરાઈ તેવી શક્યતા છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારે મહત્વના નિર્ણયો લેવા પડશે- જે તમને તાણગ્રસ્ત તથા ખૂબ જ નર્વસ કરી મુકશે. તમારું અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારું છે. યાદ રાખો આપણે અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ દ્વારા જ આપણા જીવનને અર્થસભર બનાવીએ છીએ.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. મતભેદોને કારણે અંગત સંબંધો તૂટી શકે છે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજે અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે સવારે કરવામાં આવેલ યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો. તમારું પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે.



**સિંહ (મ,ટ) :**

સારા જીવન માટે તમારું સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. સાવધાન રહો કેમ કે કોઈક તમારી છબીને બટ્ટો લગાડવાની કોશિષ કરી શકે છે. ઓફિસ માં આજ તમારે સ્થિતિ ને સમજી ને વર્તન કરવું જોઈએ? જો બોલવાનું જરૂરી ના હોય તો શાંત રહો.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો. તમારો પ્રેમ સંબંધ જાદુઈ થઈ રહ્યો છે, બસ તેની અનુભૂતિને માણો.



**તુલા (ર,ત) :**

આજે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. જો આખા પરિવારનો સમાવેશ થતો હોય તો મનોરંજન ખરેખર રસપ્રદ સાબિત થશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારા વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારું રહેશે પણ તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સત્ય હકીકત છે એ બાબત અનુભવજો. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. સાંજના સમયે એકાએક મળેલા સારા સમાચાર આખા પરિવાર માટે ખુશી તથા હર્ષોલ્લાસ લાવશે. ગુપ્ત બાબતો તમારી પ્રતિષ્ઠાને હાનિ કરી શકે છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજે કોઈ વાત પર નિરાશ ન થાવ. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. તમારી સિદ્ધિઓ તમારા પરિવારના સભ્યોનું મનોબળ વધારશે અને તમારી પ્રતિષ્ઠામાં એક નવા ઘરેણાનો વધારો થશે. તમારી જાતને અન્યો માટે રૉલ મૉડૅલ બનાવવા માટે સખત મહેનત કરો.



**મકર (ખ,જ) :**

આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા? કામનું ટૅન્શન તમારા મગજને ઘેરી વળશે જેને કારણે તમારી પાસે પરિવાર તથા મિત્રો માટે સમય નહીં બચે. તમારું પ્રેમ જીવન આજે તમને કશુંક ખરેખર અદભુત આપશે. વ્યાપારી ભાગીદારો સહકારપૂર્વક વર્તશે અને તમે સાથે મળીને અધૂરાં કાર્યો પૂરાં કરશો.



**કુંભ (ગ,શ,સ) :**

આજે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂતર્તા અને આઝાદી આપશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આર્થિક જીવન ની સ્થિતિ આજે સારી નહિ કહી શકાય? જયારે બચત કરવા માં મુશ્કેલી આવી શકે છે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. આખા બ્રહ્માંડની તમામ ખુશીઓ એ બે વ્યક્તિઓ વચ્ચે હોય છે જેઓ એકમેકના પ્રેમમાં હોય છે.

## US-યુક્રેન વચ્ચે ખનીજ કરાર બાદ ડ્રોન હુમલામાં ૯ લોકોનાં મોત

। (એજન્સી) કીવ, તા.૨ ।

યુક્રેન અને અમેરિકા વચ્ચે ખનીજ કરાર પર હસ્તાક્ષર કર્યાના થોડા કલાકો પછી બન્ને દેશો વચ્ચે સામસામે હુમલા થયા હતા. યુક્રેનિયન ડ્રોન હુમલામાં ઓછામાં ઓછા સાત લોકો જ્યારે ઓડેસા પર રશિયન હુમલામાં બે લોકો માર્યા ગયા હતા. રશિયા દ્વારા નિયુક્ત વ્લાદિમીર સેલ્ડોએ આ માહિતી આપી હતી. સેલ્ડાએ ટેલિગ્રામ પર લખ્યું હતું કે, ‘‘હુમલા સમયે ઘણા લોકો બજારમાં હતા. તેમણે કહ્યું કે શરૂઆતના હુમલા પછી યુક્રેને થોડો વિરામ લીધો અને પછી બચી ગયેલા લોકોને ખતમ કરવા માટે હુમલા કર્યા હતા. આ દરમિયાન ગુરુવારે વહેલી સવારે કાળા સમુદ્રના શહેર ઓડેસા પર રશિયન ડ્રોન હુમલામાં બે લોકો માર્યા ગયા અને ૧૫ અન્ય ઘાયલ થયા. યુક્રેનની ઈમરજન્સી સર્વિસે આ માહિતી આપી. ઓડેસાના ગવર્નર ઓલેસ કિપરે જણાવ્યું હતું કે બોમ્બ વિસ્ફોટમાં એપાર્ટમેન્ટ, ઘરો, એક સુપરમાર્કેટ અને એક સ્કૂલને નુકસાન થયું હતું.

## દિલ્હીમાં મોડી રાતે વાવાઝોડું! ભારે વરસાદથી અનેક વિસ્તાર જળમગ્ન

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

દિલ્હીમાં મોડી રાતે અચાનક જ હવામાને પલટી મારતાં બધે જ પાણી પાણી થઈ ગયું. લગભગ ૭૦ થી ૮૦ કિ.મી.ની ઝડપે ધૂળભરી આંધી સાથે વાવાઝોડું ત્રાટક્યું હતું. જેના પગલે ૪૦ જેટલી ફ્લાઈટ્સ કેન્સલ કે ડાઈવર્ટ કરી દેવામાં આવી હતી. જ્યારે અન્ય ૧૦૦ જેટલી ફ્લાઈટ મોડી પડી હતી. જ્યારે દક્ષિણ દિલ્હીના જાફરપુર કલાંમાં એક મકાન પર વાવાઝોડાને પગલે વૃક્ષ ધરાશાયી થતાં ૩ બાળકો મૃત્યુ પામી ગયા. હજુ પણ ઘણાં લોકો કાટમાળ નીચે દટાયેલાં છે. જ્યારે દિલ્હીના છાવલામાં એક ઘર છત ધરાશાયી થતાં ચાર લોકો કાટમાળ નીચે દટાઈ ગયા. જેમને હેમખેમ બચાવી લેવાયા હતા. અત્યાર સુધીની માહિતી અનુસાર એરલાઈન્સ દ્વારા એડવાઈઝરી જાહેર કરવામાં આવી હતી જેમાં જણાવાયું હતું કે યાત્રીઓ ફ્લાઈટ્સની લેન્ડિંગ કે ટેકઓફ વિશે એરલાઈન્સ પાસેથી જાણકારી મેળવ્યા બાદ જ ભવિષ્યનું પ્લાનિંગ કરે. એરપોર્ટ પહોંચતા પહેલા તેમની ફ્લાઈટ્સની સ્થિતિ વિશે જાણકારી મેળવી લે. અનેકના રુટ ડાઈવર્ટ કરાયા છે. ઉલ્લેખનીય છે કે આજે દિલ્હીમાં મોડી રાતથી અનેક વિસ્તારોમાં તોફાની વરસાદને કારણે જળભરાવની સ્થિતિ જોવા મળી રહી છે.

## યુપીમાં ફોન પર તલાક આપી દેતાં મહિલાની આત્મહત્યા

। (એજન્સી) ગોરખપુર, તા.૨ ।

ઉત્તર પ્રદેશમાં એક પતિએ ફોન પર તલાક આપી દેતાં મુસ્લિમ મહિલાએ આપઘાત કરી લીધા હોવાની ચકચારી ઘટના બની છે. મહિલાએ અગાઉ પતિ સહિત તેના સાસરિયા આ મહિલાની દહેજની માગણી સાથે સતત સતામણી કરતા હોવાની ફરિયાદ કરી હતી. જોકે પોલીસે મહિલા ફરિયાદ નોંધી જ નહતી. તંત્રે આ મામલામાં એક પોલીસ સબ-ઈન્સ્પેક્ટરને સસ્પેન્ડ કરી દેવાયા છે અને ખાતાકીય તપાસનો આદેશ અપાયો છે. સાનિયા નામની મહિલાને મહારાષ્ટ્રમાં રહેતા તેના પતિએ ફોન પર તલાક આપી દેતાં તેણે પોતાના રૂમમાં ગળેફાંસો ખાઈ લીધો હતો. આ અંગે પોલીસ અધિકારીઓએ જણાવ્યું છે કે સાનિયાના માતા આસિયાએ દહેજ સતામણીનો આરોપ સાથે એક કેસ ચૌરી ચૌરા પોલીસ સ્ટેશનમાં નોંધાવ્યો હતો.

### વસ્તી ગણતરીની સમયરેખા અને અમલની રૂપરેખા જાહેર કરવાની માગણી

# જાતિગત વસ્તી ગણતરી પહેલગામ હુમલાથી ધ્યાન ભટકાવવાનો સરકારનો પ્રયાસઃ કોંગ્રેસ

### કોંગ્રેસનું રાજકારણ હંમેશા તેના પરિવાર અને સત્તાની આસપાસ ફરતું રહ્યું છેઃ ભાજપ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

જાતિગત વસ્તી ગણતરીના મુદ્દે ગુરુવારે ભાજપ અને કોંગ્રેસ વચ્ચે વાકયુદ્ધ ચાલુ થયું હતું. કોંગ્રેસે સરકારના આ નિર્ણયને પહેલગામ હુમલાથી લોકોનું ધ્યાન બીજે ભટકાવવાની ભાજપની એક ચાલ ગણાવી હતી, જ્યારે ભાજપે જણાવ્યું હતું કે સરકારના આ નિર્ણયથી કેન્દ્રના સાચા ઈરાદા અને વિપક્ષના ઠાલા સૂત્રોચ્ચાર વચ્ચેના તફાવતનો પર્દાફાશ થયો છે. જાતિગત વસ્તી ગણતરીની સમયરેખા અને અમલની રૂપરેખા જાહેર કરવાની માગણી કરતાં કોંગ્રેસે જણાવ્યું હતું કે કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ડેડલાઈન વગરની હેડલાઈન આપવામાં માસ્ટર છે. પત્રકાર પરિષદને સંબોધતાં કોંગ્રેસના મહાસચિવ અને પ્રસારણ પ્રભારી જયરામ રમેશે જણાવ્યું હતું કે આ નિર્ણય અંગે ઘણા સવાલો ઊભા થાય છે. મોદી અને આરએસએસ પહેલા દિવસથી જ જાતિગત વસ્તી



ગણતરીનો વિરોધ કરી રહ્યા છે. એટલા માટે ગઈકાલે રાહુલ ગાંધીએ કહ્યું હતું કે તે અચાનકનો નિર્ણય છે. જાતિગત વસ્તીગણતરીની માગણી કરનારાઓને ગયા વર્ષે શહેરી નક્સલ ગણાવ્યા પછી વડાપ્રધાને તેમનો સૌથી મોટો યુ-ટર્ન લીધો છે. યુ-ટર્ન લેવામાં પીએમની કોઈ સરખામણી થઈ શકે તેમ નથી. દેશ સમક્ષ સૌથી મોટો મુદ્દો પહેલગામ હત્યાકાંડ છે અને જ્યારે દેશ આતંકવાદી હુમલાના માસ્ટરમાઈન્ડ પાકિસ્તાન સામે વળતી કાર્યવાહીની રાહ જોઈ રહ્યો હતો, ત્યારે સરકાર જાતિ વસ્તી ગણતરીની જાહેરાત કરીને લોકોનું ધ્યાન બીજે ભટકાવવાનો પ્રયાસ કર્યો છે. તેમણે અનામત પરની ૫૦ ટકાની મર્યાદા દૂર કરવા અને આ સંદર્ભમાં બંધારણીય સુધારો લાવવાની માગણી કરી હતી. રમેશે ખાનગી શિક્ષણ સંસ્થાઓમાં પણ અનામતની માગણી કરી હતી. કોંગ્રેસ પ્રમુખ મલ્લિકાર્જુન ખડગેએ ૫૦ ટકા અનામતને મર્યાદાને દૂર કરીને ૬૮ ટકા અનામત લાવવાની માગણી કરી હતી. વિપક્ષના આક્ષેપોનો જવાબ આપતા ભાજપના નેતા અને કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું હતું કે કોંગ્રેસનું રાજકારણ હંમેશા તેના પરિવાર અને સત્તાની આસપાસ ફરતું રહ્યું છે.

### ISIને સૈન્ય સંબંધિત સીક્રેટ લીક કરવાનો આરોપ

## જેસલમેરમાંથી પાકિસ્તાન માટે જાસૂસી કરતો શખ્સ ઝડપાયો

। (એજન્સી) જેસલમેર, તા.૨ ।

રાજસ્થાન ઈન્ટેલિજન્સને મોટી સફળતા મળી છે. ગુરુવારે જેસલમેરના ઝીરો આરડી મોહનગઢ વિસ્તારમાંથી પાકિસ્તાની જાસૂસ પઠાણ ખાન (૪૦)ની ધરપકડ કરવામાં આવી હતી. પઠાણ ખાને સેનાના કેટલાક સંવેદનશીલ વિસ્તારોના ફોટોગ્રાફ્સ અને વીડિયો પાકિસ્તાનને મોકલ્યા હતાપઠાણ ખાન પર ભારત અને સૈન્ય સંબંધિત વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ માહિતી પાકિસ્તાનની ગુપ્તચર એજન્સી ISI ને મોકલવાના ગંભીર આરોપો છે.પઠાણ ખાન ઘણા સમયથી પાકિસ્તાની એજન્સી માટે કામ કરતો હતો. એક મહિના પહેલા પણ તેને શંકાના આધારે અટકાયતમાં લેવામાં આવ્યો હતો. પૂછપરછ દરમિયાન, તેની ગતિવિધિઓ શંકાસ્પદ જણાઈ. ત્યારપછી તેને પૂછપરછ માટે જયપુરના સેન્ટ્રલ ઈન્વેસ્ટિગેશન સેન્ટરમાં લાવવામાં આવ્યો હતો જે દરમિયાન ખુલાસો થયો કે તે ISI હેન્ડલરના નિર્દેશ પર ભારતની ગુપ્ત માહિતી શેર કરી રહ્યો હતો. પઠાણ ખાન ૨૦૧૯




માં પાકિસ્તાન ગયો હતો અને તેના ઘણા સંબંધીઓ ત્યાં રહે છે. તપાસ એજન્સીઓને શંકા છે કે તે સમયગાળા દરમિયાન તે પાકિસ્તાની ગુપ્તચર એજન્સીના સંપર્કમાં આવ્યો હતો. હવે જયપુરમાં ઓફિશિયલ સિક્રેટ્સ એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે અને તેની ધરપકડ કરવામાં આવી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, પઠાણ ખાને સેનાના કેટલાક સંવેદનશીલ વિસ્તારોના ફોટોગ્રાફ્સ અને વીડિયો પાકિસ્તાનને મોકલ્યા હતા. તપાસ દરમિયાન વધુ મોટા ખુલાસા થવાની શક્યતા છે. ઉલ્લેખનીય છે કે પહલગામ આતંકવાદી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તંગદિલી વધી ગઈ છે.

### પાકિસ્તાનનો મોટો નિર્ણય

## કરાંચી અને લાહોરનું એરસ્પેસ ૩૧ મે સુધી આંશિક રીતે બંધ

### જો અહીં હુમલો થશે તો પાકિસ્તાનને મોટો ફટકો પડી શકે છે

### અહીં પાકિસ્તાની સેનાની સૌથી મોટી છાવણી અને કેમ્પ પણ છે







। (એજન્સી) કરાંચી, તા.૨ ।

પહલગામમાં આતંકી હુમલા બાદ ભારતે એક પછી એક નિર્ણય લેતા પાકિસ્તાન ભયભીત થઈ ગયું છે. પાકિસ્તાને આજે એક મોટો નિર્ણય લઈ ફરી પોતાનો ડર સાબિત કરી દીધો છે. ડરના માર્યા પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાજ શરીફની સરકારે તેના ખાસ કહેવાતા શહેરો કરાંચી અને લાહોરનું એરસ્પેસ એક મહિના માટે બંધ કરી દીધું છે. આ બંને શહેરો પરથી કોઈ ફાઈટર જેટ પસાર થયા તો તેને તોડી પાડવા માટે આ નિર્ણય લેવાયો હોવાનું કહેવાઈ રહ્યું છે. પાકિસ્તાનને લાગી રહ્યું છે કે, ‘ભારતીય સેના ફાઈટેર જેટ દ્વારા શહેરો પર હુમલો કરશે, જેના કારણે પાકિસ્તાની સેના શહેરો બચાવવા માટે તમામ પ્રયાસો શરૂ કરી દીધા છે. જો ભારત લાહોર અથવા કરાંચીમાં હુમલો કરશે, તો બંને દેશો વચ્ચે ગંભીર સ્થિતિ ઉભી થશે. એટલું જ નહીં આ બંને શહેરોમાં ભારે ખુંવારી સર્જાશે. આમ થવાથી ત્યાં લાખો લોકોના મોત થશે અને લાખોએ ઘર છોડવા મજબૂત થવું પડશે. લાહોર ભારત-પાકિસ્તાન સરહદથી ખૂબ નજીક આવેલું છે.

# વાઘા બોર્ડરના દરવાજા બંધ, અધવચ્ચે જ ફસાયા પાકિસ્તાની નાગરિકો

### બોર્ડરનો દરવાજો બંધ છે આગળ જઈ શકાશે નહીં ભીષણ ગરમીમાં ભૂખ્યા પેટે નાગરિકો રાહ જોઈ રહ્યા છે, તમામ લોકો ખૂબ પરેશાન થયા છે

। (એજન્સી) વાઘા, તા.૨ ।

પહલગામ આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ સતત વધી રહ્યો છે. પાકિસ્તાને નફફટાઈની હદ વટાવતાં પોતાના જ નાગરિકોને સરહદ પર અધવચ્ચે અટકાવી દીધા છે. પાકિસ્તાને આજે વાઘા બોર્ડરના દરવાજા બંધ જ રાખતાં પાકિસ્તાની નાગરિકો અધવચ્ચે જ અટવાઈ ગયા છે. ભારતે પાકિસ્તાન વિરૂદ્ધ સિંધુ જળ સંધિ સસ્પેન્ડ કરવાથી માંડી પાકિસ્તાની નાગરિકોને ભારત છોડવા જેવા આકરા નિર્ણયો લીધા છે. જેમાં પાકિસ્તાની નાગરિકોને વતન પરત ફરવા માટે આપેલું અલ્ટીમેટમ દૂર કરતાં વધુ સમય આપ્યો હતો. ભારતે આગામી આદેશ સુધી અટારી-વાઘા બોર્ડર મારફત પાકિસ્તાનીઓને વતન પરત ફરવાની મુદ્દત આપી છે. જ્યારે પાકિસ્તાને આજે વાઘા બોર્ડરના દરવાજા બંધ કરી દેતાં નાગરિકો બંને દેશોની સરહદ પર અટવાયા છે. તમામ નાગરિકો અટારી બોર્ડર મારફત વતન પરત ફરી રહ્યા હતા. પરંતુ પાકિસ્તાનની તરફથી દરવાજો ન ખુલતાં નાગરિકો આકરા તડકામાં રસ્તાઓ પર રહેવા મજબૂર બન્યા છે. પાકિસ્તાને વાઘા બોર્ડરનો દરવાજો ન ખોલતાં પાકિસ્તાનના નાગરિકોને ભારે હેરાનગતિનો સામનો કરવો પડ્યો છે. ભારત સરકારના આદેશાનુસાર, ભારતની મુલાકાતે આવેલા તેમજ ભારતમાં વસતા ઘણા પાકિસ્તાની નાગરિકો સવારે ૮.૩૦ વાગ્યે બોર્ડર પર પહોંચ્યા હતાં. પરંતુ ત્યાં પહોંચતાં જ જાણવા મળ્યું કે, બોર્ડરનો દરવાજો બંધ છે. આગળ જઈ શકાશે નહીં.

### ખાલિસ્તાન તરફી અલગતાવાદી નેતાએ ફરી ભારત માટે ઝેર ઓક્યું

## પાકિસ્તાન સાથે યુદ્ધ થાય તો શીખ સૈનિકો ભારત માટે ન લડેઃ પન્નુ

। (એજન્સી) ટોરન્ટો, તા.૨ ।

ખાલિસ્તાની તરફી અલગતાવાદી ગુરપતવંત સિંઘ પન્નુએ ફરી તેની ઓકાત બતાવી છે અને ભારત માટે ઝેર ઓક્યું છે. તેણે ભારતીય સેનામાં રહેલા શીખ સૈનિકોને દેશ માટે નહિ લડવાની હાકલ કરી છે. તેણે કહ્યું છે કે પાકિસ્તાન સાથે યુદ્ધ થાય તો તેઓ ભારત વતી ન લડે. ‘શીખ ફોર જસ્ટિસ’ના નેતાએ એવો પણ દાવો કર્યો હતો કે યુદ્ધની સ્થિતિમાં સરહદની ભારતીય બાજુએ રહેતા પંજાબીઓ પાકિસ્તાની સેનાને ‘લંગર પીરસશે’. તેણે ઉમેર્યુ છે કે જો ભારત પાકિસ્તાન પર હુમલો કરશે તો આ ભારત અને મોદી માટે અંતિમ યુદ્ધ હશે. પાકિસ્તાની અખબાર ડોને જણાવ્યું છે કે પન્નુએ એક વીડિયો મેસેજમાં આ સંદેશો પાઠવ્યો છે. જેમાં તેણે શીખ સૈનિકોને સંબોધીને કહ્યું છે કે પાકિસ્તાન દુશ્મન નથી, પરંતુ એક મિત્ર દેશ છે. આપણે પંજાબને આઝાદ કરાવીશું ત્યારે તે આપણો પડોશી હશે. ‘હવે નરેન્દ્ર મોદીના રાષ્ટ્રવાદી યુદ્ધને ના કહેવાનો સમય છે.’ પાકિસ્તાન સામે લડશો નહીં. પાકિસ્તાન તમારો દુશ્મન નથી. પાકિસ્તાન શીખ લોકો અને ખાલિસ્તાન માટે મૈત્રીપૂર્ણ દેશ રહેશે અને રહેશે.

## ૧૦૬ ટેલિગ્રામ અને ૧૬ ઇન્સ્ટાગ્રામ ચેનલની ઓળખ કરવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨ ।

મેડિકલ પ્રવેશ માટે લેવાતી નીટ યુજીની પરીક્ષા ૪ મે ૨૦૨૫ના રોજ યોજાવાની છે. ગયા વર્ષની જેમ પેપર લીક જેવી ઘટના ન બને તે માટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)એ કમર કસી છે. પરીક્ષા પહેલા દ્દછએ ખોટા દાવાઓ અને ખોટી માહિતી ફેલાવવામાં સામેલ ૧૦૬ ટેલિગ્રામ અને ૧૬ ઈન્સ્ટાગ્રામ ચેનલોની ઓળખ કરી છે. આ ઉપરાંત, ટેલિગ્રામ અને ઈન્સ્ટાગ્રામને ૧૨૦થી વધુ એકાઉન્ટ બંધ કરવાની સૂચના આપવામાં આવી છે. આવી ખોટી અફવાઓની માહિતી મેળવવા માટે NTAના પોર્ટલે મેડિકલ પ્રવેશ પરીક્ષા પહેલા કથિત પેપર લીકના ૧,૫૦૦થી વધુ દાવાઓને ચિહ્નિત કર્યા છે.પરીક્ષા પ્રક્રિયાની અખંડિતતાને સુરક્ષિત રાખવા માટે એક નિર્ણાયક પગલામાં એજન્સીએ પ્રશ્નપત્રની ઍક્સેસ હોવાનો દાવો કરતી કેટલીક બનાવટી ટેલિગ્રામ અને ઈન્સ્ટાગ્રામ ચેનલો પર કાર્યવાહી શરૂ કરી છે. સૂત્રોએ જણાવ્યું હતું કે આ કેસોને વધુ કાનૂની તપાસ માટે ગૃહ મંત્રાલય હેઠળના ભારતીય સાયબર ક્રાઈમ કોઓર્ડિનેશન સેન્ટર (14C)ને મોકલવામાં આવ્યા છે. NTAએ ટેલિગ્રામ અને ઈન્સ્ટાગ્રામને કહ્યું કે, કે તે ઉમેદવારોમાં ખોટા સમાચાર અને બિનજરૂરી ગભરાટ ફેલાવવાથી બચવા માટે આ ચેનલોને તાત્કાલિક બંધ કરે.સૂત્રએ વધુમાં જણાવ્યું હતું કે, ટેલિગ્રામ અને ઈન્સ્ટાગ્રામને આ ગ્રુપ્સના એડમિનિસ્ટ્રેટર્સ અને ક્રિએટર્સની વિગતો કાયદા અમલીકરણ એજન્સીઓ સાથે શેર કરવા જણાવ્યું હતું, જેથી ઝડપી તપાસ અને કાર્યવાહી કરી શકાય. શિક્ષણ મંત્રાલય (Meo) આગામી NEET-UGમાં કોઈ ખામી ન રહે તે સુનિશ્ચિત કરવા માટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિક્ષકો સાથે શ્રેણીબદ્ધ બેઠકોનું આયોજન કરી રહ્યું છે. ગયા વર્ષે કથિત રીતે પેપર લીક થતાં પરીક્ષાની પ્રામાણિકતા અંગે ચિંતા ઉભી થઈ હતી

### વિશેષ

### મુખ્યમંત્રીશ્રીએ મંગલ પાંડે બ્રિજ પાસે વિશ્વામિત્રી નદીની વહન ક્ષમતા વધારવા માટે ચાલી રહેલી કામગીરીનું જાત નિરીક્ષણ કર્યું

# વિશ્વામિત્રી રિવાઇવલ પ્રોજેક્ટની ઉચ્ચસ્તરીય સમીક્ષા કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ





। (માહિતી) વડોદરા ।

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ વડોદરા શહેરને વિશ્વામિત્રી નદીના પૂરથી બચાવવા માટે ચાલી રહેલા રિવાઈવલ પ્રોજેક્ટની કામગીરીનું નિરીક્ષણ કરવા મંગલ પાંડે બ્રિજ ખાતે પહોંચ્યા હતા. અહીં તેમણે વિશ્વામિત્રી નદીની વહન ક્ષમતા વધારવા માટે કરાયેલા કામો નિહાળ્યા હતા.

વર્ષ ૨૦૨૪માં વડોદરા શહેરમાં આવેલી પૂરની ત્રાસદી બાદ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સ્થળ મુલાકાત લઈ તુરંત જ વિશ્વામિત્રી રિવાઈવઈ પ્રોજેક્ટને મંજૂરી આપી હતી અને આ માટે વિશેષ કમિટિની રચના કરી હતી. મુખ્યમંત્રીશ્રીની દ્રઢ ઈચ્છાશક્તિના ફળસ્વરૂપ વડોદરા શહેરના નાગરિકોને ભવિષ્યમાં પૂરની આપત્તિથી બચાવવા માટેનું મહા અભિયાન મહાપાલિકા સિંચાઈ વિભાગ દ્વારા આરંભવામાં આવ્યું છે. મુખ્યમંત્રીશ્રીએ વિશ્વામિત્રી રિવાઈવલ પ્રોજેક્ટમાં થઈ રહેલી કામગીરીની સમીક્ષા કરવા માટે સર્કિટ હાઉસ ખાતે બેઠક યોજી હતી અને તેમાં વડોદરા શહેરને પૂરથી બચાવવા તથા કેઈચ ધી રેઈન અંતર્ગત વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટે સિંચાઈ વિભાગ, મહાપાલિકા દ્વારા કરાયેલા આયોજનની તલસ્પર્શી વિગતો મેળવી હતી.

આ બેઠકમાં એવી વિગતો રજૂ થઈ કે, શહેરમાંથી વહેતી વિશ્વામિત્રી નદીનાં કુલ ૨૪.૭ કિમી લંબાઈમાં અંદાજે ૧૫.૪૦ લાખ ઘન મીટર માટી હટાવવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે. કામને ઝડપી અને અસરકારક રીતે આગળ વધારવા માટે ૨૪૦થી વધુ મશીનોનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જેના દ્વારા દરરોજ ૨૨૦૦૦ થી ૨૫૦૦૦ ઘન મીટર કામ કરવામાં આવી રહ્યું છે.

કુલ ૯૦૦૩૭૦ ઘન મીટર એટલે કે ૫૮ ટકા જેટલું કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. સમગ્ર કામને તેના આરંભથી ૧૦૦ દિવસની અંદર, એટલે કે ૧ જૂન ૨૦૨૫ સુધીમાં પૂર્ણ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ અભિયાન અંતર્ગત સમગ્ર નદી પ્રવાહને ચાર મુખ્ય વિભાગોમાં વહેંચવામાં આવ્યો છે. દરેક વિભાગને ફરીથી નેકં Hand Side (LHS) અને Right Hand Side (RHS) તરીકે વિભાજિત કરીને કુલ ૧૬ પેકેજ બનાવવામાં આવ્યા છે. હાલમાં પર્યાવરણ અને વન્યજીવોના સંરક્ષણને ધ્યાનમાં રાખીને RHS તરફથી કામગીરી શરૂ કરવામાં આવી છે. આ RHS વિસ્તારમાં પેકેજો પૂર્ણ થઈ ચૂક્યા છે અને હવે LHS તરફ કામગીરીની શરૂઆત કરવામાં આવી છે. RHS વિભાગમાં પેકેજ – ૧ હેઠળ મારેઠા સ્મશાનથી કોટનાથ મહાદેવ મંદિર સુધીની ૬૧૨૩ મીટરની લંબાઈમાં ૧૮૧૭૦૩ ઘન મીટર માટી હટાવવાનું કામ સંપૂર્ણ થયું છે.

બીજા પેકેજમાં હેઠળ કોટનાથ મહાદેવથી વિદ્યાકુંજ સ્કૂલ સુધીની ૫૯૩૭ મીટરની લંબાઈમાં ૨૦૨૦૦૩ ઘન મીટરમાંથી ૧૭૧૩૬૬ ઘન મીટર કામ પૂર્ણ થયું છે, જે કામગીરીનું પ્રમાણ ૮૪ ટકા થવા જાય છે. ત્રીજા પેકેજ હેઠળ વિદ્યાકુંજ સ્કૂલથી કાશીબા હોસ્પિટલ સુધીની ૬૫૧૬ મીટરની લંબાઈમાં ૧૯૩૫૩૨ ઘન મીટર કામ સંપૂર્ણપણે પૂર્ણ થયું છે. તદઉપરાંત ચોથા પેકજમાં કાશીબા હોસ્પિટલથી દેણા ચોકડી બ્રીજ સુધીની ૬૧૯૭ મીટરની લંબાઈમાં ૧૯૨૨૪૦ ઘન મીટરનું કાર્ય પણ પૂર્ણ થઈ ચૂક્યું છે. મુખ્યમંત્રીશ્રીએ સ્પષ્ટપણે જણાવ્યું કે, વડોદરા શહેરને પૂરના પાણીથી બચાવવા માટે રાજ્ય સરકાર તમામ પ્રકારની મદદ કરવામાં આવી રહી છે.આ બેઠકમાં દંડક શ્રી બાળકૃષ્ણભાઈ શુક્લ, મેયર શ્રીમતી પિંકીબેન સોની, ધારાસભ્ય શ્રીમતી મનિષાબેન વકીલ, શ્રી કેયુરભાઈ રોકડિયા, શ્રી ચેતન્યભાઈ દેસાઈ, શ્રી ચૈતન્યસિંહ ઝાલા, શ્રી શૈલેષભાઈ મહેતા, શ્રી ધર્મેન્દ્રસિંહ ઝાલા, ઉપમેયર શ્રી ચિરાગભાઈ બારોટ, સ્થાયી સમિતિના ચેરમેન ડો. શીતલ મિસ્ત્રી, પોલીસ કમિશનર શ્રી નરસિમ્હા કોમર, મ્યુનિસિપલ કમિશનર શ્રી અરુણ મહેશ બાબુ, કલેક્ટર ડો. અનિલ ધામેલિયા, જિલ્લા વિકાસ અધિકારી શ્રીમતી મમતા હિરપરા ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદમાં એક જ દિવસમાં ૫ અલગ-અલગ સ્થળે આગની ઘટના

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

હાલ રાજ્યમાં વધતી જતી ગરમીની સાથે આગ લાગવાની ઘટનાઓના બનાવ પણ વધતા જાય છે. ત્યારે આજે અમદાવાદ શહેર ૫ અલગ અલગ વિસ્તારોમાં આગ લાગવાની ઘટનાઓ બની હતી. જેમાં અમદાવાદના ચંડોળા અને વટવા ખાતે આવેલી ઝૂંપડીપટ્ટી, પ્રહ્લાદ નગર ખાતે આવેલા વિનસ એટલાન્ટિસ, વટવા જીઆઈડીસી ફેઝ-૪ની કેમિકલ ફેક્ટરી અને સોલા સિવિલમાં આગ લાગતાં ફાયર બ્રિગેડની ઘટનાસ્થળે પહોંચી આગ ઓલવવાનો પ્રયત્ન કર્યો હતો. અમદાવાદની વટવા GIDC ફેઝ-૪માં આવેલી જયશ્રી કેમિકલ ઈન્ડસ્ટ્રીઝમાં ભીષણ આગ લાગવાની ઘટના બની હતી. કેમિકલ ડ્રમમાં બ્લાસ્ટ થયા બાદ ફેક્ટરીમાં આગ લાગી હતી. જેના કારણે ૪થી ૫ કંપનીઓ આવી આગની ઝપેટમાં આવી ગઈ હતી. આ ઘટનાની જાણ થતાં ફાયર વિભાગની ચાર ગાડીઓ ઘટનાસ્થળ પર પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવી રહી છે. હાલ રાજ્યમાં વધતી જતી ગરમીની સાથે આગ લાગવાની ઘટનાઓના બનાવ પણ વધતા જાય છે.

## ઝઘડિયાની ૧૦ વર્ષની બાળકીને ૭૨ દિવસમાં મળ્યો ન્યાય

। (એજન્સી) અંકલેશ્વર, તા.૨ ।

અંકલેશ્વરના ઝઘડિયા GIDCમાં ૧૦ વર્ષની બાળકી સાથે દુષ્કર્મના કેસમાં કોર્ટે આરોપી વિજય પાસવાનને મૃત્યુદંડની સજા ફટકારી છે. પોલીસે ગણતરીના કલાકોમાં આરોપી વિજય પાસવાનની ધરપકડ કરી હતી. આ કેસમાં કાયદાકીય પ્રક્રિયા ૭૨ દિવસમાં પૂર્ણ થઈ હતી, જેમાં સરકારી વકીલ પીબી પંડ્યાની દલીલોએ મહત્વની ભૂમિકા ભજવી હતી. કોર્ટે આરોપીને ફાંસીની સજા ફટકારી છે, જે સમાજમાં એક મજબૂત સંદેશ પાઠવવા માટે મહત્વપૂર્ણ છે.ગુજરાતમાં કાળજુ ચીરી દે તેવી દુષ્કર્મની ભરૂચના ઝઘડિયા GIDCમાં બની હતી. ભરૂચના શ્રમજીવી પરિવારની એક માસુમ દીકરીની ઈજ્જત પર આરોપી વિજય પાસવાને હાથ નાંખ્યો હતો. આ હેવાને દીકરી સાથે એવી ક્રુરતા આચરી કે, હોસ્પિટલોના તબીબોના હાથ પણ સગીરાના ગુપ્ત ભાગે હાથ લગાવતા થરથરી ગયા. આરોપી એટલો વિકૃત થઈ ગયો હતો કે, તેણે બાળકી સાથે દુષ્કર્મ આચર્યા બાદ આંતરિક અંગમાં લોખંડનો સળિયો નાખી દીધો હતો. પોલીસે આરોપીના ઘરેથી સળિયો પણ કબજે કર્યો હતો.

## અમદાવાદમાં યોજાનાર IPLને લઈને મેટ્રો ટ્રેનના સમયમાં ફેરફાર

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમ ખાતે યોજાનારી IPL ૨૦૨૫ મેચને કારણે GMRCએ મેટ્રો ટ્રેનના સમયમાં ફેરફાર કરવાનો નિર્ણય લીધો છે. નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમમાં ૨ મે એટલે કે આજે અને ૧૪મી મેના રોજ યોજાનારી મેચને લઈને મેટ્રો ટ્રેન સેવાઓનો વર્તમાન સમય સવારે ૬:૨૦થી રાત્રે ૧૦ વાગ્યા સુધીનો છે. જે રાત્રે ૧૨:૩૦ વાગ્યા સુધીના લંબાવ્યો છે.અમદાવાદમાં હાલ મેટ્રો ટ્રેનનો સમય સવારે ૬.૨૦થી લઈને રાત્રિના ૧૦ વાગ્યા સુધીનો છે.

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ધોલેરા SIRના સર્વાંગી વિકાસના હાથ ધરાયેલા કામોની પ્રગતિની સ્થળ પર પ્રત્યક્ષ સમીક્ષા કરી

### મુખ્ય સચિવશ્રી અને મુખ્ય સલાહકારશ્રી સહિતના વરિષ્ઠ સચિવો સાથે ધોલેરાના વિવિધ પ્રોજેક્ટસની તલસ્પર્શી માહિતી મેળવી

। ધોલેરા, તા.૨ ।



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ધોલેરા SIRના સર્વાંગી વિકાસના કામોની પ્રગતિની પ્રત્યક્ષ સમીક્ષા ધોલેરાની સ્થળ મુલાકાત લઈને કરી હતી. મુખ્યમંત્રીશ્રીએ રાજ્યના વિવિધ વિકાસલક્ષી કાર્યોના મોટા પ્રોજેક્ટસની પ્રગતિ અને કામગીરીના નિરીક્ષણ તથા જરૂરી માર્ગદર્શન માટે આવા પ્રોજેક્ટસની સાઈટ મુલાકાતનો ઉપક્રમ શરૂ કર્યો છે. આ ઉપક્રમે આગળ ધપાવતાં મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણા અને માર્ગદર્શનથી ગુજરાતમાં આકાર પામી રહેલા વર્લ્ડ કલાસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર સાથેના ધોલેરા SIR અને સ્માર્ટ સિટીના વિવિધ વિકાસ કામોનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું. તેમણે વિવિધ પ્રોજેક્ટસની પ્રગતિની સમીક્ષા માટે ધોલેરામાં રીવ્યુ બેઠક પણ યોજી હતી.આ રીવ્યુ બેઠકમાં ધોલેરા SIRના CEO અને ધોલેરા ઈન્ડસ્ટ્રીયલ સિટી ડેવલપમેન્ટ લિમિટેડના એમ.ડી. શ્રી કુલદીપ આર્યએ મુખ્યમંત્રીશ્રી અને મુખ્ય સચિવશ્રી સહિતના વરિષ્ઠ સચિવશ્રીઓ સમક્ષ વિસ્તૃત પ્રેઝન્ટેશન પ્રસ્તુત કર્યું હતું. મુખ્યમંત્રીશ્રી સમક્ષના આ પ્રેઝન્ટેશનમાં માળખાકીય સુવિધાના મહત્વપૂર્ણ પ્રોજેક્ટસ અંગેની વિગતો આપતા જણાવવામાં આવ્યું હતું કે, અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસવેની ૯૫ ટકા કામગીરી પૂરી થઈ ગઈ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે બાકી રહેલી કામગીરી અંગેની વિગતો મેળવવા સાથે આ કામો સમય બદ્ધ અને ગુણવત્તા યુક્ત પૂર્ણ થાય તે માટે માર્ગદર્શન આપ્યું હતું. ધોલેરામાં રોડ રસ્તા, અંડર ગ્રાઉન્ડ ફેસીલીટીઝ, પ્લગ એન્ડ પ્લે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની તમામ સુવિધા પુરી થઈ ગઈ છે અને વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ, સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ, કોમન એફ્લ્યુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તેમજ ICT ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ABCD બિલ્ડીંગ જેવી માળખાકીય સુવિધાના કામો પણ પૂર્ણ થઈ ગયા છે. તેમજ ૩૦૦ મેગા વોટનો સોલાર પાર્કની પણ કામગીરી પૂરી થઈ છે તેની વિગતો મુખ્યમંત્રી સમક્ષ ઝઈ શ્રી કુલદીપ આર્યએ આપી હતી. ધોલેરા SIRમાં જે કાર્યો પ્રગતિ હેઠળ છે તેની વિગતો પ્રેઝન્ટેશનમાં આપતા જણાવવામાં આવ્યું હતું કે, ભીમનાથ ધોલેરા ફ્રેઈટ રેલ્વેલાઈન, ૧૯૨ બેડની હોસ્પિટલ, ૧૨માં ધોરણ સુધીની શાળા, ફાયર સ્ટેશન અને ઈન્વેસ્ટર્સ માટે આવાસીય સુવિધાના કામો હાલ ચાલી રહ્યા છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતને વિશ્વનું સેમિકન્ડકટર હબ બનાવવાની નેમ રાખી છે. ગુજરાત પણ તેમાં સૂર પુરાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં દેશનું સેમિકન્ડકટર બનવા માટે સેમિકન્ડકટર ઉત્પાદનની ઈકો સિસ્ટમ સાથે સજ્જ છે. આ સંદર્ભમાં મુખ્યમંત્રીશ્રીના દિશાદર્શનમાં ધોલેરા સ્માર્ટ સિટીને “સેમીકોન સિટી” તરીકે વિકસાવવાનું રાજ્ય સરકારનું આયોજન છે.

રાજ્ય સરકારે ધોલેરા સ્માર્ટ સિટીમાં સેમિકન્ડકટર ઉત્પાદન ઈકો સિસ્ટમ ઊભી કરવાની જે મુહિમ ઉપાડી છે તેમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના સેમિકન્ડકટર નિર્માતા ઉદ્યોગ-કંપનીઓ પોતાના યુનિટસ સ્થાપી રહી છે. ધોલેરા SIR ખાતે પ્રગતિમાં હોય તેવા ૧૨ જેટલા પ્રોજેક્ટસ ડેવલપર્સે પણ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ સમક્ષ પોતાના પ્રોજેક્ટસની પ્રગતિ તેમજ બાંધકામ આયોજન સહિતના ભવિષ્યના રોડમેપનું પ્રેઝન્ટેશન કર્યું હતું.

### આ પહેલા તેના પુત્રની અટકાયત કરી હતી

# ચંડોળા તળાવને મિની બાંગ્લાદેશ બનાવનાર લલ્લા બિહારીની અટકાયત

### રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ લલ્લા બિહારીને ઝડપી પાડવા માટે ૭૨ કલાકનું અલ્ટિમેટમ આપ્યું હતું

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।



અમદાવાદના ચંડોળા તળાવને મિની બાંગ્લાદેશ બનાવનાર લલ્લા બિહારીની આખરે ધરપકડ થઈ છે. રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ કુખ્યાત લલ્લા બિહારીને પકડવા માટે ૭૨ કલાકનું અલ્ટિમેટમ આપ્યું હતુ. ગુજરાત પોલીસે તે પહેલા જ તેને દબોચી લીધો છે.

અમદાવાદ ક્રાઈમ બ્રાંચે લલ્લા બિહારીની રાજસ્થાનમાંથી અટકાયત કરી છે. આ પહેલા તેના પુત્ર ફતેહની પણ ક્રાઈમ બ્રાંચે ધરપકડ કરીને રિમાન્ડ મેળવ્યા છે. અમદાવાદ પોલીસે લલ્લાના ગોડાઉન તેમજ ઘરમાં તપાસ કરીને તેની પત્નીઓ અને પુત્રવધુની પૂછપરછ કરી હતી. પોલીસને લલ્લાના ઘર અને ગોડાઉનની તપાસ દરમિયાન લાખોની વસ્તુઓ સહિત વિવિધ બેંકની પાસબુક પણ મળી આવી છે. આ સર્ચ દરમિયાન ૯ લાખ રોકડ રકમ, સોનાના દાગીના, હિસાબી ચોપડા, બેંકની પાસબુક સહિતની વસ્તુઓ મળી આવી છે. આ સાથે જ ઈસનપુર અને દાણીલીમડામાં પણ પોલીસે તપાસ હાથ ધરી હતી.

ક્રાઈમ બ્રાન્ચના DCP, અજિત રાજીયાને થોડા દિવસ પહેલા આ કેસની માહિતી આપતા જણાવ્યું હતુ કે, લલ્લાભાઈ અને ફતેહ - આ પિતા પુત્ર રાજસ્થાનના વતની છે. પહેલા આ બિહાર બાજુ પણ રહીને આવ્યો છે. ત્યાંથી પિતા અને પુત્ર શીખીને આવ્યા હતા કે, આર્થિક લાભ કઈ રીતે લઈ શકાય. અહીં આવીને ધીમે ધીમે તેમનું વર્ચસ્વ વધતું ગયું. તેમની સામે કેટલીક અરજીઓ દાખલ થયેલી છે. લલ્લાભાઈ વિરુદ્ધ ગુના પણ દાખલ છે. ધીમે ધીમે આ લોકોની આ વિસ્તારમાં માથાભારે તરીકેના ઈસમ તરીકેની છાપ ઊભી કરી હતી. જે કોઈ લોકો તેમની પાસે આવતા હતા તેમના માટે ગેરકાયદેસર વસવાટ કરવા હેતુ ભાડાની ઉઘરાણી કરતા હતા. આ ભાડા અને પૈસાનો હિસાબ રાખતા હતા તે પુરાવા પણ અમને મળ્યા છે. તેમણે વધુમાં જણાવ્યું હતુ કે, દેહ વેપાર અંગે પણ અમને પુરાવા મળ્યા છે. જેથી રિમાન્ડમાં આ મુદ્દે પણ પૂછપરછ કરવામાં આવશે. આ કેસમાં પાંચ મુખ્ય આરોપી છે જેમાં બે મુખ્ય આરોપી લલ્લાભાઈ અને તેમના પુત્ર ફતેહ છે. વીસેક વર્ષથી તેઓ અહીં રહે છે. એમના ત્રણ મકાન મળ્યા છે. તેમની મિલકત પર કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

### ફરી દબાણ ના થાય તે માટે AMCની કવાયત

# ચંડોળા તળાવ ફરતે પ્રોટેક્શન વૉલ બનાવવાની કામગીરી શરૂ

### હવે કોર્પોરેશન દ્વારા ચંડોળા તળાવની ફરતે રૂ.૩ કરોડના ખર્ચે પ્રોટેક્શન વોલ બનાવવાની કામગીરી શરૂ કરાઈ

। (એજન્સી) અમદાવાદ, તા.૨ ।

અમદાવાદના ચંડોળા તળાવમાં ગેરકાયદે બાંધકામ કરાયેલી ૧.૫ લાખ ચોરસ મીટર સરકારી જમીન બે દિવસમાં દબાણો દૂર કરીને જગ્યા ખુલ્લી કરવામાં આવી હતી. જ્યારે હવે કોર્પોરેશન દ્વારા ચંડોળા તળાવની ફરતે રૂ.૩ કરોડના ખર્ચે પ્રોટેક્શન વૉલ બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. અમદાવાદના ચંડોળા તળાવમાં મેગા ડિમોલિશનની કામગીરી કરીને તંત્રએ ૪૦૦૦ જેટલા ઝુંપડા, નાના-મોટા મકાનો તોડી પાડવામાં આવ્યા છે. જ્યારે આ જગ્યા પર ફરીથી દબાણો ન થાય તે માટે કોર્પોરેશન દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે, ત્યારે ચંડોળા તળાવની ફરતે પ્રોટેક્શન વૉલ બનાવવાની કામગીરી શરૂ કરાઈ છે. જેમાં ૩ કરોડના ખર્ચે ૫ કિલોમીટરની બનાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે. જ્યારે કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશનર દ્વારા તળાવની બાઉન્ડ્રી નક્કી કરવામાં આવી નથી. તેવામાં કોર્પોરેશન દ્વારા ચંડોળા તળાવ ફરતે પ્રોટેક્શન વૉલ બનાવવાની કામગીરી શરૂ કરી છે.

અમદાવાદના ચંડોળા તળાવની જગ્યામાં થતા ગેરકાયદે બાંધકામને મંગળવારે ૧ લાખ ચોરસ મીટર જગ્યા ખુલ્લી કર્યા પછી બીજા દિવસે માત્ર ૫૦ હજાર ચોરસ મીટર જગ્યા ખાલી કરતા બે દિવસમાં માત્ર ૧.૫ લાખ ચોરસ મીટર સરકારી જમીન જ ખુલ્લી કરાવી હતી. ત્યારબાદ ત્રીજા દિવસે પણ ડિમોલિશનની કાર્યવાહી કરવામાં આવી હતી.

### દાણીલીમડાથી નારોલ સર્કલ સુધી રોડ રોકીને વિરોધ નોંધાવ્યો હતો

# રસ્તો રોકીને ડિમોલિશનનો વિરોધ કરતા વધુ ૧૦ સામે ગુનો દાખલ, કુલ ૧૧ પકડાયા

### ટોળામાં રહેલા કેટલાક અસામાજિક તત્ત્વોએ BRTS, AMTS અને રાહદારીઓના વાહનોને રોક્યા હતા

। (માહિતી) અમદાવાદ, તા.૨ ।

ચંડોળા તળાવમાં બાંગ્લાદેશીના ગેરકાયદે રહેણાક મકાન પર રાજ્ય સરકારનું બુલડોઝર છેલ્લા ૪૮ કલાકથી અવિરત ચાલી રહ્યું છે. તેથી ઘણાંખરાં રાજકીય નેતાઓના પેટમાં દુખાવો થયો છે. સાથેસાથે બાંગ્લાદેશીઓની પડખે ઊભા રહેનારા અસામાજિક તત્ત્વોએ બુધવારે દાણીલીમડા સર્કલથી નારોલ ચાર રસ્તા સુધીનો રોડ રોકી લીધો હતો. બનાવના પગલે પોલીસે ઘટનાસ્થળે પહોંચીને રસ્તો રોકી વિરોધ નોંધાવી રહેલા અસામાજિક તત્ત્વોને હટાવીને ૧૦ની સામે નામજોગ ગુનો નોંધીને ૭ આરોપીની ધરપકડ કરી છે. ત્યારે અગાઉ ૪ આરોપીની ધરપકડ થતા કુલ ૧૧ આરોપીની અત્યાર સુધીમાં ધરપકડ થઈ છે.ચંડોળા તળાવમાં ગેરકાયદે વસાહતો ઊભી કરીને વસવાટ કરતા બાંગ્લાદેશીઓના મકાન પર સરકાર દ્વારા બુલડોઝર ફેરવી દેવાની કામગીરી છેલ્લા ૪૮ કલાકથી ચાલી રહી છે. દબાણ હટાવવાની કામગીરીમાં અવરોધ ઊભો કરવા અને વિરોધ પ્રદર્શન કરવા માટે ગત રોજ દાણીલીમડાથી નારોલ સર્કલ તરફના રસ્તા પર અંદાજે ૧૦૦ માણસોનું ટોળું રસ્તા પર આવી ગયું હતું. ટોળામાં રહેલા કેટલાક અસામાજિક તત્ત્વોએ મ્હૃજી, છસ્જી અને રાહદારીઓના વાહનોને રોક્યા હતા. દાણીલીમડા પોલીસના સ્ટાફ ગણતરીની મિનિટોમાં આવી પહોંચ્યો હતો અને રસ્તો રોકીને બેઠેલા ટોળાને હટાવીને રાહદારીઓ માટે રસ્તો ખુલ્લો કરાવી દીધો હતો. આ મામલે દાણીલીમડા પોલીસે દિનમોહમદ શેખ, નુરમોહમદ શેખ, સલામન ગુલઝાર, બાબા અંસારી, સમીરભાઈ, સબીરભાઈ, ફરહાન, ફિરોજ તથા સાબિર પઠાણ સામે નામજોગ ગુનો નોંધીને અત્યાર સુધીમાં કુલ ૧૧ આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

## વય નિવૃત્તિ સન્માન સમારોહ મહાપુર



તસ્વીર : ભરતભાઈ પંડ્યા, દિવડા કોલોની

। (પ્રતિનિધી) દિવડા કોલોની, તા.૨ ।

મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાના મહાપુર પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષક તરીકે ફરજ બજાવતા નિરંજનાબેન રસિકલાલ પાઠક નો વય નિવૃત્તિ સન્માન સમારંભ તારીખ ૨/૫/૨૫ ને શુક્રવારના રોજ પ્રાથમિક શાળામાં રાખવામાં આવેલ હતો. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના, સ્વાગત ગીત તેમજ દીપ પ્રાગટ્યથી કરવામાં આવેલ હતી. નિવૃત્ત થનાર શિક્ષકને સન્માન પત્ર ઈનાયત કરાયું હતું. તદુપરાંત શ્રીફળ તેમજ મોમેન્ટો આપી તેઓની સેવાઓને બિરદાવવામાં આવી હતી. ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તેઓ દ્વારા ભાવભીની વિદાય આપવામાં આવી હતી. કાર્યક્રમનું સંચાલન તેમજ આભાર વિધિ નિવૃત્ત શિક્ષક શ્રી પરષોત્તમભાઈ દ્વારા કરવામાં આવેલ હતી કાર્યક્રમના અંતે ભોજન પ્રસાદીનું આયોજન કરાયું હતું.

### પતિના મૃત્યુ બાદ મહિલા યુવક સાથે દસ વર્ષથી રહેતી હતી

# નારોલમાં સગીર દીકરી પર દુષ્કર્મ ગુજારનારા સાવકા પિતાની ધરપકડ

### સગીરાને માર મારીને ધમકાવવામાં આવતી હતી કે જો કોઈને કહીશ તો જાનથી મારી નાખીશ

। (માહિતી) અમદાવાદ, તા.૨ ।

નારોલમાં રહેતી મહિલાના પતિના અવસાન બાદ તેની બે દીકરીને પિતાની છત્રછાયા મળી રહેશે તેમ વિચારી એક યુવક સાથે પતિ-પત્નીના સંબંધે રહેતી હતી. પરંતુ નીચલી માનસિકતાના સાવકા પિતાએ તેની જ સગીર દીકરી સામે નજર બગાડી અને કોરોના કાળમાં તકનો લાભ લઈને સગીર દીકરી સાથે સાવકા પિતાએ દુષ્કર્મ આચર્યું અને રોજ-બરોજ સગીરાને શારીરિક છેડછાડ કરતા હતા. સગીરાને માર મારીને ધમકાવવામાં આવતી હતી કે જો કોઈને કહીશ તો જાનથી મારી નાખીશ. દીકરીએ કંટાળીને ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં જાણ કરીને માતા સાથે સાવકા પિતા વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે નરાધમ પિતાની ધરપકડ કરી છે.નારોલમાં રહેતા સુષ્માબેને (ઓળખ છૂપાવવા નામ બદલેલ છે) એક યુવક સાથે લગ્ન કર્યા હતા. જેના થકી મહિલાએ બે દીકરીને જન્મ આપ્યો હતો. અગમ્ય કારણોસર મહિલા પતિનું આકસ્મિક કુદરતી મોત નીપજ્યું હતું. ત્યારબાદ મહિલા તેની સગીર વયની બંને દીકરીને લઈને દસ વર્ષથી પતિ પત્ની તરીકે એક યુવક સાથે ભાડાના મકાનમાં રહેતી હતી. ગત ૨૯ એપ્રિલે મહિલા કામકાજથી ઘરે આવી ત્યારે તેની સગીર દીકરી કોઈની સાથે ફોનમાં વાતચીત કરતી હતી. માતાએ પૂછતા સગીર દીકરીએ જણાવ્યું કે ૧૮૧ મહિલા હેલ્પલાઈનમાં તેણીએ ફોન કર્યો છે. માતાએ કારણ પૂછતા સગીરા ભાગી પાડી અને હકીકત જણાવી કે પપ્પા તેની સાથે ખરાબ કૃત્ય કરે છે. કોરોના સમયે પણ અનેક વખત તેની સાથે દુષ્કર્મ આચર્યું ચુક્યા છે.

